MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૧૫-૦૬-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 રાહ જુઓ પીઓકેમાંથી જ ભારત સાથે રહેવાની માંગ ઉઠશેઃ રાજનાથ સિંહ

7 કલ્પતરુ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ કાંડમાં રકમ હજુ વધશે, સીઆઈડીએ કરી 3 અધિકારીઓની ધરપકડ

10 મહામારી સામે લડવા રૂપાણી સરકારએ આપ્યો મહામંત્ર-'યોગ કરીશું કોરોના ભગાડીશું'

12 સુરતમાં કોરોનાથી પ્રથમ પોલીસ જવાનનું મોત, પોઝિટિવ કેસનો આંક ૨૭૬૩ પર પહોંચ્યો

૫ દિવસ ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી

ધમાકેદાર બેટિંગ સાથે રાજ્યમાં 'ચોમાસા'ની વિધિવત્ એન્ટ્રી

છેલ્લા ૨૪ કલાકમાં ૭૫ તાલુકામાં મેઘાની મહેરઃ સૌથી વધુ દહેગામમાં ૩ ઈંચ વરસાદ ખાબક્યો, સાબરકાંઠાના તલોદમાં ૨.૪, જસદણ પંથકમાં ૧ ઈંચ, ગોંડલ અને રાજકોટમાં ધોધમાર, ગઢડામાં સવા ઈંચ, બાબરા પંથકમાં બે ઈંચ વરસાદ, અમરેલી જિલ્લામાં નદીઓમાં પૂર આવ્યા,અસંખ્ય વૃક્ષો ધરાશયી : અમદાવાદમાં વીજળીના કડાકા સાથે ધોધમાર ૨ ઈંચ વરસાદ પડતાં ઠેર-ઠેર ભરાયા પાણીઃ પ્રિ-મોન્સૂન પ્લાનનું સૂરસૂરિયું

ગાંધીનગર

કેરળમાં આ વખતે ચોમાસું ૧ જૂનના રોજ સમયસર પહોંચ્યાના. બે સપ્તાહમાં મેઘરાજાએ ગુજરાતમાં પણ સમયસર પધરામણી કરી હોય તેમ અમદાવાદ સહિત લગભગ સમગ્ર ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ ગઈ હોવાના દ્રશ્યો સર્જાયા હતા. સમયસર વરસાદ આવી પહોંચતા જગતના તાત એવા ખેડૂત આલમમાં પણ ખુશીની લહેર જોવા મળી હતી. અમદાવાદ, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતમાં વડોદરા-દાહોદ વગેરેમાં વરસાદ નોંધાયો હતો. અમદાવાદમાં તો આજે વહેલી સવારે શહેરમાં વીજળીના કડાકા-ભડાકાની સાથે જોરદાર પડેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં મધ્યમથી ભારે વરસાદ પડવાની આગાહી કરી છે. રવિવારે સવારે પડેલા વરસાદ સાથે સત્તાવાર રીતે ચોમાસું બેસી ગયું હોય તેમ જનમાનસમાં છાપ જોવા મળી હતી. ભારે વરસાદના કારણે રસ્તાઓ, ખેતરો સહિતની જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે. સાથે સાથે મધ્ય ગુજરાતમાં આગામી ૪૮ કલાક વરસાદી માહોલ રહેશે. અમદાવાદ, ગાંધીનગરમાં પણ ભારે વરસાદની આગાહી છે સાથે સાથે વલસાડ, નવસારી, ડાંગમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. વડોદરા અને સુરતમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડશે.

ભાવનગર, ગીર સોમનાથ, પોરબંદરમાં ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રમાં ૫ દિવસ સુધી વરસાદની આગાહી કરી છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૫ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ ધંધુકામાં ૪ ઈંચ વરસાદ, ખેડામાં ૨ અને ગઢડામાં ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. દહેગામમાં ૩ ઈંચ વરસાદ નોધાયો છે. સાબરકાંઠાના તલોદમાં ૨.૪ અને અમદાવાદના સિટી વિસ્તારમાં ૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. ત્યારબાદ કચ્છ, વલસાડ, સુરત, આણંદ, અરવલ્લી, છોટા ઉદેપુર, મહેસાણા સહિતમાં અડધાથી એક ઈંચ જેટલો વરસાદ વર્સ્યો છે. કચ્છમાં નખત્રાનામાં સૌથી વધુ ૪૯ મી.મી વરસાદ પડ્યો છે. વરસાદ થતા અનેક વિસ્તારમાં પાણી ભરાયા છે. રસ્તા પર પાણી ભરાતા વાહન ચાલકોને પરેશાની થઈ રહી છે.

અમદાવાદમાં આજે રવિવારે પરોઢિયે અમદાવાદીઓ ઘસઘસાટ ઉંઘી રહ્યાં હતા ત્યારે આકાશમાં કાળાડિબાંગ વાદળો વચ્ચે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. જોરદાર પવન ફૂંકાયા બાદ આકાશમાં વીજળીના ચમકારા સાથે વરસાદ વરસી રહ્યો હતો. દિવસ દરમિયાન ભારે ઉકળાટ તેમજ બફારા પછી પડેલા અમી છાંટણાથી

અનુસંધાન પાના નં. ૯

પ.૨૫ લાખ વિદ્યાર્થીઓએ આપી હતી પરીક્ષા

આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ

ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, આવતીકાલે ધોરણ-૧૨નું સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવશે. જેમાં પ.૨૫ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેઠા હતા.આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાય લક્ષી પ્રવાહ, ઉ .બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત માધ્યમની માર્ચ ૨૦૨૦નું પરિણામ જાહેર થશે. સોમવારે પરિણામ ઓનલાઈન જાહેર કરવામાં આવશે. સવારે ૮ વાગે બોર્ડની વેબસાઈટ www. gseb. org પર જોઈ શકાશે. આ પહેલા ધોરણ.૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જે રાજ્યભરમાં ૬૦.૬૪ ટકા રહ્યું હતું. ગત વર્ષ કરતા આ લગભગ ૫ ટકા ઓછું પરિણામ હતું. જ્યારે ધોરણ ૧૨ સાયન્સના પરિણામની વાત કરીએ તો રાજ્યભરમાં ધોરણ-૧૨ સાયન્સનું ૭૧.૩૪ ટકા પરિણામ નોંધાયું હતું. તાજેતરમાં જ ધોરણ ૧૨ સાયન્સ અને ધોરણ ૧૦નું પરિણામ જાહેર થઈ ગયું હતું. જેના બાદ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની રાહ જોવાઈ રહી હતી. જેથી આવતીકાલે વિદ્યાર્થીઓ માટે મોટો દિવસ બની રહેશે.

સુશાંત સિંહ રાજપૂતે ફાંસો ખાઈ આત્મહત્યા કરી : મુંબઈના બાંદ્રા સ્થિત ફ્લેટમાં શબ મળ્યું

ફિલ્મ 'છિછોરે'માં એક એવા પિતાનો રોલ પ્લે કર્યો હતો, જે આત્મહત્યાનો પ્રયાસ કરતાં દીકરાને ડિપ્રેશનમાંથી બહાર લાવે છે

મુંબઈ

સુશાંત સિંહ રાજપૂતે આજે એટલે કે ૧૪ જૂનના રોજ મુંબઈમાં પોતાના ફ્લેટમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી હતી. કહેવાય છે કે સુશાંતના નોકરે આ અંગેની માહિતી પોલીસને આપી હતી. ૩૪ વર્ષીય



સુશાંતના સુસાઈડ પહેલાં તેની પૂર્વ મેનેજર દિશાએ મલાડમાં ૧૨મા માળેથી કૂદીને આત્મહત્યા કરી હતી : સુશાંત છેલ્લે નેટફ્લિક્સ પર આવેલી ફિલ્મ 'ડ્રાઈવ'માં જોવા મળ્યો હતો

સુશાંતે આત્મહત્યા કેમ કરી તેને લઈ હજી સુધી કોઈ કારણ સામે આવ્યું નથી. આઠ જૂનના રોજ સુશાંતની પૂર્વ મેનેજરે દિશાએ બિલ્ડિંગ પરથી કૂદીને આત્મહત્યા કરી હતી.. એક ચર્ચા પ્રમાણે, સુશાંત છેલ્લાં છ મહિનાથી ડિપ્રેશનની સારવાર કરાવતો હતો.

સુશાંતની બૉડીને સૌ પહેલાં તેના નોકરે પંખા સાથે લટકતી હાલતમાં જોઈ હતી. પછી પોલીસને માહિતી આપી હતી. કહેવાય છે કે નોકરે દરવાજો તોડવાનો પ્રયાસ કર્યો

અનુસંધાન પાના નં. ૯

વાઈએસઆર કોંગ્રેસના મહાસચિવ વિજય સાંઈ રેડ્ડીનો દાવો

ટીડીપી પ્રમુખ ચંદ્રબાબુ નાયડુ દેશ છોડીને ભાગી જવાની ફિરાકમાં

અમરાવતી

કોરોનાના સંક્રમણ વચ્ચે આંધ્ર પ્રદેશમાં સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે જોરદાર ખેંચમતાણ ચાલી રહી છે. રાજ્ય પ્રશાસને ભ્રષ્ટાચારના આરોપસર ટીડીપીના બે મોટા નેતાઓની ધરપકડ કરી છે. ત્યારે ટીડીપી દ્વારા જગન મોહન સરકાર ટીડીપીના નેતાઓ વિરૂદ્ધ બદલાની કાર્યવાહી કરી રહી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

વાઈએસઆર કોંગ્રેસના મહાસચિવ વિજય સાંઈ રેડ્ડીએ એક ટ્વિટમાં ટીડીપી પ્રમુખ ચંદ્રાબાબુ નાયડુ દેશ છોડીને ભાગી જવાની તૈયારીમાં હોવાનો દાવો કર્યો છે. તેમણે ટ્વિટમાં લખ્યું હતું કે, 'ચંદ્રાબાબુ નાયડુએ દેશમાંથી ફરાર એક બિઝનેસમેનનો સંપર્ક કર્યો છે જે હાલ લંડનમાં છે. નાયડુ તે બિઝનેસમેન પાસેથી દેશ છોડીને ભાગવાનો સારો ઉપાય જાણવા માંગતા હતા.

YSRCPના ચીફ વ્હિપ જી શ્રીકાંત રેડ્ડીએ ચંદ્રાબાબુ નાયડુ ભ્રષ્ટાચારમાં પોતાનો રોલ જાહેર થવાની આશંકાથી ડરેલા છે માટે પોતાની પાર્ટીના નેતાઓની ધરપકડ પર વિલાપ કરી રહ્યા છે તેવો દાવો કર્યો હતો.

આ તરફ વાઈએસઆર

અનુસંધાન પાના નં. ૯

બે દિવસમાં કોરોના ટેસ્ટિંગ વધારીને બમણાં કરાશે

દિલ્હીને મળશે ૫૦૦ રેલ્વે કોચ, કન્ટેનમેન્ટ ઝોનમાં દરેક ઘરનો સર્વે થશેઃ શાહ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ સંક્રમણના જે ઝડપથી દિલ્હીમાં કેસ વધી રહ્યા છે તે અંગેની ચિંતાઓ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીના ઉપરાજ્યપાલ અનિલ બૈજલ, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સાથે હાલાત પર ચર્ચા કરવા માટે આજે બેઠક કરી. બેઠકમાં દિલ્હીમાં વૈશ્વિક મહામારીને પહોંચી વળવા, હોસ્પિટલોમાં બેડની ઉપલબ્ધતા, તપાસની સુવિધાઓ અને સ્વાસ્થ્ય સંબંધી અન્ય માળખાગત સુવિધાઓમાં સુધાર પર ચર્ચા થઈ. બેઠકમાં દિલ્હીની જનતાની સુરક્ષા અને સંક્રમણને રોકવા માટે લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયોની જાણકારી ગૃહ મંત્રી અમિત શાહે ટ્વિટ કરીને આપી. તેમણે બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો અંગે અનેક ટ્વિટ કર્યા.

- દિલ્હીમાં કોરોનાથી સંક્રમિત દર્દીઓ માટે બેડની અછતને જોતા કેન્દ્રની મોદી સરકારે તરત ૫૦૦ રેલવે કોચ દિલ્હીને આપવાનો નિર્ણય લીધો છે. આ રેલવે કોચથી દિલ્હીમાં ૮૦૦૦ બેડ તો વધશે જ પરંતુ સાથે સાથે કોચ કોરોના સંક્રમણથી લડવા માટે તમામ સુવિધાઓથી લેસ હશે.
- દિલ્હીના કન્ટેઈન્મેન્ટ ઝોનમાં કોન્ટેક્ટ મેપિંગ સારી રીતે થઈ શકે તે માટે ઘરે ઘરે જઈને દરેક વ્યક્તિનો વ્યાપક સ્વાસ્થ્ય સર્વે કરવામાં આવશે. જેનો રિપોર્ટ એક અઠવાડિયામાં આવી જશે. આ સાથે જ સારી રીતે મોનિટરિંગ થઈ શકે, તે માટે ત્યાં દરેક વ્યક્તિના મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવામાં આવશે.
- કોરોના સંક્રમણને રોકવા માટે આગામી બે દિવસમાં કોરોનાના ટેસ્ટિંગને વધારીને બમણા કરાશે. તથા

અનુસંધાન પાના નં. ૯

દેશમાં કોરોના ચરમસીમાએ,કુલ પોઝિટિવ કેસો ૩.૨૦ લાખને પાર

૨૪ કલાકમાં અધધ..૧૨ હજાર પોઝિટિવ કેસ, ૩૧૧ના મોત

દિલ્હીમાં તમામ મલ્ટીસ્પેશ્યાલિટી નર્સિંગ હોમને કોવિડ-૧૯ નર્સિંગ હોસ્પિટલ જાહેર કરાઈ

કુલ મૃત્યું પામેલા લોકોની સંખ્યા વધીને ૯,૧૯૫ થઈ, ભારતમાં કોરોનાથી થયેલા કુલ મોત પૈકીના ૨૩% મોત એકલા મુંબઈમાં નોંધાયા,મહારાષ્ટ્રમાં ૫૧ હજારથી વધુ કોરોનાના દર્દીઓ હોસ્પિટલમાં

ન્યુ દિલ્હી

કોરોના મહામારીએ બીજા તહક્કાના લોકલ ટ્રાન્મિશન બાદ હવે જાણે કે ત્રીજા તબક્કાના કોમ્યુનિટી ટ્રાન્મિશનની વાટ પકડી હોય તેમ કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. જો કે સત્તાવાળાઓ હજુ પણ કોમ્યુનિટી ટ્રાન્મિશનના ખતરનાક તબક્કાનો સતત ઈકાર કરી રહ્યાં છે. તો આજે રવિવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ દરમ્યાન કોરોના વાયરસના કેસમાં રેકોર્ડ વધારારૂપે ૧૨,૦૩૧ કેસો બહાર આવ્યાં હતા. અને ૩૧૧ લોકોના મોત નોંધાયા હતા. તે સાથે કુલ મૃત્યું પામેલા લોકોની સંખ્યા વધીને ૯,૧૯૫ થઈ હતી. તે સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૩ લાખ ૨૧ હજાર ૬૨૬ થઈ ગઈ છે. શનિવારે એક દિવસમાં સૌથી વધારે ૧૨ હજાર ૩૧ નવા કેસ આવ્યા હતા. બીજી બાજુ દિલ્હીમાં કોરોનાના સતત વધી રહેલા કેસને જોતા સરકારે ૧૦થી ૪૯ બેડની ક્ષમતાવાળી તમામ મલ્ટીસ્પેશ્યાલિટી નર્સિંગ હોમને કોવિડ-૧૯ નર્સિંગ હોસ્પિટલ જાહેર કરી છે. સરકારના જણાવ્યા પ્રમાણે આ નર્સિંગ હોમે ૩ દિવસની અંદર કોરોનાના દર્દીને દાખલ કરવા પોતાને તબીબી સુવિધાથી સજ્જ કરવાની રહેશે. આદેશનું પાલન નહીં કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. દરમ્યાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રીઓ સાથે ફરીથી વિડિયો બેઠક યોજવાના છે ત્યારે તેમાં વધતાં કેસોના સંદર્ભમાં કડક પગલા અંગે ચર્ચા થઈ શકે તેમ છે.

બીજી બાજુ દિલ્હીમાં કોરોનાની સ્થિતિ અંગે ગૃહ પ્રધાન અમિત શાહ, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, LG અનિલ બૈજલ સાથે આજે સવારે ૧૧ વાગે બેઠક યોજાઈ હતી. તેમા આરોગ્ય પ્રધાન હર્ષવર્ધન પણ હાજર રહ્યાં હતાં,. દિલ્હીમાં શનિવારે ૨,૧૩૪ દર્દી વધ્યા હતા. અત્યાર સુધીમાં રાજધાનીમાં સંક્રમિતોની સંખ્યા ૩૮ હજાર ૯૫૮ થઈ છે.

એક માહિતી અનુસાર, ભારતમાં કોરોનાથી થયેલા કુલ મોત પૈકીના ૨૩% મોત એકલા મુંબઈમાં નોંધાયા છે. મુંબઈનો ડેથ રેટ ૩.૬૮% છે જ્યારે અમેરિકાના ૨૨% મોત ન્યુયોર્ક શહેરમાં નોંધાયા છે અને ડેથ રેટ ૬.૪૧% છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ, કોરોના વાયરસના અત્યાર સુધી કુલ ૩,૨૦,૯૨૨ કેસ નોંધાયા છે જેમાંથી ૧,૪૯,૩૪૮ સક્રિય છે અને ૧,૬૨,૩૭૯ સાજા થઈ ગયા

અનુસંધાન પાના નં. ૯

રક્ષામંત્રીએ ભાજપની વર્ચ્યુઅલ જમ્મૂ સમૂહ સંવાદ રેલીને સંબોધિ

રાહ જુઓ પીઓકેમાંથી જ ભારત સાથે રહેવાની માંગ ઉઠશેઃ રાજનાથ સિંહ

ચીન સાથેનો સરહદ વાતચીત દ્વારા ઉકેલાશે,રાફેલ લડાકુ વિમાન વાયુસેનામાં જોડાતા જ તાકાતમાં વધારો થશે

ન્યુ દિલ્હી

કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથસિંહે કહ્યું છે કે પહેલા કાશ્મીરમાં પાકિસ્તાન અને આઈએસઆઈએસના ઝંડા લાગતા હતા પરંતુ હવે ત્રિરંગો લહેરાય છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ની વર્ચુઅલ જમ્મુ સમૂહ સંવાદ રેલીને સંબોધિત કરતા રાજનાથસિંહે કહ્યું કે અગાઉ કાશ્મીરમાં 'આઝાદી'ના નારા લગાવતા હતા. આર્ટિકલ ૩૭૦નો ઉલ્લેખ કરતા રાજનાથસિંહે કહ્યું કે હવે કાશ્મીર ખીણમાં ફક્ત ત્રિરંગો જ દેખાય છે.

રાજનાથસિંહે વધુમાં કહ્યું કે અગાઉ કાશ્મીરમાં 'કાશ્મીરની આઝાદી'ની માંગને લઈ દેખાવો થતા હતા. પાકિસ્તાન અને આઈએસઆઈએસના ધ્વજ દેખાતા હતા પરંતુ હવે ફક્ત ત્રિરંગો જ દેખાય છે. તેમણે વર્ષ ૧૯૪૭ માં કાશ્મીર ઘાટીમાં ત્રિરંગો લહેરાવનાર મોહમ્મદ મકબુલ શેરવાનીને પણ યાદ કર્યા અને શ્રદ્ધાંજલિ આપી. તાજેતરમાં આતંકવાદીઓ દ્વારા મારી નાંખવામાં આવેલા સરપંચ અજય પંડિતાની હત્યાની નિંદા કરતા રાજનાથ સિંહે કહ્યું કે કાયર હુમલામાં માર્યા ગયેલા સરપંચ અજય પંડિતાને હું શ્રદ્ધાંજલિ આપું છું. હું બારામુલ્લાના મોહમ્મદ મકબુલ શેરવાનીને પણ શ્રદ્ધાંજલિ આપું છું, જેમણે ૧૯૪૭ માં ખીણમાં ત્રિરંગો લહેરાવ્યો હતો. '

પીઓકે અંગે રાજનાથસિંહે કહ્યું કે થોડાંક દિવસ રાહ જુઓ પીઓકેથી તરફથી જ માંગ ઉઠશે કે અમે ભારત સાથે રહેવા માંગીએ છીએ, પાકિસ્તાનના કબજામાં નહીં. હું તમને કહેવા માંગુ છું કે જે દિવસે આ બનશે, અમારી સંસદનો પણ સંકલ્પ પૂરો થઈ જશે. હવામાન બદલાઈ ચૂકયું છે અને આપણી ચેનલો મુઝફ્ફરાબાદ-ગિલગિટનું તાપમાન સૂચવી રહી છે. આ દરમ્યાને જોતા હવે ઈસ્લામાબાદ પણ થોડુંક હરારત મહેસૂસ થવા લાગ્યું છે.

ચીન સાથે સરહદ વિવાદ અંગે સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે કહ્યું, 'ભારત અને ચીન વચ્ચે જે પણ વિવાદ ઉભો થયો છે, અત્યારે સૈન્ય સ્તરે વાતચીત ચાલી રહી છે. ચીને પણ એ ઇચ્છા વ્યક્ત કરી છે કે આનું સમાધાન ચર્ચા દ્વારા થવું જોઈએ. અમારી કોશિષ પણ એ છે કે સૈન્ય અને ડિપ્લોમેટિક સ્તર પર વાતચીત દ્વારા તેનું સમાધાન નીકળે.

રફાલ અને સૈન્ય તાકાતો અંગે રાજનાથસિંહે કહ્યું હતું કે, રાફેલ લડાકુ વિમાનમાં જોડાતા અમારી વાયુસેનાની તાકાતમાં વધારો થશે. આપણે કોઈને ડરાવવા માટે તાકાત વધારવા માંગતા નથી, પરંતુ આપણી સલામતી માટે તાકાત વધારવા માંગીએ છીએ.

ટ્રમ્પે નિભાવ્યુ વડાપ્રધાન મોદીને આપેલુ વચન

કોરોના જંગઃ અમેરિકાથી ૧૦૦ વેન્ટિલેટર આજે ભારત આવશે

ન્યુ દિલ્હી

કોરોનાથી જંગથી મદદ માટે અમેરિકાથી ૧૦૦ વેન્ટિલેટર સોમવારે ભારત પહોંચશે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વચન બાદ આ વેન્ટિલેટરોનું બેસબ્રીથી રાહ થઈ ગયુ હતુ. ઉચ્ચ તકનીકી વાળા આ વેન્ટિલેટરોને અમેરિકી ફર્મ જૉલે બનાવ્યુ છે અને શિકાગોથી ભારત મોકલવામાં આવી રહ્યા છે.

કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીએ શનિવારે જણાવ્યુ કે પહેલા જથ્થામાં ૧૦૦ વેન્ટિલેટર એક ઈન્ડિયાના વિમાનથી ભારત પહોંચશે. અહીં આવ્યા બાદ આઈઆરસીએસમાં એક નાનુ ઉદ્ઘાટન સમારોહ હશે.

જે બાદ વેન્ટિલેટર હોસ્પિટલમાં વહેંચવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પે ૧૬ મે એ ટ્વીટર લખ્યુ હતુ, મને એ વાત જણાવતા ગર્વ થઈ રહ્યો છે કે અમેરિકા પોતાના મિત્ર ભારતને મહામારી સામેની લડતમાં મદદ માટે વેન્ટિલેટર દાન કરશે. અમે આ મુશ્કેલ સમયમાં ભારત અને નરેન્દ્ર મોદી સાથે ઉભા છીએ.

અમે વેક્સિન બનાવવામાં પણ એકબીજાનો સહયોગ કરી રહ્યા છીએ. અમે બંને મળીને આ અદ્રશ્ય દુશ્મનને માત આપીશુ. ટ્રમ્પના આ ટ્વીટના જવાબમાં પીએમ મોદીનો આભાર પ્રકટ કરતા લખ્યુ હતુ, આવા મુશ્કેલ સમયમાં રાષ્ટ્રો માટે એકત્ર થવુ જરૂરી છે જેથી અમે વિશ્વને સ્વસ્થ અને કોરોના મુક્ત બનાવી શકીએ.



પશ્ચિમ બંગાળના નાદિયામાં શાંતિપુર ખાતે હૂગલી નદીમાં કૂદી રહેલો છોકરો. અહીં ચોમાસાના આગમનના સંકેત આપતા કાળાં વાદળ છવાયા હતા.

દુનિયાભરની સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીને રૂ.૧.૨૧ લાખ કરોડનું નુકસાન

કોરોનાને કારણે ભારતમાં રમતગમત માર્કેટને ૪૭૦૦ કરોડની ખોટ

નવી દિલ્હી

૧૬ મેના રોજ, જર્મન ફૂટબોલ લીગ બુન્દસલીગામાં એક સાથે ૬ મેચ રમવામાં આવી હતી. દર્શકો વગર રમાયેલી આ મેચોમાં ખેલાડીઓ અને ગ્રાઉન્ડ સ્ટાફ સહિત માત્ર ૨૧૩ લોકોને સ્ટેડિયમમાં આવવાની મંજૂરી આપવામાં આવી હતી. તે ફૂટબોલ વિશ્વની એકમાત્ર મોટી લીગ હતી જે કોરોનાના સમયમાં પ્રથમ શરૂ થઈ હતી. તાજેતરમાં જ આ લિસ્ટમાં સ્પેનિશ ફૂટબોલ લીગ 'લા લિગા'નું નામ જોડાયું છે અને આવતા અઠવાડિયાથી ઇટાલિયન અને ઈંગ્લિશ ફૂટબોલ લીગ શરૂ થવા જઈ રહી છે. આ તમામ લીગ પ્રેક્ષકો વિના રમાવાની છે. એક સવાલ ઉભો થાય છે કે જ્યારે મેચમાં કોઈ દર્શક ન હોય તો રમવાથી શું ફાયદો? તેથી તેનો સરળ જવાબ એ છે કે સ્પોર્ટ્સ ઉદ્યોગની આવકનો મોટો હિસ્સો સ્ટેડિયમના પ્રેક્ષકોનો નહીં પરંતુ પ્રસારણ અને રમતો સાથે સંકળાયેલા વિવિધ વ્યવસાયોથી આવે છે. આ જ કારણ છે કે આખા વિશ્વના દેશો હવે કોઈપણ પ્રેક્ષકો વિના રમતગમતની આ દુનિયાને ઝડપી બનાવવા માંગે છે.

આ પ્રકારનું સ્પોર્ટ્સ કોરોનાને લીધે અસ્થિર અર્થતંત્ર અને લોકોની નોકરીને અમુક અંશે ટેકો આપી શકે છે. તેમ છતાં, આ વર્ષે સ્પોર્ટ્સ ઉદ્યોગને મોટું નુકસાન વેઠવું પડી શકે છે. સ્પોર્ટસ વેલ્યુના એક રિપોર્ટ અનુસાર, સ્પોર્ટ્સ ઉદ્યોગને આ વર્ષે કોવિડ-૧૯ને કારણે ૧.૨૧ લાખ કરોડથી વધુનું નુકસાન સહન કરવું પડશે. ESPNના રિપોર્ટ અનુસાર, ફક્ત અમેરિકામાં જ રૂ. ૯ હજાર કરોડથી વધુનું નુકસાન થશે. ભારતમાં સ્પોર્ટ્સ અને સંબંધિત ઉદ્યોગોનો વ્યવસાય રૂ. ૩૦ હજાર કરોડથી વધુનો છે. તેના ઉપર સંકટના વાદળો ઘેરાયા છે. ૨૦૧૩થી ૨૦૧૬ની વચ્ચે ઓલિમ્પિકની કુલ માર્કેટિંગ રેવન્યુ ૭.૭ અબજ ડોલર હતી. આ વર્ષે તેની બ્રાન્ડ વેલ્યુ આશરે ૧૨.૬ અબજ ડોલરની હતી. પરંતુ, કોરોનાને કારણે, તે મુલતવી રાખવામાં આવ્યું છે અને આવતા વર્ષે યોજાનાર છે. આને કારણે એકલા જાપાનને ૫૬ હજાર કરોડનું નુકસાન સહન કરવું પડશે. ઓલિમ્પિક રમતો મુલતવી રાખવાના કારણે આયોજકોને રૂ. ૨૦ કરોડનો વધારાનો ખર્ચ સહન કરવો પડી શકે છે.

આ નુકસાનને પહોંચી વળવા માટે, આવતા વર્ષના ઓલિમ્પિક માટેના ખર્ચમાં ઘટાડો કરવાની યોજના પણ તૈયાર થઈ રહી છે. ઓલિમ્પિક ઓર્ગેનાઈઝિંગ કમિટીના અધ્યક્ષ, યોશીરો મોરીએ આ વાતની પુષ્ટિ કરી છે. બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયા (BCCI)ના પ્રમુખ સૌરવ ગાંગુલીએ ગયા ગુરુવારે કહ્યું હતું કે ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માટેના તમામ સંભવિત વિકલ્પોની ચર્ચા કરવામાં આવી રહી છે. ટુર્નામેન્ટ પણ દર્શકો વગર યોજાઈ શકે છે. કારણ કે BCCIને મળતી વાર્ષિક આવકનો મોટો હિસ્સો IPLમાંથી આવે છે. આ ટૂર્નામેન્ટની બ્રાન્ડ વેલ્યુ રૂ. ૪૭,૫૦૦ કરોડ છે. જો આ વખતે IPL નહીં થાય, તો ભારતીય ક્રિકેટ બોર્ડને રૂ. ૫૦૦૦ કરોડનું નુકસાન થઈ શકે છે.

નાગરિકોને પોતાના અભિપ્રાય આપવા આહ્વાન કર્યું

વડાપ્રધાન મોદી ૨૮મી જૂને મન કી બાત થકી દેશને સંબોધશે

ન્યુ દિલ્હી

દેશ કોરોના વાયરસના સંકટથી પસાર થઈ રહ્યો છે. કોરોના વાયરસને રોકવા માટે લોકડાઉન કરવામાં આવ્યું પણ હજુ કોરોના વાયરસ રોકાવાનું નામ નથી લેતો, જૂન મહિનાની શરૂઆતથી જ કોરોના વાયરસ રેકોર્ડ તોડી રહ્યો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮મી જૂને મન કી બાતના માધ્યમથી દેશને સંબોધિત કરશે.

રવિવારે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને જાણકારી આપતા કહ્યું આ મહીને મન કી બાત ૨૮મી તારીખે થશે. પણ આ ટ્વીટની સાથે તેમણે દેશના નાગરિકોને એક અપીલ પણ કરી. વડાપ્રધાન મોદીએ દેશના નાગરિકોને પોતાના અભિપ્રાય આપવા આહ્વાહન કર્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે આ મહીને મન કી બાત ૨૮મી તારીખે થશે. જોકે હવે તો બે જ સપ્તાહ બાકી છે છતાં તમે બધા પોતપોતાના અભિપ્રાય આપો અને વિચારો કહો જેથી વધુમાં વધુ જાણકારી સામે આવશે. મને ખબર છે કે તમારા બધા પાસે કોરોના વાયરસ સામે જંગ અને અન્ય વિષયો પર કહેવા માટે ઘણું બધું છે.

અન્ય એક ટ્વીટમાં પીએમ મોદીએ કહ્યું કે તમારા વિચારો જ મન કી બાત કાર્યક્રમની સૌથી મોટી તાકાત છે, તમે બધાએ તેમાં ૧૩૦ કરોડ નાગરિકોની શક્તિ બતાવી છે. કોરોના વાયરસ સામે જંગ લડી રહેલા ભારતીયો માટે ૧૮૦૦-૧૧-૭૮૦૦ નંબર પર પોતાનો મેસેજ રેકોર્ડ કરીને આપી શકે છે અથવા તો નમો એપના માધ્યમથી પણ પીએમ મોદીને સંદેશ આપી શકાય છે.

નોધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬ અને ૧૭મી જૂને કોરોના વાયરસ મુદ્દે દેશભરના મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કરવાના છે. આ ચર્ચા વીડિયો કોન્ફરેન્સિગના માધ્યમથી કરવામાં આવશે.

એટલાન્ટાના પોલીસ ચીફે રાજીનામું આપ્યું

વિરોધ પ્રદર્શનોની વચ્ચે અમેરિકામાં વધુ એક અશ્વેતની ગોળી મારી હત્યા

વોશિંગ્ટન

અમેરિકામાં જોર્જ ફ્લોડયની પોલીસ કસ્ટડીમાં મોત બાદ સમગ્ર દેશમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોની વચ્ચે વધુ એક અશ્વેતની ગોળી મારીને હત્યા કરવાની ઘટના સામે આવી છે.

અમેરિકાના એટલાન્ટામાં એક પોલીસ અધિકારીએ એક અશ્વેત વ્યક્તિની ધરપકડ કરવાના પ્રયાસ દરમિયાન ગોળી મારી દીધી હતી. જેના વિરોધમાં એટલાન્ટામાં વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયા છે. એટલાન્ટામા પોલીસ ચીફે તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. એટલાન્ટાના મેયરે આ જાણકારી આપી છે.

એટલાન્ટામાં માર્યા ગયેલા શખ્સની ઓળખ રેશોર્ડ બ્રૂક્સ તરીકે થઈ છે. રિપોર્ટ મુજબ, બ્રૂક્સ એક રેસ્ટોરન્ટની બહાર કામ ઊંઘી રહ્યો હતો, રેસ્ટોરન્ટના કર્મચારીઓને પોલીસને ફરિયાદ કરી હતી કે તેને કારણે અન્ય ગ્રાહકોની મુશ્કેલી પડી રહી છે. જયોર્જિયા બ્યૂરો ઓફ ઈનવેસ્ટિગેશન ડિરેક્ટર રેનોલ્ડ્સે જણાવ્યું હતું કે, સિક્યોરિટી કેમેરામાં જોઈ શકાય છે કે રેશોર્ડ બ્રૂક્સ એટલાન્ટા પોલીસથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેણે પોલીસ અધિકારીની લેઝર ગની પણ છીનવી લીધી હતી. ઝપાઝપી દરમિયાન પોલીસ અધિકારીએ તેના પર ફાયરિંગ કરી દીધું હતું.

યોગી સરકારે મુલાયમ સિંહ યાદવના પુત્રવધુ અપર્ણા યાદવને Y શ્રેણીની સુરક્ષા આપી

લખનૌ

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના સંસ્થાપક મુલાયમ સિંહ યાદવના નાના પુત્રવધુ અને નેતા અપર્ણા યાદવને યોગી સરકારે વાય શ્રેણીની સુરક્ષા આપી છે. એડીજી સુરક્ષા દ્વારા ગૃહ વિભાગ અનુભાગ-૧૬ના સંયુક્ત સચિવ સુનીલ કુમારે આ વિશે આદેશ જારી કર્યો છે.

પ્રતીક યાદવના પત્ની અપર્ણા યાદવ લખનૌની કેન્ટ સીટથી સમાજવાદી પાર્ટીની ટિકિટ પર ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા. અપર્ણાએ અગાઉ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે મુલાકાત કરી છે. તેઓ ઘણીવાર પીએમ મોદી અને સીએમ યોગીની પ્રશંસા કરતા રહે છે. અપર્ણા યાદવ યુપીના સીએમ યોગી આદિત્યનાથના કાર્યોના વખાણ કરી ચૂક્યા છે. અપર્ણાએ કહ્યુ હતુ કે સીએમ બન્યા છતાં યોગી આદિત્યનાથ જમીન સાથે જોડાયેલા છે. તેઓ મારા માટે ગુરૂ જેવા છે. સાથે જ હિંદુવાદી હોવુ કોઈ ગુનો નથી. તેઓ સમગ્ર પ્રદેશને સાથે લઈને ચાલનારા છે ધર્મ-જાતિ અને સમુદાયથી પર તેઓ હંમેશા તમામની મદદ માટે તત્પર રહે છે.

ઈ-લર્નિંગ માટે ૫૬ ટકા બાળકો પાસે સ્માર્ટફોન નથી

ન્યુ દિલ્હી

કોરોના લોકડાઉનને કારણે બાળકોને સ્કૂલ મોકલવા શક્ય નથી ત્યારે સરકાર તરફથી ઓનલાઈન શિક્ષણ આપવાની પહેલ કરવામાં આવી છે, પરંતુ અંદાજે ૫૬ ટકા બાળકો પાસે સ્માર્ટફોન જ ન હોવાનું જાણવા મળ્યું હતું. સર્વેક્ષણમાં વિવિધ સ્કૂલના ૪૨,૮૩૧ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો હતો.

બાળકોના અધિકાર માટે કાર્યકરતી બિનસરકારી સંસ્થા સ્માઈલ ફાઉન્ડેશન દ્વારા 'સિનારિયો એમિડસ્ટ કોવિડ-૧૯-ઓનગ્રાઉન્ડ સિચ્યુએશન એન્ડ પોસિબલ સોલ્યુશન' અભ્યાસ હાથ ધરાયો હતો. સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું કે ૪૩.૯૯ ટકા બાળકો સ્માર્ટફોનનો ઉપયોગ કરે છે અને અન્ય ૪૩.૯૯ ટકા વિદ્યાર્થીઓને સ્માર્ટફોનનું બેઝિક જ્ઞાન છે, જ્યારે ૧૨.૦૨ ટકા બાળકો સ્માર્ટફોન વાપરી શકતા નથી. કુલ ૫૬ ટકા બાળકો પાસે સ્માર્ટફોન જ નથી. 'ટેલિવિઝન અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઉ.કોરિયા-દ.કોરિયા વચ્ચેનો વિવાદ વધ્યો

કિમ જોંગ ઉનની બહેને દ.કોરિયાને સૈન્ય કાર્યવાહીની ધમકી આપતા ખળભળાટ

પ્યોંગયોંગ

ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચેનો સંઘર્ષ સમાપ્ત થવાનું નામ નથી લઈ રહ્યો ત્યારે આ બધા વચ્ચે ઉત્તર કોરિયાએ ફરી એક વખત દક્ષિણ કોરિયાને ધમકી આપી છે. ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉનની બહેન કિમ યો જોંગ દ્વારા દક્ષિણ કોરિયાને સૈન્ય કાર્યવાહીની ધમકી આપવામાં આવી છે.

હકીકતે કિમ યો જોંગ એવું માને છેકે સિયોલ દ્વિપક્ષીય સંબંધોના પતનનું કારણ છે અને તે સરહદ પર ઉત્તર કોરિયા વિરોધી ગતિવિધિઓને રોકવામાં અસમર્થ સાબિત થઈ રહ્યું છે.

કિમ યો જોંગે દક્ષિણ કોરિયાને દુશ્મન ગણાવ્યું હતું અને સાથે જ સિયોલ સરહદ પર નકામી થઈ ગયેલી લાઈજન ઓફિસને ધ્વસ્ત થતા જોશે તેવી ધમકી આપી હતી. સત્તાધારી વર્કર્સ પાર્ટીની સેન્ટ્રલ કમિટીની પ્રથમ વાઈસ ડિપાર્ટમેન્ટ ડિરેક્ટર કિમના કહેવા પ્રમાણે દક્ષિણ કોરિયા વિરૂદ્ધની આગળની કાર્યવાહીનો નિર્ણય સૈન્ય પ્રમુખો પર છોડી દેવામાં આવ્યો છે.

કિમ યો જોંગે જણાવ્યું કે, 'અમારા સર્વોચ્ચ નેતા તરફથી મળેલા અધિકારોનો પ્રયોગ કરીને મેં સૈન્ય પ્રમુખોને દુશ્મન દેશો વિરૂદ્ધ નિર્ણાયક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.' થોડા દિવસો પહેલા બંને દેશની સરહદો પર ઉત્તર કોરિયા વિરોધી બેનર ફરકાવવામાં આવ્યા હતા અને કિમ જોંગની ટીકા કરતા ફુગ્ગા પણ ઉડાડવામાં આવ્યા હતા જેથી ઉત્તર કોરિયા રોષે ભરાયું હતું અને કિમ યો જોંગે દક્ષિણ કોરિયાને ધમકી આપી હતી.

પાકિસ્તાનની નફ્ફટાઈઃ પૂંછ સેક્ટરમાં ફાયરિંગ, ૧ જવાન શહિદ, ૨ ઘાયલ

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના પુંછ સેક્ટરમાં પાકિસ્તાન તરફથી સવારથી જ ફાયરિંગ કરવામાં આવી રહ્યું છે. પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ફાયરિંગમાં એક જવાન શહીદ ઈ ગયો છે જ્યારે બે જવાન ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલ જવાનોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામનું સતત ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે.

મળતી જાણકારી મુજબ, પાકિસ્તાન તરફથી સવારથી જ પુંછ જિલ્લાના કિરની સેક્ટરના શાહપુરની પાસે નિયંત્રણ રેખા પર ફાયરિંગ કરવામાં આવી રહ્યું છે. પાકિસ્તાન તરફથી ચાલુ ફાયરિંગની ઝપટમાં આવવાથી એક જવાન શહીદ થઈ ગયો છે, જયારે બે ગંભીર રીતે ઘાયલ થયા છે. મળતી માહિતી મુજબ, પાકિસ્તાન તરફથી ભારતીય ઠેકાણાઓ પર મોર્ટારથી પણ હુમલો કરવામાં આવ્યો છે. ભારતીય સેના પણ પાકિસ્તાનની દરેક ગોળીનો જવાબ આપી રહી છે. આ અગાઉ પણ રાજૌરીના મંજાકોટ વિસ્તારમાં પાકિસ્તાન તરફથી કરવામાં આવેલી ફાયરિંગમાં જવાન શહીદ થયો હતો. આ ઉપરાંત એક સ્થાનિક નાગરિક પણ પાક. ફાયરિંગમાં ઘાયલ થયો છે. નોંધનીય છે કે, નિયંત્રણ રેખા પર છેલ્લા થોડાક સમયથી પાકિસ્તાની સેના તરફથી ભારે ફાયરિંગ કરવામાં આવી રહ્યું છે. જેનો ભારતીય સેના જડબાતોડ જવાબ આપી રહી છે.

અભિનેત્રી રામ્યા કૃષ્ણનની કારમાં ઝડપાયો ૧૦૦ વધારે બોટલ દારૂ

મુંબઈ

સાઉથની ફિલ્મોની જાણીતી અભિનેત્રી અને દુનિયાભરમાં સુપરહિટ રહેલી બાહુબલી સીરિજમાં શિવગામીની ભૂમિકા ભજવીને ફેમસ થયેલી અભિનેત્રી રામ્યા કૃષ્ણન અલગ પ્રકારની મુશ્કેલીમાં ફસાતી નજરે પડી રહી છે. ખરેખર ૧૧ જૂને ગુરુવારે તેની કારમાંથી ૧૦૦ થી વધુ બોટલ દારૂ ઝડપાયો હતો. દારૂની બોટલો કબજે કર્યા બાદ પોલીસે રામ્યાના ડ્રાઈવર સેલ્વાકુમારને પકડી પાડ્યો હતો. ચેન્નાઈની આવેલી આ ખબર જોતજોતામાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ છે.

મોંઘવારીની થપાટઃ પેટ્રોલમાં ૬૨ પૈસા અને ડીઝલમાં ૬૪ પૈસાનો વધારો

ન્યુ દિલ્હી

કોરોના સંકટ વચ્ચે જનતા પર મોંઘવારીની થપાટ પડી રહી છે. પેટ્રોલ ડીઝલના ભાવમાં સતત વધારો ચાલુ છે. દેશની સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ રવિવારે સતત આઠમા દિવસે પેટ્રોલ ડીઝલના ભાવ વધાર્યા છે. પેટ્રોલના ભાવમાં ૬૨ પૈસા અને ડીઝલના ભાવમાં ૬૪ પૈસાનો વધારો થયો છે. આ વધારો એવા સમયે થઈ રહ્યો છે કે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવમાં સતત ઘટાડો ચાલુ છે.

દિલ્હીમાં પેટ્રોલનો ભાવ ૬૨ પૈસા વધીને હવે ૭૫.૭૮ રૂપિયા પ્રતિ લીટર થયો છે. જ્યારે ડીઝલનો ભાવ ૬૪ પૈસા વધીને ૭૪.૦૩ રૂપિયા પ્રતિ લીટર થયો છે. મુંબઈમાં પેટ્રોલનો ભાવ ૮૨ રૂપિયા પાર ગયો છે. પ્રતિ લીટર ભાવ ૮૨.૭૯ રૂપિયા થયો છે. જ્યારે ડીઝલનો ભાવ પ્રતિ લીટર ૭૨.૬૪ રૂપિયા થયો છે. આ અગાઉ શનિવારે પણ પેટ્રોલના ભાવમાં ૫૯ પૈસાનો વધારો થયો હતો. જ્યારે ડીઝલના ભાવમાં ૫૮ પૈસાનો વધારો દિલ્હીમાં જોવા મળ્યો હતો.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

હાલ જરૂરી ચીજો બને


દેશમાં કોરોના વાયરસના કારણે કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. સંખ્યા ઝડપથી વધી રહી છે જે ચિંતા ઉપજાવે છે. કોરોનાના ફેલાવાને રોકવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં સ્થિતી જટિલ બની રહી છે. દરરોજ જે રીતે કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તે ચિંતાજનક છે. સવાલ એ થઈ રહ્યો છે કે સંકટમાંથી બહાર નિકળવા માટે અમારા હજુ સુધીના ઉપાય કેટલાક સફળ રહ્યા છે કે પછી તેની આશામાં અમે કેટલાક પગલા લઈ રહ્યા છીએ. આ તમામ લોકો કબુલ કરે છે કે દેશભરમાં તમામ વ્યવસ્થા શક્ય તેટલી વહેલી તકે કરવામાં આવી રહી છે. મોટી સંખ્યામાં ક્વોરેન્ટાઈન સેન્ટરો ઉભા કરવામાં આવ્યા છે. થોડીક પણ શંકા હોવાની સ્થિતીમાં વ્યક્તિને આઈસોલેશનમાં મોકલી દેવામાં આવે છે. કેટલાક લોકો તો સ્વસ્થ થઈને ઘરે પણ ગયા છે. પરંતુ ચિત્રની બીજી બાજુ એ છે કે અમારી પાસે મહામારીની સામે લડવા માટે પુરતા સાધનો નથી. ડોક્ટરો, નર્સ અને અન્ય મેડિકલ સ્ટાફના લોકો દિન રાત જોયા વગર કામ કરી રહ્યા છે. તેમને સુરક્ષા સાધનોની કમીનો સામનો કરવો પડી રહ્યો છે. આના કારણે માત્ર બિમારીથી લડવાને લઈને તકલીફ આવી રહી નથી બલ્કે આરોગ્ય કર્મચારીઓની સામે જાનનો ખતરો પણ તોળાઈ રહ્યો છે.જેમ કે હજુ મોટી સંખ્યામાં એન-૯૫ માસ્કની જરૂર દેખાઈ રહી છે. પરંતુ હાલમા તો સામાન્ય માસ્ક પણ પુરતી સંખ્યામાં મળી રહ્યા નથી. કેટલીક જગ્યાએ તો તબીબોને તેમના ગાઉન કેટલાક દિવસ સુધી સતત પહેરવાની ફરજ પડી રહી છે. જે વધારે ખતરનાક છે. હાસ્યાસ્પદ બાબત તો એ છે કે કેટલીક હોસ્પિટલોમાં તો તેમને રેનકોટ અને હેલ્મેટ પહેરીને કોરોના દર્દીની સારવાર કરવા માટે કહેવામાં આવ્યુ છે. નર્સોને પણ ગ્લવ્સ અને સેનેટાઈઝરની જરૂર પડી રહી છે. મુંબઈની એક હોસ્પિટલમાં સુરક્ષા સાધનોના નામ પર એચાઈવી સુરક્ષા સાધનો આપી દેવામાં આવ્ય છે. સરકારે કહ્યુ છે કે વિદેશમાંથી મોટા પાયે ચીજવસ્તુઓ માટે ઓર્ડર આપેલા છે. જો કે આ ચીજવસ્તુઓ ક્યારેય પહોંચી જશે તે અંગે હાલમાં વાત કરવી યોગ્ય નથી. એમ કહેવામાં આવી રહ્યુ છે કે તેમાં એક મહિનાનો સમય પણ લાગી શકે છે. જરૂર હાલમાં એ બાબતની રહેલી છે કે અમેરિકાની જેમ દેશની કેટલીક મોટી કંપનીઓને હાલમાં તેમની ખાસિયતને ધ્યાનમાં લઈને ઓછામાં ઓછા સમયમાં વેન્ટીલેટર જેવા જીવનરક્ષક સાધનો, સુરક્ષા સામગ્રી અને તપાસ કિટ બનાવવા માટેના કામ સોંપી દેવાની જરૂર છે. આના માટે સ્ટાફને પુરતા પ્રમાણમાં સુરક્ષા આપવામાં આવે તે જરૂરી છે. યુદ્ધકાળમાં આવી સ્થિતી સર્જાઈ જાય છે. આજે યુદ્ધકાળ કરતી ઓછી સ્થિતી નથી. આની સાથે સાથે અમને આ બાબતને યાદ રાખવાની જરૂર છે કે કોરાનાના કારણે અન્ય દર્દીઓની ઉપેક્ષા પણ કરવામાં ન આવે. દેશની કેટલીક હોસ્પિટલમાં તો બહારથી જ અન્ય દર્દીઓને પરત મોકલી દેવામાં આવી રહ્યા છે. જે યોગ્ય બાબત નથી. મોટા ભાગની જગ્યાએ બાળકો માટે રસીકરણની પ્રક્રિયા રોકાઈ ગઈ છે. આ બાબત યોગ્ય નથી. જો આવુ થશે તો દેશની સામે વધુ એક નવુ સંકટ આવી જશે. લોકડાઉનના એક સપ્તાહ બાદ જ દેશ સામે નવી સમસ્યા પણ ઉભી થવા લાગી છે.

કોરોનાની સ્થિતી વચ્ચે રોજ રોજ નવા સકંટ આવી રહ્યા છે : આરોગ્ય સેવા પર દબાણ

એલર્ટ : સ્વસ્થ થયેલા લોકોથી કેટલા દિવસ દુર રહેવાની જરૂર છે

કોરોના આટલા દિવસો શરીરમાં રહે છે

હાલમાં કોરોનાથી ગ્રસ્ત થયા બાદ અને સંપૂર્ણપણે રિકવર થયેલા લોકો પર અભ્યાસ કર્યા બાદ કેટલીક ઉપયોગી વિગત સપાટી પર આવી છે



ભારતમાં કોરોના વાયરસનો આતંક જારી રહ્યો છે. દુનિયાની સાથે સાથે હવે તો કોરોનાએ ભારતમાં પણ મજબુત રીતે પગ પેસારો કરી દીધો છે. કોરોના વાયરસથી બચવા માટે નિષ્ણાંતો દ્વારા વારંવાર નવી નવી માહિતી આપવામાં આવી રહી છે. હવે તબીબો દ્વારા પણ કેટલીક વાત વ્યાપક અભ્યાસ બાદ કરી છે જે તમામ માટે ઉપયોગી છે. કોરોના વાયરસની અસર થયા બાદ અને તે દર્દી સંપૂર્ણરીતે રિકવર થયા બાદ તેમના પર અભ્યાસ કર્યા બાદ તબીબો દ્વારા કેટલીક ચોંકાવનારી વિગત આપવામાં આવી છે. કોરોના વાયરસની સારવાર હાલમાં દુનિયાના તમામ દેશોમાં થઈ રહી છે. જે લોકોને સમય પર સારવાર મળી રહી છે તેમનામાંથી મોટા ભાગના દર્દીઓ સ્વસ્થ થઈ રહ્યા છે. આ રિકવર થયેલા લોકોને ધ્યાનમાં લઈને તબીબો દ્વારા એક અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. એક દર્દી ઈન્ફેક્શનગ્રસ્ત થયા બાદ કેટલા દિવસ સુધી વાયરસ ફેલાઈ શકે છે તેમાં વ્યાપક અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પહેલા કહેવામાં આવી રહ્યુહતુ કે એક વ્યક્તિ સ્વસ્થ થયા બાદ ૧૪ દિવસ સુધી ક્વોરેન્ટાઈનમાં રહે તે જરૂરી છે. જો કે નવેસરના અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે આ પગલુ ખતરનાક સાબિત થઈ શકે છે. કોરોના વાયરસના કારણે સ્વસ્થ થઈ રહેલા દર્દીઓની સંખ્યા તો ઓછી છે પરંતુ સતત અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. કોરોના વાયરસના એન્ટીડોડ બનાવવા પર કામ ચાલી રહ્યુ છે. અમેરિકન થોરેસિસ સોસાયટી પર જારી કરવામાં આવેલા એક અભ્યાસમાં કેટલીક વિગત આપવામાં આવી છે. ડાયગ્નોસિસ એન્ડ મેનેજમેન્ટ ઓફ કોવિડ-૧૯ ડીસીઝ નામથી પ્રકાશિત રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે કોઈ પણ કોરોના વાયરસથી ગ્રસ્ત વ્યક્તિ સ્વસ્થ થઈ ગયા બાદ તેને માત્ર ૧૪ દિવસ સુધી ક્વોરેન્ટાઈનમાં રાખવાની બાબત યોગ્ય રહેશે નહીં. આના કારણે ઈન્ફેક્શન ફેલાઈ જવાનો ખતરો વધી જાય છે. ઠીક થઈ ગયા બાદ ક્યાં સુધી વાયરસ રહે છે તેને લઈને અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા છે. કોરોના વાયરસથી સ્વસ્થ થઈ ગયા બાદ આશરે ૧૪ દિવસ ક્વોરેન્ટાઈનમાં રહેવા માટેની સલાહ આપવામાં આવે છે. જો કે તમને એક વાત જાણીને હેરાની થશે કે કોરોના વાયરસનો દર્દી સ્વસ્થ થઈ ગયા બાદ પણ કેટલાક દિવસ સુધી આ વાયરસ તેના શરીરમાં રહે છે. તબીબો દ્વારા આ અંગેની વાત કરવામાં આવી છે. અભ્યાસમાં તબીબોએ કહ્યુ છે કે કોરોના વાયરસથી ઠીક થયા બાદ આઠ દિવસ સુધી પણ તેના શરીરમાં વાયરસ રહે છે. તેના શરીરમાં ફ્લુ જેવા લક્ષણ ૧૪ દિવસ સુધી રહી શકે છે. કોરોના વાયરસના કારણે સ્વસ્થ થયેલા લોકોએ સાવધાની રાખવાની જરૂર છે. હોસ્પિટલમાંથી રજા મળી ગયા બાદ પણ કમ સે કમ ૨૦ દિવસ સુધી આ દર્દીને ક્વોરેન્ટાઈનમાં રહેવાની જરૂર હોય છે. આવુ કરવાથી કોરોના વાયરસથી સ્વસ્થ થયેલા લોકો અન્યોને ઈન્ફેક્શન થતા બચાવી શકે છે. કોરોના વાયરસના ઈન્ફેક્શનને ધ્યાનમાં લઈને દુનિયાના દેશોમાં સતત પ્રયોગ કરવામાં આવી રહ્યા છે. આ મામલે વધારે અભ્યાસની જરૂર દેખાઈ રહી છે. તબીબોની ટીમ હાલમાં કામ કરી રહી છે. કોરોના વાયરસના કારણે સ્થિતી દિન પ્રતિદિન દુનિયાના દેશોમાં બેકાબુ બની રહી છે. દુનિયાના ૨૦૩ દેશોમાં કોરોના વાયરસના કારણે લોકો હવે ત્રાહીમામ પોકારી ગયા છે. મોતનો આંકડો સતત વધી રહ્યો છે.કોરોનાના કારણે અમેરિકા સૌથી વધારે પ્રભાવિત છે. જ્યાં કેસોની સંખ્યા અનેમોત રેકોર્ડ સપાટીપર છે. ભારતમાં પણ કેસની સંખ્યા ત્રણ લાખ કરતા ઉપર પહોંચી ચુકી છે. દુનિયાના અનેક દેશોમાં કોરોના વાયરસથી કેસોની સંખ્યા લાખમાં છે. જેમાં અમેરિકા ઉપરાંત બ્રાઝિલ, રશિયા, બ્રિટન, પેરુ અને ભારત સહિના દેશોનો સમાવેશ થાય છે. તમામ દેશો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. વિશ્વના ૨૧૩ દેશોમાં કોરોના વાયરસનો હાહાકાર છે. તમામ દેશો હાલમાં તેની સામે લાચાર અનુભવ કરી રહ્યા છે.

કોરોના : દવાના ઉત્પાદનને વધારી દેવાની જરૂર

રાષ્ટ્રીય સ્તરે બે ટીમ જરૂરી

તમામ લોકોને આ બાબત હમેંશા ધ્યાનમાં રાખવાની જરૂર છે કે મહામારીને રોકવા માટે સૌથી મોટી ભૂમિકા આરોગ્ય કર્મચારીઓની રહેલી છે. જો કે કમનસીબરીતે ભારતમાં આરોગ્ય કર્મચારીઓની ભારે કમી રહેલી છે. ખાસ કરીને તબીબો અને નર્સોની કમી રહેલી છે. ઈટાલીને આજ કારણસર ચીન, ક્યુબા, અને અન્ય દેશોમાંથી આરોગ્ય કર્મચારીઓને બોલાવવાની ફરજ પડી રહી છે. કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયને રાષ્ટ્રીય સ્તર પર બે ટીમો બનાવવાની જરૂર છે. જેમાં સરકારી અને ખાનગી ક્ષેત્રના નિષ્ણાંતો સામેલ છે. એક મેડિકલ ટીમ જેમાં ઈન્ફેક્શન નિષ્ણાંત તબીબ, શ્વાસ રોગ નિષ્ણાંત અને જનરલ ફિજિશિયન હોવા જોઈએ. બીજી ટીમ આઈસીયુ ટીમ હોવી જોઈએ. જેમાં એનેસ્થેસિયાલોજિસ્ટ, અને તબીબો હોવા જોઈએ. આ આઈસીયુ ટીમની પ્રાથમિકતા સરકારી અને ખાનગી હોસ્પિટલમાં મુળભુત માળખા પર ધ્યાન રાખવાની રહેવી જોઈએ. સરકારના નિર્ણય આ બંને ટીમોની સલાહના આધાર પર હોવા જોઈએ.જુનિયર તબીબોની મદદ પણ પુરતા પ્રમાણમાં લેવાની જરૂર છે.કોરોનાની સારવાર માટે હાલમાં કોઈ દવા નથી. પરંતુ કોરોના ઈન્ફેક્શનના દર્દીઓને લક્ષણને ઘટાડી દેવા માટે તેમને ઠીક કરવા માટે પેરાસિટામોલ, હાઈડ્રોક્સીક્લોરોક્વીન, એન્ટીબાયોટિક, એન્ટીવાયરલ અન અન્ય દવા આપવામાં આવે છે. સરકારને આનુ ઉત્પાદન વધારી દેવાની જરૂર છે. આયાત કરવાની ખાતરી કરીને પણ ઉપલબ્ધતા વધારી દેવાની જરૂર છે.

વધુ હોસ્ટિલોને કોરોના સંસ્થામાં બદલવાની જરૂર

કોરોનાને આ રીતે રોકાશે...

ખતરનાક સાબિત થઈ રહેલા કોરોના સામે જંગ જીતવા માટે કઈ રણનિતી પર કામ કરી શકાય છે તે બાબત પર સંપૂર્ણ ધ્યાન જરૂરીછે. નીચે મુજબના પગલા લઈને કોરોનાને રોકી શકાશે.

- સરકારને વધારેમાં વધારે ટેસ્ટિંગ કરવાની જરૂર છે
- સમયસર પોઝિટીવ કેસોની સંખ્યા અંગે માહિતી મળે તે માટે ટેસ્ટિંગની પ્રક્રિયાને અતિ ઝડપી કરી દેવાની જરૂર છે. તેમને સામાન્ય લોકોથી દુર કરીને જ આ ઈન્ફેક્શનને રોકી શકાય છ
- કેન્દ્ર અને રાજ્ય સરકારોએ સમન્વય દર્શાવીને કોરોનાને રોકવા માટે ૫-૬ મહિના માટે યોજના તૈયાર કરવાની જરૂરછે
- સરકારને કોરોના દર્દીઓની સારવાર માટે મોટા શહેરોમાં સ્થિત એમ્સ, મેડિકલ કોલેડ હોસ્પિટલ, ક્ષેત્રીય હોસ્પિટલો અને અન્ય મોટી તબીબી સંસ્થાઓને પૂર્ણ રીતે કોવિડ આરોગ્ય સંસ્થામાં ફેરવી નાંખવાની જરૂર છે
- અન્ય દર્દીઓની સાથે કોરોના દર્દીઓ રાખવાથી સામાન્ય દર્દીઓમાં બિમારી ફેલાઈ જવાનો ખતરો વધી જાય છે.
- સંસ્થાઓમાં વેન્ટીલેટર, ઈન્ટેન્સિવ કેયર યુનિટ, માટે જરૂરી તમામ સુવિધા રહે તે જરૂરી છે. વેન્ટીલેટર ચલાવવા માટે પાઈપ્ડ ઓક્સીજન, સક્શન અને કોમ્પ્રેસ્ડ હવાનો પુરવઠો જરૂરી છે. ઈન્ફેક્શન નિયંત્રણમાં કરી શકે તેવા સાધનો જરૂરી છે
- હાલમાં સુવિધાવાળી મોટા જિલ્લા હોસ્પિટલોને કઈ રીતે કોવિડ-૧૯ આરોગ્ય કેન્દ્રમાં ફેરવી શકાય છે તે પગલા ઝડપથી લેવાની જરૂર છે
- સરકારને હાલમાં ખાનગી ક્ષેત્રની હોસ્પિટલોને સાથે જોડી દેવાની જરૂર દેખાઈ રહી છે. સાથે સાથે આઈસોલેશન માટે પુરતી વ્યવસ્થા કરવાની પણ જરૂર છે
- ખુબ મોટી હોસ્પિટલોમાં ખાની સુરક્ષા સાધનો, માસ્ક, ગાઉન અને ગ્લવ્સની કમી હાલમાં જોવા મળી છે. ઈટાલી અને અન્ય દેશોમાં આરોગ્ય કર્મચારીઓ આવા સાધનોની કમીના કારણે જ અસરગ્રસ્ત થયા છે. તેમની ઉપલબ્ધતાની ખાતરી નહીં કરવાની સ્થિતીમાં આરોગ્ય કર્મચારીઓની કમી થઈ શકે છે. જેના કારણે અસરગ્રસ્ત દર્દીઓની સંખ્યા અને સમસ્યા બંને વધી શકે છે
- સરકારને ખાનગી કંપનીઓને આર્થિક સહાયતા આપીને ખાનગી સુરક્ષા સાધનોનુ ઉત્પાદન તેજ કરવા માટેની જરૂર દેખાઈ રહી છે
- કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયને રાષ્ટ્રીય સ્તર પર બે ટીમો બનાવવાની જરૂર છે. જેમાં સરકારી અને ખાનગી ક્ષેત્રના નિષ્ણાંતો સામેલ છે. એક મેડિકલ ટીમ જેમાં ઈન્ફેક્શન નિષ્ણાંત તબીબ, શ્વાસ રોગ નિષ્ણાંત અને જનરલ ફિજિશિયન હોવા જોઈએ. બીજી ટીમ આઈસીયુ ટીમ હોવી જોઈએ. જેમાં એનેસ્થેસિયાલોજિસ્ટ, અને તબીબો હોવા જોઈએ

હાલ જારી વર્ક ફ્રોમ હોમ કલ્ચરને કંપનીઓ વધારે મહત્વ આપશે...

વર્ક ફ્રોમ હોમ કલ્ચરમાં મંદી આવશે

કોરોના વાયરસ વચ્ચે વર્ક ફ્રોમ હોમ કલ્ચરને મહત્વ મળ્યા બાદ આગામી દિવસોમાં તેને વધારે પ્રોત્સાહન આપવા માટે કંપનીઓ આગળ વધી રહી છે. મોટા ભાગની કંપનીઓ આ દિશામાં આગળ વધવા માટે તેમની રૂપરેખા નક્કી કરી ચુકી છે. જેને અમલી કરવા માટે કંપનીઓ તૈયાર છે. અનલોક-૧ની શરૂઆત થયા બાદ પણ અનેક કંપનીઓ તેમના કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ કરવા માટે કહી રહીછે. મર્યાદિત સંખ્યામાં લોકોને હવે ઓફિસમાં અને નોકરીની જગ્યાએ બોલાવવામાં આવી રહ્યા છે. આ ટ્રેન્ડ આગળ વધી શકે છે. હાલમાં જોરદાર મંદી છે. કંપનીઓ તેમના કર્મચારીઓને ઘટાડી રહી છે. આવી સ્થિતીમાં સ્થિતી વધારે ખરાબ થઈ શકે છે. કંપનીઓ વધારે સાવધાનીપૂર્વક આગળ વધવા માટે ઈચ્છુક છે. મોટા ભાગની મોટી કંપનીઓ દ્વારા હાલમાં તેમના ઉપયોગી કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ કહેવામાં આવ્યુ છે. આ પ્રવાહ ભારતમાં વધારે ચલણમાં નથી. જો કે હવે કોરોના વાયરસ બાદ જ્યારે સ્થિતી ફરી હળવી બનશે અને કારોબાર તમામ ધમધમતા થશે ત્યારે આ કલ્ચર જારી રહી શકે છે. કારણ કે કંપનીઓ આ કલ્ચરમાં કેટલાક બિનજરૂરી ખર્ચને બચાવી શકશે. સાથે સાથે વધારે કામ પણ લઈ શકશે. આ પ્રવાહ ભારતમાં હવે શરૂ થાય તેમ માનવામાં આવે છે. કેટલીક આઈટી કંપનીઓમાં આ પ્રવાહ પહેલાથી જ છે પરંતુ હવે સામાન્ય રીતે આ પ્રવાહ એટલે કે વર્ક ફ્રોમ હોમ શરૂ થઈ શકે છે. આવી સ્થિતીમાં મોટી સંખ્યામાં ઓછી કુશળતા ધરાવતા કર્મચારીઓની નોકરી જવાનો ખતરો પણ રહેલો છે. તમામ લોકોને હવે કટોકટીના સમયમાં કુશળતા વધારી દેવી પડશે. બદલાઈ રહેલા બિઝનેસના માહોલમાં પુરતા લાભ લેવા માટે કર્મચારીને હમેંશા સાવધાન રહેવાની જરૂર હોય છે. કોઈ પણ કર્મચારીને હાલમાં સમયની સાથે અને બિઝનેસના બદલાઈ રહેલા સમયની સાથે આગળ વધવાની જરૂર હોય છે. ભવિષ્યમાં કંપની અને કર્મચારી બન્નેની સફળતા આ બાબતની સાથે નક્કી થશે કે નવા વર્ક પ્લેસની જરૂરિયાતને તમે કઈ રીતે પૂર્ણ કરી રહ્યા છો. તાજેતરના સમયમાં જુદા જુદા સેક્ટરમાં ફેરફાર થઈ રહ્યા છે. કર્મચારીઓને આના માટે તૈયારી કરી લેવી જોઈએ. બેકિંગ અને ફાયનાન્સિયલ સેક્ટરમાં કામ કરી રહેલા કર્મચારીઓ માટે સૌથી જરૂરી બાબત એ છેકે તેઓ ઝડપથી બદલાઈ રહેલા ડિજિટલ ટેકનોલોજી ઈકો સિસ્ટમમાં પોતાની પ્રોફેશનલ નોલેજને સારી રીતે વધારે. સાથે સાથે સ્કિલ પર ધ્યાન કેન્દ્રિત કરે. કસ્ટમર એક્સપિરિયન્સ ટ્રાન્સફોર્મેશન માટે મલ્ટીપલ સિસ્ટમની સાથે કોલાબરેશન કરવાની ક્ષમતા વિકસિત કરવાની જરૂર છે. વર્ચુઅલ રિયાલિટી, મસીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ , સાયબર સિક્યોરિટી , બિગ ડેટા, એડવાન્સ્ડ એનાલિટિક્સ, ડિજિટલ માર્કેટિંગ, ઈન્ટરનેટ ઓફ થિગ્સ, રોબોટિક્સ, પ્રોસેસ ઓટોમેશનજેવા ક્ષેત્રમાં સ્કિલને વધારી દેવાનો સમય આવી ગયો છે. એફએફસીજી અને રિટેલ ક્ષેત્રમાં પણ માહોલ બદલાઈ રહ્યો છે. બિઝનેસનો માહોલ હમેંશા બદલાતો રહે છે. આવી સ્થિતીમાં એક કુશવ કર્મચારીને હમેંશા નવી નવી સ્કીલમાં વધારેને વધારે ધ્યાન આપવાની જરૂર હોય છે. આ સેક્ટરના તમામ કર્મચારીઓને પોતે પોતાના મુલ્યાંકન પર ધ્યાન આપવુ જોઈએ. પોતાની તાકાત અને અપેક્ષા વચ્ચે તાલમેલ બેસાડી દેવા માટેના પ્રયાસો કરવા જોઈએ. ગ્રાહકો સાથે મજબુત પર્સનલ સંબંધ સ્થાપિત કરવાની આ ક્ષેત્રમાં જરૂર હોય છે. રિટેલ અને એફએમસીજીના સેક્ટરમાં ઈનોવેશન પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે પણ જરૂરી છે. ફંક્શનલ અને લીડરશિપ ક્વાલિટી વિકસિત કરવાની જરૂર હોય છે. કર્મચારીને હમેંશા કોર સ્કિલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. પોતાની કુશળતા કેટલી છે તે બાબત અંગે નિર્ણય લઈને પોતાના લક્ષ્ય નક્કી કરવા જોઈએ. ફાર્મા સેક્ટરની વાત કરવામાં આવે તો તેની સામે નવા પડકારો આવી રહ્યા છે. વર્તમાન નિયામક પડકારોના દોરમાં ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ રિ ઈન્વેશનના દોરમાંથી પસાર થાય છે. યુએસએફડીએ દ્વારા નિરીક્ષણની સંખ્યા વધારી દેવામાં આવ્યા બાદ મેન્યુફેકચરિંગ કામગીરી પર ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઈ રહી છે. આના માટે કેટલાક ઉદેશ્ય નક્કી કરીને આગળ વધવામાં આવે તે જરૂરી છે. આ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરવા માટે લેટેસ્ટ મેનેજમેન્ટ ટુલ્સ અને ડેટા એનાલિટિક્સ પર ધ્યાન આપવાની હવે જરૂર છે. રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પર ખાસ ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઈ રહી છે. આજના દોરમાં નવી ટેકનોલોજી જેમ કે ડ્રાઈવરલેસ કાર, શેયર્ડ મોબિલિટી જેવી ચીજો આવી રહી છે. ફેરફારના કારણે પારંપરિક મેન્યુફેકચરિંગના તરીકા હવે બદલાઈ રહ્યા છે. લોકો નવા નવા પ્રવાહ પર નજર રાખે છે. જેથી નવી જરૂરિયાતોને ધ્યાનમાં લઈને આ ક્ષેત્રમાં ધ્યાન કરવાની જરૂરી છે.



કોરોનાના કારણે ઉભી થયેલી સ્થિતી બાદ મંદીના સંકેત છે જેથી તમામ કર્મચારીઓને સ્પર્ધામાં રહેવા તેમની કુશળતા વધારવી જ પડશે

ગરમીના દિવસોમાં સૌથી વધારે આનંદ આઇસક્રિમમાં આવે છે...

આઇસક્રીમનો કેઝ હજુ અકબંધ છે



આઇસક્રિમનો કેઝ દશકોથી હજુ પણ યથાવત રહ્યો છે. તમામ પેઢીના લોકો આઇસક્રિમની મજા માણે છે. ગરમીના દિવસોમાં આઇસક્રિમ સૌથી આનંદ આપે છે. ભારતીય લોકો ગરમીના દિવસોમાં સૌથી વધારે આનંદ સાથે કઇ ચીજનો ઉપયોગ કરે છે તે અંગે જ્યારે પ્રશ્ન કરવામાં આવે ત્યારે તમામ લોકો એક જ જવાબ આપે છે. આ જવાબ આઇસક્રિમ છે. ફ્રિજમાંથી બહાર કાઢવામાં આવેલી ઠંડા પાણીની બોટલ અને એર કન્ડીશનર ફણ ગરમીના દિવસોમાં ખુબ રાહત આપેછે. જો કે હવે એક નવા સર્વેના તારણ ફરી જારી કરવામાં આવ્યા છે જે સાબિત કરે છે કે આઇસક્રિમ સૌથી વધારે ફેવરીટ તરીકે છે. ગરમીના દિવસોમાં સૌથી વધારે આનંદ શેમાં આવે છે. મેંગો, વેનિલા, સ્ટ્રોબેરી અથવા તો ચોકલેટ આઇસક્રિમ હોય છે. તમામના ફ્લેવર અલગ અલગ હોય છે. ગરમીના દિવસોમાં આઇસક્રિમ તમામ રીતે રાહત આપેછે. તમામ પેઢીના લોકો આઇસક્રિમનો ઉપયોગ કરે છે. આ આઇસક્રિમ પોતાના પ્રિય લોકોની સાથે વહેચીને ખાવાની મજા અલગ રહે છે. ગરમીના દિવસોમાં જુદી જુદી બાબતો પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. એક બાજુ આ કોરોનાની મહામારી અને બીજી બાજુ તીવ્ર ગરમીની સ્થિતી વચ્ચે કેટલાક પાસા પર ધ્યાન આપવામા આવે તે જરૂરી છે. કોમેડિયન સુનિલ ગ્રોવરે ઇન્સ્ટાગ્રામ પર કોમેડીની એક વિડિયો જારી કરી છે. જેમા કેટલીક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. લોકડાઉન બાદ અમારી લાઇફમાં કેટલાક ફેરફાર થઇ રહ્યા છે. લાંબા સમયથી ચાલી રહેલા આ લોકડાઉનના ગાળામાં લોકોએ આઇસક્રીમની ખુબ મજા માણી હતી. લોકડાઉન બાદ હવે આગળની સ્થિતી સ્પષ્ટ નથી. અમને દરરોજ ટાઇમ ટેબલ બનાવવા અને દરરોજની જિન્દગીને ટ્રેક પર લાવવાની જરૂર હોય છે. આ સંબંધમાં હાલમાં અભિનેત્રી નુપુર સનોને એક વિડિયો પોસ્ટ કરીને કેટલીક માહિતી આપીછે. જેમાં તે કહી રહી છે કે લોકડાઉનના ગાળા દરમિયાન તે પોતાના કઇ રીતે કુલ રાખે છે. તેનુ કહેવુ છે કે કવિતા લખવાની બાબત, યોગ કરવાની બાબત, તેમજ સૌથી મોટી બાબત બાઉલ ભરીને આઇસક્રિમ ખાવાની બાબત તેમાં સામેલ રહેલી છે. અભિનેત્રી સેફાલી જરીવાલાએ પોતાના વિડિયોમાં કહ્યુ છે કે જે લોકો આ સમય પોતાના પરિવારની સાથે છે તે સૌથી ભાગ્યશાળી તરીકે છે. હાલના સમયમાં શેફાલી પોતાના પરિવારની સાથે રહેલી છે. તે પોતાને કુલ રાખવા માટે મેંગો આઇશક્રિમનો ઉપયોગ કરે છે. સાથે સાથે પોતાના સિમ્બાની સાથે ખુશી વહેચે છે. લોકડાઉનના કારણે હાલમાં તમામની લાઇફ એકરીતે રોકાઇ ગઇ હતી. દરેકને આઇસક્રિમ ખુબ પસંદ હોય છે. ગરમીમાં આઇસક્રિમ ખુબ રાહત આપે છે. ફ્રન્ટ લાઇન વર્કરો પણ તેનો ઉપયોગ કરે છે. હાલમાં સ્ટે કુલ સ્ટે સેફ જેવી ઝુંબેશ પણ ચાલી હતી. આ વિડિયોને કેટલીક સેલિબ્રિટી દ્વારા સોશિયલ મિડિયા પર શેયર કરીને માહિતી આપી હતી. અમે તમામ આ બાબત પર સહમત છીએ કે પોતાને કુલ રાખવા માટે આઇસ્ડ કેન્ડી અથવા તો એક બાઉલ આઇસક્રિમથી બેસ્ટ કોઇ ચીજ નથી. તબીબોનુ કહેવુ છે કે હાલમાં સોશિયલ મિડિયા પર કેટલાક હેવાલ ફેલાઇ રહ્યા છે.જેમાં કહેવામા આવ્યુ છે કે આઇસક્રિમ કોરોના વાયરસના દોરમાં નુકસાન કરે છે. જેના જવાબમાં અમે કહીએ છીએ કે આઇસક્રિમથી કોઇ નુકસાન નથી. ફેક ન્યુઝ પર વિશ્વાસ કરવાની કોઇ જરૂર નથી. કોવિડ-૧૯ની સ્થિતીમાં સુરક્ષિત રહી શકાય છે. ફેક ન્યુઝ પર વિશ્વાસ કર્યા વગર આઇસક્રિમનો ભરપુર ઉપયોગ કરી શકાય છે. તબીબો કહે છે કે પોતાને સુરક્ષિત રાખવા માટે તમામ સાવધાની જરૂરી છે પરંતુ પોતાને શાંત રાખવા માટે એક કપ આઇસક્રિમ ખાવાની જરૂરછે.

૩.૭ લીટર પાણી પુરૂષ, ૨.૭ લીટર પાણી મહિલા રોજ પીવે તે જરૂરી

પાણીની કમીથી એલર્જીની શંકા છે

પાણીમાં કેટલીક વખત જીવાણુની સાથે ઝેરી તત્વો પણ મિક્સ થઇ જાય છે. આના કારણે બિમારી થઇ શકે છે. દર વર્ષે ૨૨મી માર્ચના દિવસે વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દુષિત પાણીના કારણે કેટલીક બિમારી ફેલાઇ જાય છે. શરીર માટે પાણી કેમ જરૂરી છે તેને લઇને હમેંશા પ્રયોગ થતા રહ્યા છે. પુરતા પ્રમાણમાં શરરીમાં પાણી હોવાના કારણે શરીરમાં ચુસ્તી અને ઉર્જા બનેલી રહે છે. થાકનો અનુભવ થતો નથી. દુષિત તત્વો યુરિન અને પરસેવા તરીકે શરીરની બહાર નિકળે છે. આના કારણે શરીરમાં ફાઇબર સારી રીતે અવશોષિત થઇ જાય છે. આના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધે છે અથવા તો ઇમ્યુનિટી પાવર વધી જાય છે. તે જોડમાં લુબ્રિકેશનને વધારે છે. વજન આના કારણે નિયંત્રિત રહે છે. પાણીની કમી થવાની સ્થિતીમાં એલર્જી થવાનો ખતરો વધે છે. ફેફસામાં ઇન્ફેક્શન, અસ્થમા અને આંતરડાની બિમારીને દુર કરે છે. શરદી, ગરમી અને કિડનીની બિમારીથી પણ બચાવે છે. આના કારણે લોહીમાં પાણીનુ પ્રમાણ ઘટી જાય છે. બ્લડ પ્રેશર વધી જાય છે. આ ઉપરાંત પાણીમાં અનેક પ્રકારના મિનરલ હોય છે. જે કેટલાક રોગથી બચાવે છે. દુષિત પાણીમાં વાયરસ હોવાન કારણે કમળા સહિતના કેટલાક રોગ થઇ શકે છે. પાણીમાં કેટલીક ચીજો મિક્સ હોય છે. પાણીમાં આર્સેનિક ફ્લોરાઇડ, કેડમિયમ, લેડ, મરકરી, નિકોલ, સિલ્વર, લોખંડ અને મેગનીજ, કેલ્શિયમ , બોરિયમ, ક્રોમિયમ અને કોપર હોય છે. જેવા હેવી મેટલની સાથે સાથે નાઇટ્રેટ, સ્લફેટ, બોરેટ અને કાર્બોનેટ જેવા લવણ



પાણીને પાંચ મિનિટ સુધી તેજ આગ પર ઉકાળી લેવાથી હાનિકારક જીવાણુ સંપૂર્ણપણે નષ્ટ થઇ જાય છે : પાણી શરીર માટે ઉપયોગી છે

પણ મિક્સ કરેલા હોય છે. આના કારણે આંતરડામાં બળતરા, લોહીની કમી, કેન્સર, સ્ટ્રોક, હાર્ટ સાથે સંબંધિત રોગ, ગરદન તેમજ અન્ય કેટલીક બિમારી થાય છે. પાણીને શુદ્ધ કરવા માટે સૌથી પહેલા પાંચ મિનિટ સુધી તેને તેજ આગ પર ગરમ કરવામાં આવે છે. જેના કારણે તેમાં હાનિકારક તત્વો નષ્ટ થઇ જાય છે. ક્લોરીનની ૧૬ બુન્દથી ચાર લીટર પાણી શુદ્ધ થઇ શકે છે. ૨૦ લીટર પાણીમાં ક્લોરીનની એક બુન્દ નાંખીને તેને એક કલાક બાદ ઉપયોગમાં લઇ શકાય છે. પહેલા પીવાની બાબત યોગ્ય નથી.જનરલ ડાયાબિટીશ કેરમાં ફ્રાંસના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો એક દિવસમાં બે ગ્લાસ અથવા તો તેનાથી પણ ઓછું પાણી પીવે છે તે લોકોમાં હાઈ બ્લડ સુગરનું સ્તર જોવા મળે છે. તેના કારણે આ પ્રકારના લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત થઈ શકે છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બે ગ્લાસથી ઓછું પાણી પીનાર લોકોમાં ડાયાબિટીશનો ખતરો વધી જાય છે. ૩૬૧૫ પુખ્તવયના લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે વોટર થેરાપી ખૂબ જ ઉપયોગી છે. ૩૦થી ૬૫ વર્ષની વયના લોકોને આવરી લઈને આ અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસની શરૂઆતમાં આ તમામ લોકોમાં સામાન્ય બ્લડ સુગરની સપાટી હતી. નવ વર્ષના અભ્યાસના ગાળા બાદ અભ્યાસના ભાગરૂપે રહેલાં ૫૬૫ લોકોને હાઈ બ્લડ સુગરની તકલીફ જોવા મળી હતી અને ૨૦૨ લોકોમાં ટાઈપ-૨ ડાયાબિટીશની અસર દેખાઈ હતી. દરરોજ બે ગ્લાસથી ઓછું પાણી પીનાર લોકોમાં હાઈ બ્લડ સુગર થવાની શક્યતા ૨૮ ટકા ઓછી છે. જે લોકોએ આનાથી પણ ઓછું પાણી પીવે છે તે લોકોમાં ખતરો વધારે છે. આ જોખમ હાર્મોન સાથે સીધી રીતે સંબંધિત છે. આનો મતલબ એ થયો કે મોટાપ્રમાણમાં પાણી ખૂબ જ ઉપયોગી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે શરીરમાં ૬૦ ટકા હિસ્સા પાણીમાં છે. તે કુલ વજનના ૯૦ ટકાની આસપાસ હોય છે. નિષ્ણાંતો કહે છે કે દરેક પુરૂષને ૩.૭ લીટર પાણી અને દરેક મહિલાને ૨.૭ લીટર પાણીની દરરોજ જરૂર હોય છે. આનાથી ઓછા પ્રમાણમાં પાણી પિનારને કેટલાક ખતરા રહેલા હોય છે.

ઇટ વેલ : આરોગ્ય પ્રત્યે સાવધાન લોકો પ્રોસેસ્ડ ફુડથી બચે છે...

પ્રોસેસ્ડ ફુડથી બચવાની જરૂર છે

પોતાના આરોગ્ય પ્રત્યે જાગરૂક રહેલા લોકો હમેંશા ભોજનમાં પ્રોસેસ્ડ ફુડથી બચવાના પ્રયાસ કરે છે. પ્રોસેસ્ડ ફુડનો ઉપયોગ કરનાર લોકો બીજા લોકોની તુલનામાં વધારે પ્રમાણમાં કૈલોરીનો ઉપયોગ કરે છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં પણ ફરી સાબિતી મળી ગઇ છે કે વજન વધવાના સીધા સંબંધ પ્રોસેસ્ડ ફુડ સાથે રહેલા છે. પોતાના આરોગ્યને લઇને સાવધાન રહેલા લોકો આને લઇને કોઇ ભુલ કરતા નથી. વિશ્વ આરોગ્ય સંગઠનના કહેવા મુજબ દુનિયાભરમાં ગંભીર બિમારીનુ મુખ્ય કારણ પ્રોસેસ્ડ ફુડ છે. અભ્યાસમાં એવુ પણ જાણવા મળ્યુ છે કે હાર્ટ અટેક, હાર્ટને લગતી અન્ય સમસ્યા, ડાયાબિટીસ અને ઓછી વયમાં મૃત્યુ જેવા બનાવો માટેના કારણ પણ પ્રોસેસ્ડ ફુડ છે. રસાયણોના ઘાતક મિશ્રણ સાથે આ ચીજો બનાવવામાં આવે છે. આમાં ખાંડ અને મીઠાનુ પ્રમાણ વધારે પડતુ રાખવામાં આવે છે. આવી રીતે આ તમામ પેક તૈયાર કરવામાં આવે છે. આ તમામ મળીને શરીરની અંદર નુકસાન કરે છે. આના કારણે શરીરમાં ફાઇબર અને એન્ટીઓક્સીડન્ટની કમી થઇ જાય છે. આ ઉપરાંત તે દિમાગના એ હિસ્સામાં વધારે અસર કરે છે જેના કારણે આ પ્રકારની ચીજોની વ્યક્તિને ટેવ પડતી જાય છે. આના કારણે જરૂરી પૌષણ મળતા નથી. કેટલાક વર્ષોના ઉંડા અભ્યાસ બાદ આ બાબતની સાબિતી મળી ગઇ છે કે વજન ઓછુ રાખવા અને તેને નિયંત્રિત કરવા માટે આપને કોઇ પણ પ્રકારના ડાયટિંગની કોઇ જરૂર નથી. જરૂર માત્ર ભોજનના વિકલ્પને સાવધાનીપૂર્વક પસંદ કરવાની રહેલી છે. આમાં એક હિસ્સો પ્રોસેસ્ડ ફુડથી સંપૂર્ણપણે દુર રહેવાની બાબત પણ સામેલ છે. વધારે પ્રમાણમાં કેટલાક લોકો કેલોરીયુક્ત ડાઇટ લે છે પરંતુ સાવધાનીપૂર્વક આનો ઉપયોગ કરવામાં આવે છે. વૈપાનિકો પણ હવે તો પ્રોસેસ્ડ ફુડની સાઇડ ઇફેક્ટ અંગેની ચેતવણી આપી રહ્યા છે. આના કારણે વજન વધે છે. નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ હેલ્થના શોધ કરનાર લોકોએ શોધ્યુ છે કે જે લોકો પ્રોસેસ્ડ



દુનિયાભરમાં ગંભીર બિમારીને આમંત્રણ આપવામાં પ્રોસેસ્ડ ફુડની ચાવીરૂપ ભૂમિકા રહેલી હોય છે : સાવધાન થવાની જરૂર છે

ફુડ ખાતા હોય છે તે બીજા લોકોની તુલનામાં પોતાના શરીરમાં ૫૦૦ કેલોરી વધારે લે છે. એટલે કે સપ્તાહમાં ૩૫૦૦ કેલોરી વધારે લે છે. આના કારણે દરેક સપ્તાહમાં આશરે અડધા કિલોગ્રામ વજન વધી જાય છે. આ ફુડથી દુર રહીને એક દિવસમાં ૫૦૦ કેલોરી ઓછી ખાવા પર સપ્તાહમાં સપ્તાહમાં ૩૫૦૦ કેલોરી શરીરમાં ઓછી જશે. આના કારણે દરેક સપ્તાહમાં અડધા કિલો વજન ઘટી શકે છે. શોધ કરનાર લોકોએ આ પ્રકારના તારણો જ રજૂ કર્યા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે જે લોકો અલ્ટ્રા પ્રોસેસ્ડ ડાયટ પર હતા તેમનુ વજન એક મહિનામાં આશરે સરેરાશ ૯૦૦ ગ્રામ વધી ગયુ છે. સાથે સાથે સાધારણ ભોજન કરનાર લોકોએ પણ સરેરાશ આટલુ જ વજન ઓછુ કર્યુ છે. સમયની સાથે આ સરેરાશ કેલોરી વધતી જાય છે. વધેલુ વજન ગંભીર આરોગ્યના ખતરાને જન્મ આપે છે. શોધકર્તા એવા પણ તારણ પર પહોંચી ગયા છે કે પ્રોસેસ્ડ ભોજનની પસંદગી એટલા માટે કરવામાં આવે છે કે તે સરળતાથી પચાવી શકાય છે. કારણ કે તે સોફ્ટ હોય છે. પ્રોસેસ્ડ ફુડને લઇને કેટલીક ચોંકાવનારી વિગત પણ સપાટી પર આવી ચુકી છે. સ્પેનમાં હાલમાં કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો પ્રોસેસ્ડ ફુડ વધારે પ્રમાણમાં ખાય છે તેમનામાં ભુખ દબાવી દેનાર હાર્મોન વધારે પ્રમાણમાં હોય છે. સાથે સાથે ભુખને જગાવનાર હાર્મોન ઓછા પ્રમાણમાં હોય છે. વધારે પ્રમાણમાં પ્રોસેસ્ડ ફુડ ખાવા પર શરીરની કેમિસ્ટ્રી એ રીતે કામ કરે છે કે તમે ન ખાવાની ઇચ્છા હોવા છતા પણ વધારે ખવાઇ જાય છે. ખાવા પર કાબુ ન હોવાના કારણે તેના પરિણામસ્વરૂપે વજન વધવાની શરૂઆત થાય છે. જો તમે જંક ફુડ અને પ્રોસેસ્ડ ફુડના ડબ્બાને ખોલીશો નહીં તો આપના હાર્મોન પણ આપને વજન ઘટાડી દેવામાં મદદ કરે છે. આવી સ્થિતીમાં સમજી શકાય છે કે પ્રોસેસ્ડ ફુડથી દુર રહેવામાં જ ભલાઇ રહેલી છે. જો અમે દીર્ઘકાલીન આરોગ્યને લઇને પરવાહ કરતા નથી તો કમ સે કમ તરત જ વજન ઘટાડી દેવા માટે તો પ્રોસેસ્ડ ફુડથી અંતર કરી શકાય છે. પહેલા કરતા વધારે સારા આરોગ્યનો અનુભવ થાય છે.

એલર્ટ : હાર્ટ સંબંધિત રોગના ખતરાને વધારે છે

મેન્થોલયુક્ત ઇ-સિગારેટ

મેન્થોલયુક્ત ઇ-સિગારેટ ખુબ ખતરનાક છે. ઇ-સિગારેટ તરફ આધુનિક સમયમાં લોકો વધી રહ્યા છે ત્યારે આ બાબતને ગંભીરતાથી ધ્યાનમાં લેવાની જરૂર છે. છ જુદા જુદા પ્રકારના અને ફ્લેવરના ઇ-સિગારેટમાં પ્રયોગ કરવામાં આવતી ચીજો નુકસાન કરે છે. આ ઇ-સિગારેટમાં ગળ્યુ તમાકુ, બટરસ્કોચ, મેન્થોલ અને દાળખાંડ જેવી ચીજોની ચકાસણી કરવામાં આવી ચુકી છે. આ તમામ ચીજવસ્તુઓમાં વ્યાપક અભ્યાસ કર્યા બાદ ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. અભ્યાસ બાદ કહેવામાં આવ્યુ છે કે ઇલેક્ટ્રોનિક સિગારેટમાં ઉપયોગ કરવામાં આવતા મસાલા હાર્ટ સંબંધિત રોગના ખતરાને વધારી દે છે. અમેરિકન કોલેજ ઓફ કાર્ડિયોલોજીમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામા આવ્યો છે કે નિકોટિન ન હોવાની સ્થિતીમાં પણ આ ચીજો લોહીના સંપર્કમાં આવ્યા બાદ એન્ડોથેલિયલ કોશિકામાં ડીએનએને નુકસાન કરે છે. શોધ કરનાર નિષ્ણાંતોએ છ અલગ અલગ ઇ-પ્રવાહી સ્વાદમાં ચકાસણી કરી હતી. જેમાં ફળ, તમાકુ, વનિલાની સાથે ગળ્યા તમાકુ, બટરસ્ટોચનો સમાવેશ થાય છે. મનોવૈજ્ઞનિક કારણોસર જોવામાં આવે તો તમાકુની ટેવ પડી જાય છે. જેને છોડવા માટે નિયમિત ભરપુર પ્રમાણમાં લિક્વિડ, ફળ, સાકભાજી લેવામાં આવે તે જરૂરી છે. મેડિટેશન પણ સારી બાબત છે. સપ્તાહમાં ચાર દિવસ ત્રણ કિલોમીટર ચાલવાની ટેવ પાડવામાં આવે તે જરૂરી છે.

હેલ્થ નોલેજ : ગ્લુકોજનુ પ્રમાણ વધારે જવાથી સ્થુળતા વધે છે

જ્યુસથી આ પોષક તત્વ મળતા નથી



જ્યુસ પીવાની સલાહ તો તમામ તબીબો અને નિષ્ણાંતો આપે છે પરંતુ તમામ લોકોને આ અંગે માહિતી નથી કે જ્યુસ પીવાથી કેટલાક જરૂરી પોષક તત્વો મળતા નથી. ગરમીમાં વધારે તરસ લાગે છે. થાક પણ વધારે લાગે છે. આવી સ્થિતીમાં પાણી અથવા તો જ્યુસ પીવા અથવા તો પ્રવાહી ચીજવસ્તુઓ લેવા માટેની સલાહ આપવામાં આવે છે. આના કારણે શરીરમાં પ્રવાહી સ્થિતી બની રહે છે. થાક, કમજોરી, અને લુથી બચાવ થાય છે. જ્યુસ આરોગ્ય માટે ખુબ ફાયદાકારક છે. પરંતુ કેટલાક પોષક તત્વો બહાર નિકળી જાય છે. ફળ, શાકભાજીના નિયમિત જ્યુસ લેવાની સ્થિતીમાં પાચનતંત્ર પણ સુસ્ત બની જાય છે. ગ્લુકોજની પ્રમાણ વધારે પ્રમાણમાં આવવાના કારણે સ્થુળતા વધવા લાગી જાય છે. બ્લડશુગર પણ વધવા લાગી જાય છે. જેના કારણે ડાયાબિટીસના રોગીને નુકસાન થાય છે. ખુબ ઓછા લોકોને આ અંગેની પણ માહિતી છે કે કેટલાક ફળન છાળમાં ફાઇટો ન્યુટ્રીશન હોય છે. જે જ્યુસમાં મળી શકતા નથી. જાણકાર લોકો કહે છે કે એક સ્વસ્થ વ્યક્તિ ૧૦૦-૧૫૦ મિલી જ્યુસ પી શકે છે. મોટા ભાગના ફળ, શાકભાજી અને અનાજમાં ફાઇબર્સ હોય છે. ફળ અને શાકભાજીને જ્યુસ તરીકે લેવાથી ફાઇબર્સ બહાર રહી જાય છે. જે પાચન માટે યોગ્ય નથી. જ્યારે અમે ફળના રસનો ઉપયોગ કરીએ છીએ ત્યારે ફકટોજ ઝડપથી લોહીમાં ભળી જાય છે. લોહીમાં ખાંડનુ પ્રમાણ વધી જવાના કારણે બિનજરૂરી ઇન્સુલિન સ્ત્રાવ થાય છે. જે ખાંડના પ્રમાણને નિયંત્રિત કરે છે. વારંવાર આવુ થવાની સ્થિતીમાં ટાઇપ બે ડાયાબિટીસ થવાનો ખતરો રહે છે. તેમાં ફકટોજનુ પ્રમાણ વધારે હોવાથી સ્થુળતા વધી શકે છે. કિડનીના દર્દીઓને આ પ્રકારની તકલીફ ટાળવાની જરૂર હોય છે. કિડનીના દર્દીઓને જ્યુસ લેવાનુ ટાળવાની સલાહ નિષ્ણાંત તબીબો આપે છે.તાજેતરમાં જ કરવામાં આવેલાં નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, આરોગ્યપ્રદ ચીજો ખાવાથી હાર્ટ સાથે સંબંધિત રોગોથી મૃત્યુ થવાની સંભાવના ઘટી જાય છે. કાર્ડિયોવેસ્ક્યુલર ડિસીઝ (સીવીડી)થી મોતની ટકાવારીમાં આનાં લીધે ઘટાડો થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, આરોગ્યપ્રદ ચીજ-વસ્તુઓ અથવા તો શાકભાજીનો ઉપયોગ કરવામાં આવેતો સીવીડીથી મોતનો દર ઘટીને અડધો થઈ જાય છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયકોલોજીનાં પ્રોફેસર સિમોન કેપવેલે કહ્યું છે કે, બિનઆરોગ્યપ્રદ ખાવાની ટેવ હમેંશા ખતરનાક સાબિત થાય છે. આનાં લીધે રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થાય છે. સીવીડી સામે લડવા માટે આરોગ્યપ્રદ ચીજ-વસ્તુઓ જરૂરી છે. વ્યક્તિગતો અને વસતીનાં સ્તરમાં સીવીડી સંબંધિત મોતને રોકવા હેલ્થી ઈટિંગની ટેવ રાખવી જોઈએ. યુનિવર્સિટી ઓફ લિવરપુલ દ્વારા કરવામાં આવેલાં અભ્યાસમાં જાણવા મળ્યું છે કે પોષક તત્વો વગરના ભોજનથી સીવીડીનો ખતરો વધે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વધારે પ્રમાણમાં ફળફળાદિ, શાકભાજી ખાવાથી બિમારી દૂર થાય છે. ડાયટને સંતુલિત રાખવામાં આવે તેવી રજૂઆત પણ આમાં કરવામાં આવી છે. આ અભ્યાસનાં તારણો બ્રિટિશ મેડિકલ જનરલમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ફળફળાદી, શાકભાજી વધારે પ્રમાણમાં ખાનાર વ્યક્તિમાં વૈશ્વિક સ્તરે સીવીડીથી મોતનો આંકડો ૨.૬ મિલિયન જેટલો ઘટી જાય છે.કોઈ પણ પ્રકારની બિમારીમાં મોટા ભાગના તબીબો જ્યુસ લેવાની સલાહ આપે છે. કારણ કે તેમાં પુરતા પ્રમાણમાં પોષક તત્વો રહેલા છે. પરંતુ કેટલાક પ્રકારના ફુટમાં પોષક તત્વો રહી જાય છે. આવી સ્થિતીમાં આ ફળફળાદીના રસનો ઉપયોગ કરવાથી પણ કોઈ ફાયદો થતો નથી. જરૂરી ફાઇબર્સ બહાર રહી જવાના કારણે નુકસાન થાય છે. કિડની રોગી અને અન્ય પ્રકારના કેટલાક દર્દીને જ્યુસને ટાળવાની સલાહ તબીબો આપે છે. કારણ કે આના કારણે ડાયાબિટીસની શંકા વધી જાય છે. ફળફળાદી અને જ્યુસને લઈને લઈને કેટલીક બાબતો સામાન્ય લોકો જાણતા નથી. કેટલાક ફળ પૂર્ણ રીતે ખાવાથી વધારે ફાયદો થાય છે. કારણ કે તેમાં તમામ પોષક તત્વ હોય છે.

સક્સેસ ફંડા : સપના પૂર્ણ કરવા માટે મહેનત-ટાર્ગેટ ખુબ જરૂરી

સફળતા માટે ડરને બિલકુલ દુર કરો

જો તમે જીવનમાં એક સફળ વ્યક્તિ બનવા માટે વિચારી રહ્યા છો તો સૌથી પહેલા તો પોતાના સપનાને જીવવા માટે શરૂ કરવાની જરૂર છે. મનના દરેક ડરને દુર કરવાની જરૂર છે. નિષ્ફળતાને લઈને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. યોગ્ય પ્લાનિંગની સાથે કામ કરવામાં આવે તો જરૂરી છે. જો આવુ કરવામાં આવશે તો સફળતા તમામ ચરણને સ્પર્શ કરી શકે છે. કહેવત છે કે ડરની આગળ જીત છે. લાઈફમાં માનવીને હમેંશા પોતાની વિચારધારાની મર્યાદાને મોટી રાખવાની જરૂર હોય છે. કહેવામાં આવે છે કે કોઇ પણ લક્ષ્ય માનવીના સાહસથી મોટા નથી. એ જ વ્યક્તિ હારી જાય છે તે વ્યક્તિ ક્યારેય લડતી નથી. ખુબ ઓછા લોકો જાણે છે કે દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે પણ ઘરે ઘરે જઈને અખબાર લોકોને આપવા માટેનુ કામ કર્યું હતુ. રાઈટ બ્રધર્સના પણ એરોપ્લેનના પ્રોટોટાઈપ પહેલા કેટલીક વખત ફ્લોપ થઈ ગયા હતા. પરંતુ આ તમામની વિચારધારા ખુબ ઉંચી હતી. વિચારો ઉંચા હતા. સપના ઉંચા હતા. સાથે સાથે સખત પરિશ્રમની તાકાત હતી. કઈ કરી બતાવવાની ઈચ્છાશક્તિ



બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી : કલામ લોકોને ઘરે ઘરે જઈને અખબાર પહોંચાડતા હતા

તેમનામાં ભરેલી હતી. એવુ નથી કે તેમને કોઈ ચીજના ડર ન હતા. નિષ્ણાંત લોકો કહે છે કે પ્લાનની સાથે જો આગળ વધવામાં આવશે તો ડર નહીં બલ્કે મંજિલ સામે જોઇ શકાશે. જો તમે કોઇ સપના જોઇ રહ્યા છો અને કોપિણ પ્લાનિંગ વગર તમે કોઇ સપનાની પાછળ દોડી રહ્યા છો તો એક દિવસે હતાશા જ હાથ લાગનાર છે. જેથી સૌથી પહેલા હકીકતને સમજીને લઈને તેના મુજબ આગળ વધવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેના અનુરૂપ સપનાને સાકાર કરવા માટે પ્રયાસ પૂર્ણ તાકાત સાથે કરવાની જરૂર હોય છે. જો તમે કોઇ ઉંચા પર્વતના શિખરને સ્પર્શ કરવા માટે ઇચ્છુક છો તો પહેલા પર્વતારોહણની ટ્રેનિંગ લેવાની જરૂર હોય છે. ત્યાંના હવામાન સહિતની તમામ બાબતો અંગે માહિતી મેળવી લેવી પડશે. ત્યાંની માટી જીવજતુ સહિતની ચીજો અંગે માહિતી મેળવી લેવી પડશે. આવી જગ્યાએ કામમાં આવનાર સાધનોની માહિતી પણ મેળવી લેવી પડશે. સૌથી મહત્વપૂર્ણ બાબત તો આ આપના આરોગ્યની માહિતી મેળવી લેવી પડશે. આંતરિક પ્રેરણાના સ્તરને ધ્યાનમાં લેવાની જરૂર છે. આ તમામ પ્રકારની માહિતી વગર શિખર પર પહોંચી જવાના પ્રયાસ કરવામાં આવશે તો અંતમાં નિરાશા હાથ લાગશે. જીવન એક શિક્ષક તરીકે છે. યાદ રાખવા જેવી બાબત છે કે હકીકત હમેંશા કડવી હોય છે. જીવન દરેક ક્ષણમાં તમારી કસોટી કરે છે. તમારે એ સમજી લેવાની જરૂર નથી કે તે આપના પ્રિયની જેમ કામ કરી રહ્યા છે. સમય આપના કઠોર શિક્ષકની જેમ સતત પરીક્ષા કરે છે. જો તમે આ સારા વિદ્યાર્થીની જેમ જીવનરૂપી શિક્ષકના છત્ર હેઠળ પરીક્ષા આપી રહ્યા છો તો તમને ચોક્કસપણે સફળતા મળી શકે છે. આધુનિક સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ દરેક પ્રકારના પ્રયાસ કરે છે. દિન રાત એક કરે છે. ખુબ મહેનત કરે છે. આવી તમામ પ્રકારની પ્રક્રિયા અપનાવવામાં આવી હોવા છતાં કેટલાક લોકોને સફળતા મળતી નથી. સાથે સાથે કેટલાક લોકોને તરત જ સફળતા મળે છે. આવી બાબત પણ જોવા મળે છે. જો કે સફળતા હાંસલ કરવા માટે સૌથી ઉપયોગી બાબત તો ભયને દુર કરીને આગળ વધવાની જરૂર છે. જોખમ લીધા વગર પણ કેટલીક વખત સફળતા હાંસલ થતી નથી. આ તમામ બાબતો પર ધ્યાન આપીને સફળતા હાંસલ કરી શકાય છે. હાલના સમયમાં દરેક ક્ષેત્રમાં સ્પર્ધા વધી રહી છે. આવી સ્થિતીમાં સફળતા હાંસલ કરવા માટે શારરિક ફિટનેસ પણ ઉપયોગી બની ગઇ છે. નિયમિત રીતે પોતાના કામ ન કરનાર વ્યક્તિને પણ સફળતા મળતી નથી.

આવી સ્થિતીમાં શારરિક ફિટનેસ પણ જરૂરી છે. નોકરીના સ્થળ પર વારંવાર રજા પાડનાર વ્યક્તિ પણ સફળતા હાંસલ કરી શકતા નથી. કારણ કે તેમના પર અન્યો અને જવાબદાર લોકો વિશ્વાસ મુકતા નથી. કામ પ્રત્યે સમર્પણ ભાવના પણ ખુબ ઉપયોગી છે.

આકાશમાં ઉંડાણ ભરવાના સપના ધરાવતી યુવતિઓ વિચારી શકે

એર હોસ્ટેસ બનીને કેરિયર બનાવો

જો તમે આકાશની ઉંચાઈને સ્પર્શ કરવાના સપના ધરાવો છો તો એર હોસ્ટેસ બનીને પોતાના સપનાને સાકાર કરી શકાય છે. આધુનિક સમયમાં આનો ક્રેઝ પણ વધી રહ્યો છે. બાળપણમાં કોઈ વિમાનને ઉડતા જોઈને તેનીઅંદર બેસવા અને તેમાં નોકરી કરવાની ઈચ્છા ધરાવતી યુવતિઓ આના માટે આગળ આવી શકે છે. જો તમે દુનિયાભરમાં ફરવા માટેના શોખ ધરાવો છો તો તમારા માટે આ નોકરી સૌથી બેસ્ટ સાબિત થઈ શકે છે. આકાશમાં ઉડવા માટેના સપના ધરાવતી યુવતિ આ ક્ષેત્રમાં આવી શકે છે અને કેરિયર બનાવી શકે છે. જો તમારા ઈરાદા મજબુત છે તો આપ એર હોસ્ટેસ તરીકે કેરિયરની પસંદગી કરી શકાય છે. વર્તમાન સમયમાં ઉડ્ડયન ક્ષેત્રમાં ભારતમાં સૌથી ઝડપથી તેજી આવી રહી છે. આવી સ્થિતીમાં એર હોસ્ટેસની બોલબાલા પણ વધનાર છે. જેથી આમાં પ્રગતિ ખુબ વધારે રહેલી છે. એક સફળ એક હોસ્ટેસ બનવા માટે આકર્ષક વ્યક્તિત્વ સૌથી પ્રથમ પ્રાથમિકતા છે. સાથે સાથે ફિજિકલ ફિટનેસ પણ સૌથી વધારે જરૂરી હોય છે. આપને કેટલીક ભાષાની માહિતી રહે તે જરૂરી છે. પ્લીજેન્ટ વોઇસ અને ગુડ કોમ્યુનિકેશન સ્કીલ પણ આના માટે જરૂરી હોય છે. સાથે સાથે ટીમ ભાવના, સિસ્ટેમેટિક અપ્રોચ , પ્રજેન્સ



સફળ એરહોસ્ટેસ બનવા માટે આકર્ષક વ્યક્તિત્વની સાથે સાથે ફિજિટલ ફિટનેસ સૌથી ઉપયોગી : કેટલીક ભાષાની માહિતી પણ હોવી જોઈએ

ઓફ માઈન્ડ, પોઝિટીવ એટીટ્યુટ, તેમજ સેંસ ઓફ હ્યુમર આપના કામને વધારે સરળ બનાવી શકે છે. આ તમામ બાબતો એર હોસ્ટેસ બનવા માટે સૌથી પહેલી જરૂરીયાત હોય છે. આપને દરેક પ્રકારની સ્થિતીથી બહાર આવવા માટે માત્ર શારરિક જ નહીં બલ્કે માનસિક રીતે પણ તૈયાર થવાની જરૂર હોય છે. દેશમાં અનેક સંસ્થાઓ આ ક્ષેત્રની ચાલી રહી છે. જેમાં ફ્લાઈંગ ક્વીન એર હોસ્ટેસ, નવી દિલ્હી, વિગ્સ એર હોસ્ટેસ એન્ડ હોસ્પિટાલિટી ટ્રેનિંગ સેન્ટર વડોદરા, ટીએમઆઈ એકેડમી ઓફ ટ્રાવેલ ટ્યુરિઝમ એન્ડ એવિએશન સ્ટડીઝ મુબઈ તેમજ એર હોસ્ટેસ એકેડમી ઓફ બેંગ્લોર કર્ણાટકનો સમાવેશ થાય છે. આ તમામ સંસ્થાઓમાં ખાસ ટ્રેનિંગ આપવામાં આવેછે. આમાં પ્રવેશ માટે કેટલીક શરતો પણ હોય છે. જે પાળવામાં આવે તે જરૂરી હોય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે એક હોસ્ટેસ વિમાની યાત્રામાં મોટી જવાબદારી અદા કરે છે. જેમાં ઈન ફ્લાઈટ જાહેરાત, તેમજ અંતર વિભાગો , સમન્વયની જાણકારી આપે છે. વિમાની યાત્રીઓની સુરક્ષાની ખાતરી કરવાની બાબત પણ તેની સાથે જોડાયેલી છે. તેમને સુરક્ષા પ્રક્રિયાઓ અંગે માહિતી આપવામાં આવે છે. ઈમનજન્સી વેળા અથવા તો સંકટની સ્થિતીમાં તમામ સહાયતા તેમના દ્વારા કરવામાં આવે છે. ભોજન ઉપલબ્ધ કરાવવાની કામગીરી પણ તેઓ સંભાળે છે. શૈક્ષણિક લાયકાતની વાત કરવામાં આવે તો કોઈ પણ માન્યતાપ્રાપ્ત બોર્ડમાંથી ૧૨મુ પાસ જરૂરી છે. આપની વય ઓછામાં ઓછી ૧૮ વર્ષની હોવી જોઈએ. સાથે સાથે આપની હાઈટ પાંચ ફુટ બે ઈન્ચ જેટલી હોવી જોઈએ. તમામ લોકો જે જાણકાર છે તો કહે છે કે ડોમેસ્ટિક એરલાઈન્સની એર હોસ્ટેસનો પગાર શરૂઆતમાં ૨૫ હજારથી લઈને ૪૦ હજાર સુધી હોય છે. સીનિયર પોઝિશનમાં રહેલી એર હોસ્ટેસનો પગાર ૫૦ હજારથી લઈને લાખો રૂપિયામાં હોય છે. પ્રાઈવેટ એરલાઈન્સ દ્વારા પણ હવે સારા પેકેજ આપવામાં આવી રહ્યા છે. એર હોસ્ટેસને સારી જોબની ગેંરટી છે. ડોમેસ્ટિકની સાથે સાથે ઈન્ટરનેશનલ અને પ્રાઈવેટ એરલાઈન્સમાં પણ એર હોસ્ટેસ જોબ સરળતાથી મળી રહે છે. પ્રમોશનથી સિનિયર ફ્લાઈટ અટેન્ડેન્ટ અથવા તો હેડ અટેન્ડેન્ટ બની શકાય છે. આપ ઈચ્છો તો મેનેજમેન્ટ લેવલ પર કામ કરી શકો છો. દુનિયાના દેશોમાં આધુનિક સમયમાં એવિએશન સેક્ટરમાં જોરદાર તેજી આવી રહી છે તેવી સ્થિતીમાં એર હોસ્ટેસની નોકરી મેળવીને શાનદાર કેરિયર બનાવી શકા છે. આવનાર સમયમાં ભારતમાં એવિએશન સેક્ટરમાં સૌથી વધારે તેજી આવનાર છે. આવી સ્થિતીમાં કોઈ પણ માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી ટ્રેનિંગ મેળવી ચુકેલી યુવતિઓ સરળતાથી એરહોસ્ટેસ તરીકે એન્ટ્રી મેળવી શકશે તેમાં કોઈ બે મત નથી. આ ક્ષેત્રમાં નોકરીની વ્યાપક તક છે. સારા પેકેજ પણ રહેલા છે.

આઈટીના ક્ષેત્રમાં કેરિયર બનાવવા ઇચ્છુક લોકો વધુ સાવધાન થાય

આઈટી સ્કિલ્સથી કેરિયર બનાવી શકાય



આઈટી સ્કિલ્સ અપગ્રેડ કરીને આગળ વધવાની જરૂર : કેરિયરની આધારશિલાને સ્કિલ્સ વધારે મજબુત કરવામાં ભૂમિકા અદા કરે છે

દરેક વ્યક્તિ એક સફળ કેરિયરની શોધમાં રહે છે. આના માટે તે ખુબ મહેનત પણ કરે છે. જો તમે પણ કેરિયરની કોઈ શાનદાર લાઈન પકડી લેવાની ઈચ્છા ધરાવો છો તો ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રમાં નજર કરી શકાય છે. તેના પર ધ્યાન કેન્દ્રિત કરીને સફળ કેરિયર બનાવી શકાય છે. આઈટીના ક્ષેત્રમાં કેરિયર બનાવવા માટે ઈચ્છુક લોકોએ પોતાની આઈટી સ્કીલ્સ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. કેટલીક ખાસ ઈન્ફોર્મેશન ટેકનોલોજી છે જે કેરિયરની આધારશીલાને મજબુત કરી શકે છે. આ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરવા માટે આઈટી સ્કીલ્સને સતત અપગ્રેડ કરવાની જરૂર હોય છે. આના માટે યોગ્ય પ્લાનિંગની પણ જરૂર હોય છે. હવે કેટલાક પ્રકારના સર્ટિ ઉપલબ્ધ રહેલા છે. આ સર્ટિ હાંસલ કરીને કેરિયરના વિકલ્પને પસંદ કરી શકાય છે. સિસ્ટમ એડમિનિસ્ટ્રેશન હોય કે પછી આઈટીના ક્ષેત્રમાં કેરિયર બનાવવા માટે ઈચ્છુક લોકો હોય તેમને યોગ્ય સર્ટિ મેળવીને કેરિયરમાં મોટી સફળતા હાંસલ કરી શકાય છે. સર્ટિફાઇડ ઈન ધ ગવર્નેન્સ ઓફ ધ એન્ટરપ્રાઇઝ આઈટી સર્ટિ બાદ ઉમેદવાર ઉમેદવાર ખુબ મજબુત થઈ જાય છે. જ્યાં સુધી એન્ટરપ્રાઇઝ આઈટી ગવર્નેન્સની વાત છે તો તે મેનેજિંગ, એડવર્ટાઈજિંગ અને સર્વિસ એન્સ્યોરન્સમાં નિષ્ણાંત બની જાય છે. આ સર્ટિથી કેટલાક અલગ અલગ પ્રકારના રોલ અદા કરી શકે છે. આના કારણે રિસ્ક મેનેજમેન્ટ ઓફિસર, આઈટી રિસ્ક મેનેજમેન્ટ લીડર, આઈટી કન્ટ્રોલર જેવા ટોપ હોદ્દા પર નોકરી મેળવી શકાય છે. સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે આ સર્ટિ ખુબ પ્રભાવી છે. આ ફિલ્ડમાં સર્ટિની સાથે સો એન્ટરપ્રાઇઝ આઈટી સ્કીલ્સવાળા લોકોની માંગ ખુબ વધી જાય છે. આના કારણે જંગી આવક પણ થઈ શકે છે. આની પરીક્ષા માટે ૫૭૫ ડોલર ખર્ચ કરવા પડે છે. આવી જ રીતે એડબલ્યુએસ સર્ટિફાઇડ ડેવલપર્સ એસોસિએટ પણછે. આ સર્ટિ વેલિડેટ કરે છે કે તમે અમેઝોન વેબ એપ્લીકેશન પ્લેટફોર્મ પર એપ્લીકેશન ડેવલપ કરવાની કુશળતા ધરાવો છો. આમાં ચકાસણી કરવામાં આવે છે કે તમે એપ્સ માટે યોગ્ય એડબલ્યુએસ સર્ટિવિસની પસંદગી કરો છે કો કેમ. આ કોર્સ પણ ખુબ માંગ ધરાવે છે. આપની પાસે સોફ્ટવેર ડેવલપમેન્ટ કિટ્સની માસ્ટરી હોય તે જરૂરી છે. સાથે સાથે આપને કોડ લેવલ એપ્લીકેશનનુ જ્ઞાન રહે તે પણ આના માટે ખુબ જરૂરી છે. આવી જ રીતે પ્રોજેક્ટ મેનેજમેન્ટ પ્રોફેશનલ સર્ટિ પણ હોય છે. આ સર્ટિ મેળવી લીધા બાદ માની શકાય છે કે તમે પ્રોજેક્ટ અને પ્રોજેક્ટ ટીમને મેનેજ કરવાની કુશળતા ધરાવો છો. તમારી પાંચ ક્ષેત્રોમાં ચકાસણી કરવામાં આવે છે. જેમાં ઈનેશિએટિંગ, પ્લાનિંગ, એગ્ઝ્યુકિટિંગ, મોનિટરિંગ અને કન્ટ્રોલનો સમાવેશ થાય છે. સર્ટિફિકેટ કોર્સ કરતા પહેલા ઓછામાં ઓછા ૩૫ કલાકની સંબંધિત ટ્રેનિંગ પૂર્ણ કરવાની હોય છે. જો આવી તૈયારી હોય તો જ પરીક્ષા આપી શકાય છે. ડો બેચલર્સની ડિગ્રી છે તો ૪૫૦૦ કલાકની પ્રોજેક્ટ મેનેજમેન્ટના અનુભવ રહે તે જરૂરી છે. બેચલર્સની ડિગ્રીના અભાવમાં આપની પાસે ૭૫૦૦ કલાકના પ્રોજેક્ટ મેનેજમેન્ટના અનુભવ રહે તે જરૂરી છે. આવી જ રીતે એડબલ્યુએસ સર્ટિફાઇડ સોલ્યુશન આર્કિટેક્ટ કોર્સ છે. આના ભાગરૂપે સિસ્ટમ પર આપની ડિઝાઈનિંગ પર પક્કડને જોવામાં આવે છે. જો આનો અનુભવ છે તો મોટા પાયે ડ્રિસ્ટ્રીબ્યુટેડ સિસ્ટમની આર્કિટેકચરિંગ કરવાની ક્ષમતા છે. આ પરીક્ષામાં ૮૦ મિનિટનો સમય લાગે છે. સર્ટિફાઇડ ઈન્ફોર્મેશન સિસ્ટમ સિક્યુરિટી પ્રોફેશનલ કોર્સ પણ ઉપયોગી છે. જો તમે એનાલિસીસ, ઓડિટિંગ સિસ્ટમ એન્જિનિયરિંગ અથવા તો તેના જેવા કોઈ અન્ય કામ કરી રહ્યા છો તો આ સર્ટિ મેળવી શકાય છે. ટેસ્ટ માટે કેટલીક લાયકાત જરૂરી હોય છે. જેમાં ઓછામાં ઓછા પાંચ વર્ષનો સંબંધિત કોઈ અનુભવ રહે તે જરૂરી છે.

યુવાનેને કુશળતા વિકસિત કરવાની જરૂર છે...

સ્કીલ વધારવાથી જોબ મળશે

કોઈ પણ વ્યક્તિને આગળ વધવા માટે પોતાની કુશળતામાં સતત વધારો કરવાની જરૂર હોય છે. વધુને વધુ કુશળતા ધરાવતા કર્મચારીને વધુને વધુ સારી જોબની ઓફર મળતી રહે છે. જોબની કોઈ કમી નથી પરંતુ કુશળતા નહીં હોવાના કારણે કોઈ પણ કંપની કર્મચારીઓની આડેધડ ભરતી કરતી નથી. દેશના યુવાનો સ્કીલ્સ વધારી દેવા પર ધ્યાન કેન્દ્રિત કરે તે સમયની માંગ છે. દેશના યુવાનોને કૌશલ્ય વિકાસને લઈને ટ્રેનિગ આપવાની જરૂર હોય છે. આને લઈને કેટલાક પ્રકારના પાઠ્યક્રમ અને કોર્સ પણ હોય છે. શાનદાર કેરિયરમાં કર્મચારી પોતાની નોકરીમાં પ્રોડક્ટિવ રહેવામાં સફળ સાબિત થાય છે. આના માટે તેમની કુશળતામાં સતત વધારો થાય તે સમયની માંગ છે. પોતાને તમામ ચીજોથી અપડેટ રાખવામાં આવે તે જરૂરી છે. આના કારણે તેની કુશળતાને મશીનિંગથી લઈને સિસ્ટમમાં નવી ટેકનિક સુધી કુશળતા વધારી દેવાની બાબત જરૂરી હોય છે. આધુનિક સમયમાં દેશની યુવા પેઢી પોતાને કુશળ બનાવવા અને જ્ઞાનથી પોતાને અપડેટ કરવા માટે પણ તૈયાર દેખાઈ રહી છે. જે પહેલાથી જ નોકરીમાં છે જે પૈકી પણ મોટા ભાગના લોકો નલાઈન અથવા તો કુશળતા વિકસિત કરવા પર કામ કરી રહ્યા છે. તમામ નવી ટેકનોલોજીથી વાકેફ થવાના પ્રયાસ કરી રહ્યા છે. નવી નવી ચીજ શિખવાની બાબત તકને પણ સતત વધારે છે. જે લોકો કેટલીક નવી ટેકનોલોજીથી વાકેફ હોય છે તે લોકોને પ્રમોશન પણ વધારે પ્રમાણમાં હોય છે. જરૂરી કુશળતાથી વિદ્યાર્થીને સજ્જ કરવા માટે કેટલીક ટેકનોલોજી વિકસિત થાય છે.

સેટેલાઈટ કાર કૌભાંડમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના બે કોન્સ્ટેબલની સંડોવણીની શંકા

અમદાવાદ

લોકડાઉનમાં કારને કંપનીમાં ભાડે મુકવાના બહાને અન્ય પાસે કાર ગીરવે મૂકી છેતરપીંડીના કિસ્સામાં સેટેલાઇટ પોલીસે ગુનો નોંધવાની જગ્યાએ અરજી લઈને કાર પરત અપાવી ગોઠવણ કરી લીધી હતી. અને તે મામલે સેટેલાઇટ પોલીસ સ્ટેશનના પીઆઇ અને તેમના વહીવટદારને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જો કે આ કાર છેતરપીંડી કૌભાંડમાં અમદાવાદની તપાસ એજન્સી ક્રાઈમ બ્રાન્ચના બે કોન્સ્ટેબલની સંડોવણી હોવાની વાત ખુલી છે જો કે ઉચ્ચ અધિકારીઓએ બંને કોન્સ્ટેબલને બચાવી લીધાં છે.

અને ઢાંકપીછોડો કરવા સેટેલાઈટ પીઆઇ અને તેમના વહીવટદાર સામે જ કાર્યવાહી કરી છે. પોલીસવડા શિવાનંદ ઝા અને પોલીસ કમિશનર આશિષ ભાટિયા જો આ મામલે તટસ્થ તપાસ કરાવે તો છેતરપીંડી મામલે ક્રાઈમ બ્રાન્ચના કોન્સ્ટેબલના કરતૂત સામે આવી શકે એમ છે. પોલીસ બેડામાં ચર્ચા મુજબ સેટેલાઇટ પોલીસ સ્ટેશનમાં કારની છેતરપીંડીના કિસ્સામાં ક્રાઈમ બ્રાન્ચના બે કોન્સ્ટેબલના નામ ખુલ્યા હતા. જે પણ કાર રિકવર કરવામાં આવી હતી તે કારમાંથી બે કાર ગુનાહિત પ્રવૃત્તિમાં ઝડપાઇ હતી.

ક્રાઈમ બ્રાન્ચના બંને કોન્સ્ટેબલના નામ ખુલતા તેમને બચાવવા પોલીસ અધિકારીએ ભલામણ કરી હતી. છેતરપીંડી મામલે સેટેલાઈટના પી આઈની ભૂલને જોઈ અને દોષનો ટોપલો ઢોળાયો છે. જો કે ભોગ એકમાત્ર પોલીસ અધિકારીનો લઇ ક્રાઈમ બ્રાન્ચના બંને કોન્સ્ટેબલને બચાવી લેવાતા અનેક સવાલો ઉભા થયા છે.

હિંમતનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ભારે પવન સાથે વરસાદ, પ્રસરી ઠંડક

સાબરકાંઠા

ગુજરાતમાં અનેક જિલ્લાઓમાં મેઘરાજાની પધરામણી થઇ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૭૫ તાલુકાઓમાં સચરાચર વરસાદ વરસ્યો. લ્લા ૨૪ કલાકમાં ગાંધીનગરના દહેગામમાં સૌથી વધુ ૩ ઇંચ વરસાદ વરસ્યો. સાબરકાંઠામાં પણ ભારે વરસાદ વરસ્યો જયારે કે અમદાવાદ શહેરમાં સરેરાશ ૨ ઇંચ વરસાદ નોંધાયો છે. બીજી તરફ તલોદમાં સવા બે ઇંચ, કપરાડા, નખત્રાણા, માલપુર અને માતરમાં ૨-૨ ઇંચ વરસાદ વરસ્યો.તો કલોલ, પેટલાદ, જોટાણા, ઇડર, દેત્રોજ ક્વાન્ટ ઉમરપાડા અને મોડાસામાં દોઢ ઇંચ વરસાદ નોંધાયો છે.

જ્યારે સાબરકાંઠામાં પણ ભારે વરસાદ વરસ્યો છે. ત્યારે સાબરકાંઠાના હિંમતનગર શહેર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ભારે વરસાદ પડ્યો છે. મધરાતે બે વાગ્યાના અરસામાં વરસાદ શરૂ થયો હતો. વીજળીના કડકા ભડાકા અને ભારે પવન સાથે વરસાદ વરસ્યો છે..જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

કલ્પતરુ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ કાંડમાં રકમ હજુ વધશે, સીઆઈડીએ કરી ૩ અધિકારીઓની ધરપકડ

વડોદરા

કલ્પતરુ કસ્ટમર મેનેજમેન્ટ સર્વિસ લિ. કંપની દ્વારા અલગ અલગ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ મૂકી રોકાણકારોને લલચાવી ૯ કરોડ રૂપિયા પડાવી લેવામાં આવતા હતા. જે આંકડો હજી વધે તેવી શક્યતા છે. સીઆઈડીએ આ કેસમાં કંપનીના મેનેજર તેમજ વડોદરા ઓફિસના બે યુનિટ સિનિયર અધિકારીની ધરપકડ કરી છે. સયાજીગંજ મોનાલિસા બિલ્ડીંગમાં કલ્પતરૂ કસ્ટમર મેનેજમેન્ટ સર્વિસ લિ. નામની કંપનીની ઓફિસ હતી. કંપનીના ભેજાબાજ સંચાલકો દ્વારા સિંગલ ઈન્વેસ્ટમેન્ટ, એફ.ડી. મલ્ટી માસિક, ત્રિમાસિક, છ માસિક અને વાર્ષિક ઈન્વેસ્ટમેન્ટ જેવી સ્કીમો મૂકી ઊંચા વળતરની લાલચ ગ્રાહકોને આપવામાં આવી હતી.

અને વધુ ને વધુ ગ્રાહકો બનાવવા માટે એજન્ટ પણ નીમવામાં આવ્યા હતા. શરૂઆતમાં કંપનીએ સારૂ વળતર નિયમિત પણે ચૂકવ્યું હતુ. જેથી આ કંપનીની લોભામણી જાહેરાતમાં આવીને સુભાનપુરાની જયઅંબે સોસાયટીમાં રહેતા નિલેષ વિષ્ણુભાઈ અગ્રવાલે પોતે અને પોતાના પરિવારના સભ્યોના નામે ૪.૯૨ લાખ રૂપિયા ભર્યા હતા. કંપનીનું વડોદરા ખાતેનું તમામ કામકાજ યુનિટ સિનિયર અધિકારી રાકેશ સરોજ અને પ્રમોદ રવિદાસ કરતા હતા. અને તેઓ જ મીટિંગનું આયોજન કરી લોકોને રોકાણ માટે લલચાવતા હતા. કંપનીની હેડ ઓફિસ મથુરામાં છે જેના મેનેજર રાહુલ શર્મા પણ અવારનવાર મીટિંગમાં આવતા હતા.

છેતરપિંડી અંગે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ થતા સીઆઈડી ક્રાઈમના અધિક પોલીસ મહાનિર્દેશક અનિલ પ્રવિણની સૂચના મુજબ વડોદરાના પીઆઈ ડીઆઈ મહીડાએ મેનેજર મેહુલ વિનોદભાઈ શર્મા (રહે. પ્રાંગણ સોસાયટી, એમ.જી.એમ. સ્કુલ પાસે ન્યૂ સમા રોડ, વડોદરા.) અને બે યુનિટ સિનિયર અધિકારી અને પ્રમોદ લાલુપ્રસાદ રવિદાસ (રહે. રૂક્ષ્મણી રેસિડેન્સી બાજવા) તેમજ રાકેશ કુમાર રામપ્રસાદ સરોજ (રહે. સિકોતર ધામ સોસાયટી, બાજવા) ની ધરપકડ કરી છે. ત્રણેય આરોપીઓની વધુ પૂછપરછ માટે સીઆઈડીએ પાંચ દિવસના રિમાન્ડ પણ મેળવ્યા છે. અત્યાર સુધીની તપાસમાં માત્ર વડોદરામાં જ છેતરપીંડીનો આંકડો ૯ કરોડ સુધી પહોંચી ગયો છે. જે હજી વધે તેવી શક્યતા છે.

સ્કૂલો સપ્ટેમ્બર સુધી ફી માટે દબાણ કરશે તો કાર્યવાહી થશે : સરકાર

આજથી ૧૫ ઓગસ્ટ સુધી વિદ્યાર્થીઓ માટે હોમ લર્નીંગ કાર્યક્રમ'ની શરૂઆત

ગાંધીનગર

રાજયમાં ૧૫ ઓગસ્ટ સુધી સ્કૂલો અને કોલેજે બંધ રહેશે એવી રાજય સરકારે જાહેરાત કરી છે. બાળકોનું ભણતર બગડે નહીં એ માટે તેમને ઘરે બેઠા જ ઓનલાઈન વર્ગો તથા ટીવી ચેનલના માધ્યમથી શિક્ષણ આપવાની સરકારે વ્યવસ્થા કરી છે. શનિવારે રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્કૂલોને સપ્ટેમ્બર સુધી ફી માટે દબાણ નહીં કરવાની સ્કૂલોને ચીમકી આપતા જણાવ્યું હતું કે જે પણ સ્કૂલ ફી કે અન્ય ખર્ચ માટે દબાણ કરશે તો તેમની સામે કાયદાકીય પગલાં ભરવામાં આવશે. ચુડાસમાએ સ્વનિર્ભર સ્કૂલો સાથે કરાયેલી સમજૂતીને યાદ કરાવવા સાથે એવી ચીમકી આપી હતી કે, સપ્ટેમ્બર મહિના પહેલા વાલીઓ પાસે ફીની કડકાઈ કરી તો પગલા ભરાશે.

ચુડાસમાએ જણાવ્યું કે, કેટલાક વાલીઓની એવી ફરિયાદ હતી કે, સ્કૂલો ફી ભરવા માટે દબાણ કરે છે. રાજયના શિક્ષણ વિભાગે એપ્રિલ મહિનામાં જ સ્કૂલો સાથે વાતચીત કરીને ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન ફી વધારો નહીં કરવા સંચાલકો સાથે સમજૂતિ સાધી હતી. ઉપરાંત સપ્ટેમ્બર મહિના સુધી વાલીઓ ફી ન ભરે કે દર મહિને ભરે તો પણ તેવી રીતે ફી સ્વીકારવી અને વાલીઓને કોઇ દબાણ ન કરવું તેમ પણ નક્કી થયું હતું. ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું હતું કે, ફી માટે સ્કૂલો દબાણ કરશે તો તેમની સામે પગલા ભરાશે.

શિક્ષણ મંત્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે ડીજીટલ માધ્યમથી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવશે. ડીડી ગિરનાર અને બાયસેગ દ્વારા વંદે માતરમ ચેનલ દ્વારા ધો. ૩થી૧૨ના વિદ્યાર્થીઓને શિક્ષણ અપાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી ૧૫ જૂને સવારે ૮ કલાકે ડીડી ગિરનાર પર 'હોમ લર્નીંગ કાર્યક્રમ'ની શરૂઆત કરાવશે. જે વિદ્યાર્થીઓ પાસે ડીજિટલની સુવિધા નથી તેમને સાહિત્ય ઘરે પહોંચાડવામાં આવશે. દરેક સ્કૂલમાં ૩૫ વિદ્યાર્થીના કલ્સ્ટર બનાવ્યા છે, જેને શિક્ષકો દરરોજ ફોન કરીને પૂછશે.

ખાંભાના પીપરીયા ગામે ખેતરમાં કામ કરતા ખેડૂત પર વીજળી પડતા ઈજાગ્રસ્ત

ખાંભા

આજે સવારથી જ સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ પધરામણી કરી હતી. ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. ત્યારે ખાંભાના પીપરીયા ગામે ખેતરમાં કામ કરી રહેલા ખેડૂત પર વીજળી પડી હતી. સદનસીબે ખેડૂતને ઈજા પહોંચી છે. આ ખેડૂતનું નામ ચાપરાજભાઈ વાળા છે. તેઓને સારવાર માટે ખાંભાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલમાં ચાપરાજભાઈને પીડા થતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. અચાનક વીજળી પડતા ચાપરાજભાઈ ડરી ગયા હતા.

ખાંભાવના ધાવડીયામાં મધમાખીનું ઝૂંડ ત્રાટકતા ૨૫ લોકો સારવાર માટે ખસેડાયા

અમરેલી

ખાંભા ના ધાવડીયા ગામ નજીક ૨૫ લોકો પર મધમાખીઓનું ઝૂંડ ત્રાટકયુ છે. આજે વરસાદી માહોલમાં એક બાજુ અમરેલી પંથક તરબતર થઈ રહ્યું છે ત્યારે ખાંભા પંથકમાં મધમાખીએ આતંક મચાવ્યો હતો. મધમાખીએ ટોળા પર હુમલો કરતા હાહાકાર મચી ગયો છે. બનાવની વિગત એવી છે કે અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ધાવડીયા ગામ પાસે આજે બપોરે મધમાખીનું એક ઝૂંડ ત્રાટક્યું હતું. દરમિયાન આજે લોકો ખોડિયા માતાના મંદિરે પ્રસાદ માટે એકઠાં થયા હતા તેમના પર હુમલો થયો હતો.

એક બાજુ કોરોના વાયરસનું સંક્રમણ છે બીજી બાજુ ખોડિયાર માતાના મંદિરે લોકો એકઠા થતા જાણે મધમાખીએ લોકોએ આ પ્રકારે ટોળા ન વળવાનો સંદેશો આપ્યો હોય તેવો ઘાટ સર્જાયો હતો. મધમાખીના આ હુમલામાં આશરે ૨૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોમાં બાળકો પણ હતા તમામને તાત્કાલિક ખાંભાના પ્રાથમિક સારવાર કેન્દ્રમાં ખેસડવામાં આવ્યા હતા. મધમાખીનો હુમલો જીવલેણ સાબિત થઈ શકે છે.

ઉત્તર ગુજરાતમાં કોરોનાથી મોતનો આંકડો ૪૯ થયો,કુલ સંક્રમિત દર્દી ૭૦૮ થયાં

મહેસાણા

ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમણના વધી રહેલા પ્રકોપ વચ્ચે પાટણ જિલ્લામાં વધુ એક ૭૨ વર્ષિય વૃદ્ધાના મોત સાથે કુલ મોતનો આંક અડધી સદી નજીક એટલે કે ૪૯ થયો છે. તો શનિવારે ઉત્તર ગુજરાતમાં વધુ ૧૩ લોકો કોરોના સંક્રમિતોની યાદીમાં ઉમેરાયા હતા. જેમાં મહેસાણા જિલ્લામાં ૫, અરવલ્લીમાં પણ ૫ અને પાટણમાં ૩ નવા કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. જે સાથે ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા પણ ૭૦૮ થઈ છે. મહેસાણા શહેરની એક યુવતી સહિત જિલ્લામાં શનિવારે વધુ પાંચ કોરોના પોઝિટિવ કેસ નોંધાતાં કુલ સંખ્યા ૧૭૮ થઈ છે, જેમાંથી ૧૨૦ કોરોનામુક્ત થયાં છે.

મહેસાણાના ટીબી રોડ-આદીનાથ ફ્લેટની ૨૦ વર્ષિય યુવતી, કડીના આંગણનાથ રોડ પર રહેતાં ૪૫ વર્ષિય મહિલા, કડીની નંદલાલની ચાલીના ૬૬ વર્ષિય પુરૂષ, કડી તાલુકાના રાજપુરના ૫૫ વર્ષિય પુરૂષ અને મહેસાણાના મેઉ ગામનો ૨૯ વર્ષનો યુવાન કોરોનાગ્રસ્ત થયો છે.

અરવલ્લી જિલ્લામાં શનિવારે વધુ પાંચ કેસ નોંધાવા સાથે કુલ પોઝિટિવ કેસનો આંકડો ૧૪૭ થયો છે. શનિવારે મોડાસા તાલુકાના અમરતપુરા (ખંભીસર)માં ૬૩ વર્ષના પુરુષ, મોડાસાના માલપુર રોડ પર નિત્યદર્શન ફ્લેટમાં રહેતા ૫૦ વર્ષિય પુરુષ, મોડાસાની રસુલાબાદ સોસાયટીના ૫૩ વર્ષિય પુરુષ, મોડાસાની ખટવાલ ફળી (કસ્બા વિસ્તાર)ના ૫૦ વર્ષિય પુરુષ અને બાયડની ઉમિયા રેસીડેન્સીમાં રહેતા ૬૫ વર્ષિય પુરુષનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો.

પાટણ જિલ્લામાં ધારપુર હોસ્પિટલમાં સારવાર લઈ રહેલાં કોરોનાગ્રસ્ત ૭૨ વર્ષિય વૃદ્ધાનું સારવાર દરમિયાન શનિવારે મોત થતાં કુલ મૃતકોની સંખ્યા ૧૧ થઈ છે. જયારે પાટણ શહેરની ગજાનંદ સોસાયટીમાં રહેતા ૪૪ વર્ષિય પુરુષ, ટેલિફોન એક્સચેન્જ રોડ પર ગુરૂકૃપા સોસાયટીમાં રહેતા ૬૬ વર્ષિય પુરુષ તેમજ સુભાષ ચોક નજીક પંચોલી પાડામાં રહેતા ૫૭ વર્ષના પુરુષનો રિપોર્ટ પોઝિટિવ આવતાં કુલ દર્દીઓની સંખ્યા ૧૧૦ થઈ છે. તો ૭૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

અનલોક: મોરબી પોલીસે ૧૧૯ પેટી અને માળીયા મિયાણા પોલીસે ૬૩૮ નંગ દારૂ ઝડપ્યો

મોરબી

મોરબી એલસીબી ઈન્ચાર્જ પીઆઈ જે એમ આલની ટીમે જુદી જુદી બ્રાન્ડનો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડયો હતો જેમાં માળીયા મિયાણા ના મોટા દહીંસરા ગામે રહેતાં અજયસિંહ ભાવુભા જાડેજા અને હરદેવસિંહ ભાવુભા દ્વારા વિદેશી દારૂનો જથ્થો લાવવામાં આવ્યો હોવાની ખાનગી બાતમી મળતા એલસીબી પોલીસે બાતમી વાળી જગ્યાએ જઈને તપાસ કરતા ત્યાંથી જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની ૧૧૯ પેટી મળી આવી હતી. ગઈકાલે મોરબી પંથકમાંથી કૂખ્યાત બૂટલેગર ફિરિયા સંધીને પોલીસે વાકાનેર પંથકમાંથી દારૂના મોટા જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો ત્યારે વધુ દારૂ ઝડપાવાનો સિલિસિલો યથાવત રહ્યો છે. મોરબી એલસીબી અને માળીયા મિયાણા પોલીસના જુદા જુદા બે દોરાડા માં વિદેશી દારૂનો જથ્થા સાથે આરોપી ઝડપી પાડ્યા છે.

મોરબી એલસીબી ટીમે વિદેશી દારૂની ૧૧૯ પેટી દારૂ કિંમત રૂપિયા જથ્થા સાથે ૪,૩૯,૯૮૦ રૂપિયા ના મુદામાલ સાથે અજયસિંહ ભાવુભા જાડેજા અને હરદેવસિંહ ભાવુભા નામના બે આરોપીઓની ધરપકડ કરી કોવીડ ૧૯ના ટેસ્ટ કરાવવા કવાયત હાથ ધરી હતી. જો કે એલસીબી ટીમે બન્ને આરોપીઓ નો થોડા દિવસ પૂર્વે પણ મોટો દારૂનો જથ્થો પકડાયો હતો પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ માળીયા મિયાણા પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. માળીયા મિયાણા : માળીયા મિયાણા પીએસઆઈ આર બી ટાપરિયા ની ટીમ દ્વારા બીજી રેડ પણ આ જ ગામમાં કરવામાં આવી હતી. જેમાં મોડી રાત્રીના થયેલ આ રેડમાં દહીંસરા ગામે જલ્પેશ વિનોદભાઈ ખાખીના ઘરેથી કિંમત રૂપિયા ૬૭,૨૨૦ની ૬૩૮ નંગ વિદેશી દારૂનો જથ્થો પકડી પાડયો હતો. જેમાં પોલીસે આરોપીની વિધિવત ધરપકડ કરી આગળની તપાસ માળીયા મિયાણા પીએસઆઈ આર બી ટાપરિયા ચલાવી રહ્યા છે.

રાજકોટમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી, તમામ વિસ્તારમાં સાર્વત્રિક વરસાદ

રાજકોટ

રાજકોટ શહેરમાં આજે વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. શહેરના તમામ વિસ્તારમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. સવારથી જ શહેરમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા. યાજ્ઞિક રોડ, જવાહર રોડ, ગોંડલ રોડ, રિંગરોડ સહિતના રસ્તાઓ પર વરસાદી પાણી ફરી વળ્યાં છે. તો સાથે જ વરસાદ આવતા શહેરના વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. આ ઉપરાંત રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ મન મૂકીને વરસ્યો છે. રાજકોટ તાલુકાના સરધાર ગામે વહેલી સવારે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. તો ચાર કલાક બાદ હજુ પણ ધીમીધારે વરસાદ ચાલુ છે. આજે સવારથી રાજકોટ શહેર અને ગ્રામ્ય પંથકમાં વરસાદ પડી રહ્યો છે. વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. રાજકોટના જેતપુરમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. સવારથી જ કાળાડિબાંગ વાદળો સાથે વરસાદી માહોલ છવાયો હતો. જેતપુરમાં ધીમી ધારે વરસાદ શરૂ થતા જેતપુરના આસપાસના વિસ્તારમાં વરસાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. લોકોને ગરમીમાથી રાહત મળી છે, તો બીજી તરફ ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે.

રાજકોટમાં કેરી બેગના નામે લૂંટ પડી ભારે, ૧૬ રૂપિયાના બદલે ચુકવવા પડ્યા રૂ.૬૦૦૦

અમદાવાદ

મોલમાં ઘણીવાર ખરીદી કરવા જતા સમયે કેરી બેગ્સના નામે ગ્રાહકો પાસેથી પૈસા ખંખેરાતા હોય છે. રાજકોટમાં આવા જ એક હાયપર માર્કેટને ગ્રાહક પાસેથી કેરી બેગના નામે લીધેલા ૧૬ રૂપિયાના ૬૦૦૦ રૂપિયા રિફંડ તરીકે ચૂકવવા પડ્યા. આ અઠવાડિયે રાજકોટમાં આવેલી ગ્રાહક કોર્ટે કાલાવાડ રોડ પર આવેલી ડી-માર્ટ સ્ટોરને આદેશ આપતા જે વકીલ પાસેથી એપ્રિલ ૨૦૧૯માં કેરી બેગ માટે ૧૬ રૂપિયા વસૂલવામાં આવ્યા હતા, તેને ૬૦૦૦ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. જામખંભાળિયાથી વકીલ સંજય આંબલિયાને આ કેરી બેગ ૭ ટકા વ્યાજ વળતર સાથે આ ૧૬ રૂપિયા પણ પાછા આપવામાં આવશે.

આ વકીલે મોલમાંથી કપડા ખરીદ્યા હતા, પરંતુ તેની પાસે કોઈ બેગ ન હોવાથી તેને કેરી બેગ ખરીદવા ફરજ પડાઈ હતી. આ બાદ તેણે સ્ટોરની સામે કેસ કર્યો હતો. જોકે સ્ટોરે તેનો વિરોધ કરતા દલીલ કરી હતી કે સ્ટોરના પ્રીમાઈસિસમાં સાઈન બોર્ડ લાગેલા છે કે ગ્રાહક પોતાની બેગ લાવી શકે છે. સ્ટોરે એમ પણ કહ્યું કે, સાઈનબોર્ડમાં લખેલું છે કે કેરી બેગ્સની કિંમત લેવાય છે. ગ્રાહકને ૧૬ રૂપિયામાં અપાયેલી કેરી બેગ તેમને ૨૦ રૂપિયાની કિંમતમાં પડે છે.

રાજકોટ જિલ્લા કન્ઝ્યુમર રિએડ્રેસલ ફોરમે સ્ટોરની દલીલ સાથે સહમત નહોતું અને કહ્યું કે, આ કેરી બેગ સ્ટોરે એપ્રિલમાં ૪.૩૫ રૂપિયા પ્રતિ પીસના ભાવે ખરીદી અને ટેક્સ સાથે કિંમત ૫.૧૩ રૂપિયા થાય છે. પરંતુ સ્ટોરે ૩૦૦ ટકા વધારે ચાર્જ વસૂલ કર્યો છે. જે અયોગ્ય છે. આવા જ એક અન્ય કિસ્સામાં અમદાવાદના રાણીપ ડી-માર્ટને પણ ગોદરેજ ગાર્ડન સિટીમાં રહેતી રિધમ બંસલને ૧૦૦૦ રૂપિયા માનસિક યાતનાના અને ૫૦૦ રૂપિયા કાયદાકીય પ્રક્રિયાના ચૂકવવા આદેશ અપાયો. તેણે સ્ટોરમાંથી પાછલા વર્ષે ૨૯ વસ્તુઓ ખરીદી હતી જેમાં બે કેરી બેગ માટે તેની પાસેથી ૯ રૂપિયા વસૂલવામાં આવ્યા હતા.

ખનીજ વિભાગે ૪૦ લાખનો મુદ્દામાલ કબજે લઈ ૪.૬૦ લાખનો દંડ કર્યો

લાખણી

લાખણી તાલુકાના આગથળા ગામ પાસે થી રોયલ્ટી વગર રેતી ભરી જતાં બે ડમ્પરને શનિવારે વહેલી સવારે બનાસકાંઠા ખનીજ વિભાગે ખાનગી વાહનમાં રેડ કરી ઝડપી લઈ રૂ.૪૦ લાખનો મુદ્દામાલ કબજે લઈ રૂ. ૪.૬૦ લાખનો દંડ ફટકાર્યો હતો. બનાસકાંઠા ખાણ ખનીજ વિભાગ દ્વારા ખનન ચોરોને ઝડપવા અવારનવાર પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. છતાં પણ કેટલાક ભુ માફિયાઓ દ્વારા ખનન ચોરી કરાઈ રહી છે. ત્યારે બનાસકાંઠા ભૂસ્તર અધિકારી સુભાષ જોશીના માર્ગદર્શન હેઠળ ગતરોજ વહેલી સવારે ખાનગી ગાડીમાં સર્વેયર મેહુલ દવે,વિરેન્દ્રસિંહ સોલંકી અને રોયલ્ટી ઈન્સ્પેક્ટર શક્તિદાન ગઢવીએ ડીસા થરાદ રોડ પર આગથળા ગામ પાસે ચેકીંગ હાથ ધરતા બે ડમ્પર રેતી ભરીને આવી રહ્યા હતા.

અમદાવાદ સરસપુર વોર્ડના ભાજપના પૂર્વ કોર્પોરેટર પણ થયા કોરોના સંક્રમિત

અમદાવાદ

શહેરમાં ઘાતક વાયરસનો કહેર યથાવત છે. ત્યારે આ જીવલેણ વાયરસનાં વધતા જતા જીવલેણ કોરોના વાયરસનાં કેસ બાદ અમદાવાદનાં કોર્પોરેટરો સંક્રમણનું જોખમ યથાવત જોવા મળ્યુ છે. ભાજપના નારણપુરા વોર્ડમાંથી ચૂંટાઈને આવેલા મહીલા કોર્પોરેટર કોરોના પોઝિટિવ થતાં એમને સારવાર માટે એસ.વી.પી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ કોર્પોરેટરની સાથે એમના પરિવારના અન્ય બે સભ્યો પણ પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે .ઉપરાંત સરસપુર વોર્ડના ભાજપના પૂર્વ કોર્પોરેટર પણ કોરોના સંક્રમિત થયા છે. મળતી માહીતી પ્રમાણે,નારણપુરા વોર્ડના મહીલા કોર્પોરેટર સાધના બેન જોષીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને સારવાર માટે એસ.વી.પી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

તેમના પરિવારમાં અન્ય બે સભ્યોના રિપોર્ટ પણ પોઝિટિવ હોવાનું જાણવા મળે છે.જો કે આ બાબતે કોઈ સત્તાવાર રીતે કહેવા તૈયાર નથી. કેન્દ્ર સરકારની નવી ગાઈડલાઈન પ્રમાણે,કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોય એવા પેશન્ટના એક અઠવાડીયા અગાઉના સમય સુધીમાં કલોઝ કોન્ટેકટમાં આવેલાઓનું કોન્ટેક ટ્રેસીંગ કરવાનું થાય છે.પાંચ જુને નારણપુરામાં યોજવામાં આવેલા કાર્યક્રમમાં મેયર બિજલ પટેલ,ડેપ્યુટી મેયર દિનેશ મકવાણા,સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અમુલ ભટ્ટ,દંડક અને પક્ષ નેતા અમિતશાહ હાજર હતા એથી આ તમામને કવોરન્ટાઈન થવુ પડશે કે કેમ? એ પ્રશ્ને ભાજપના હોદેદારોની ચિંતામાં વધારો કર્યો છે.

ભારતે વિદેશ નીતિને ફરીથી સ્થાપિત કરવાની જરૂર છેઃ સુબ્રમણ્યમ્ સ્વામી

શું આપણે નેપાળની ભાવનાને એટલી હદે ઠેસ પહોંચાડી છેકે તે ભારત સાથેના સંબંધો તોડવા ઈચ્છે છેઃ સ્વામીનો સવાલ

ન્યુ દિલ્હી

નેપાળ અને ભારત વચ્ચેના સરહદ વિવાદને લઈ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ ભારતીય વિદેશ નીતિને નવેસરથી મજબૂત કરવા પર જોર આપ્યું છે.

સુબ્રમણ્યમ સ્વામીના કહેવા પ્રમાણે ભારતે વિદેશ નીતિને ફરીથી સ્થાપિત કરવાની જરૂર છે. સ્વામીએ પોતાની ટ્વીટમાં લખ્યું હતું કે, 'નેપાળ કઈ રીતે ભારતીય ક્ષેત્ર માટે વિચારી પણ શકે? તેમની ભાવનાઓને એટલી હદે આહત કરવામાં આવી છેકે તે ભારત સાથેના સંબંધો તોડવા ઈચ્છે છે? શું આ આપણી અસફળતા નથી? વિદેશ નીતિને ફરીથી સ્થાપિત કરવાની જરૂર છે.'

એક તરફ શનિવારે જ નેપાળની પ્રતિનિધિ સભાએ સંશોધિત રાજકીય નકશા સંબંધિત એક બિલને પાસ કર્યું હતું જેમાં ભારતીય જમીનને પોતાની ગણાવી હતી ત્યારે તેવા સમયમાં જ સુબ્રમણ્યમ સ્વામીની આ ટિપ્પણી સામે આવી છે. ભારતે નેપાળના આ ઉલ્લંઘન અને દાવાઓને એક કૃત્રિમ વિસ્તાર ગણાવ્યો છે. ઉલ્લેખનીય છેકે નેપાળના નકશામાં ભારતના ઉત્તરાખંડમાં આવેલા લિપુલેખ, કાલાપાની અને લિંપિયાધુરા વિસ્તારો પર પોતાનો દાવો કરવામાં આવેલો છે.

દુનિયાના ૮૦ દેશોમાં શાંતિ વધીઃ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક્સ એન્ડ પીસનો રિપોર્ટ

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસની મહામારી વચ્ચે ભારત સહિત દુનિયાના ૮૧ દેશોમા શાંતિ વધી છે. ઈન્સ્ટિયુટ ઑફ ઈકોનોમિક્સ એન્ડ પીસના હાલના રિપોર્ટ મુજબ, દુનિયાના ૮૦ દેશોમા શાંતિ વધી છે.

શાંતિના મામલે દુનિયાના ૧૬૩ દેશોમા ભારત ૧૩૯મા નંબર પર છે. રિપોર્ટે આપેલી માહિતી અનુસાર, નાગરિક સંશોધન કાનુનને લઈને દેશમા વિવાદ ના થયો હોત, તો ભારતની સ્થિતિમા વધુ સુધારો થઈ શકત.

ભારતમા વિભિન્ન રાજનૈતિક, જાતીય અને ધાર્મિક સમુહો વચ્ચે તણાવ દેશમા શાંતિ માટે ખતરારૂપ છે. ભારત વિશે કહેવામા આવે છે કે, સંયુક્ત રાષ્ટ્રના શાંતિ વધારવાના પ્રયાસોમા ભારતની ભૂમિકા મુખ્ય રૂપ બની છે.

સાથે જ દુનિયાભરમા ચાલી રહેલા હથિયારોની હોડ વચ્ચે સેના પર થયેલા ખર્ચમા ઘટાડો ઉલ્લેખનીય છે. ગ્લોબલ પીસ ઈન્ડેકેસમા આઈસલેન્ડ સતત ૮મી વાર સૌથી શાંત દેશ રહ્યો છે. મુખ્ય ૫ દેશોમા યુરોપમાથી એક ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.

અમિતાભ બચ્ચને રિશી કપૂરની જૂની તસવીર શેર કરીને કહ્યું

તેમની જેમ ગીત પર લિપ સિંક કોઈ ના કરી શકે

મુંબઈ

અમિતાભ બચ્ચને હાલમાં જ ઈન્સ્ટાગ્રામ પર એક જૂની તસવીર શેર કરી હતી. આ તસવીરમાં સ્વર્ગીય એક્ટર રિશી કપૂર, કરન જોહર, ગણેશ હેગડે તથા અભિષેક બચ્ચન જોવા મળે છે. અમિતાભે આ તસવીર શેર કરીને કહ્યું હતું, કોઈ પણ વ્યક્તિ રિશી કપૂરની જેમ પૂર્ણ રીતે ગીત પર લિપ સિંક કરી શકે નહીં. તમે જુઓ તેમના એક્સપ્રેશનમાં કેટલું પેશન છે. ખાસ વાત એ છે કે આ ઉંમરમાં પણ તેઓ આ કાર્યક્રમમાં એકદમ રિયલ લાગી રહ્યાં છે.

અમિતાભ બચ્ચને જે તસવીર શેર કરી છે તે વર્ષ ૨૦૧૫માં પ્રસારિત થતાં ડાન્સ રિયાલિટી શો 'ઝલક દિખલાજા'ની આઠમી સિઝનની છે. આ શોમાં રિશી તથા અભિષેક બચ્ચને ફિલ્મ 'ઓલ ઈઝ વેલ'નું પ્રમોશન કર્યું હતું. શોમાં રિશી કપૂરે 'ઓમ શાંતિ ઓમ' ગીત પર ડાન્સ કર્યો હતો. શોના જજ કરન જોહર, શાહિદ કપૂર, ગણેશ હેગડે તથા લૌરેન હતાં. ૩૦ એપ્રિલના રોજ રિશી કપૂરનું એચએન રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલમાં નિધન થયું હતું. ૬૭ વર્ષીય રિશી કપૂરને છેલ્લાં બે વર્ષથી લ્યૂકેમિયા હતું.

અમિતાભ સાથે તેમની મિત્રતા પાંચ દાયકા જૂની હતી. બંનેએ ફિલ્મ 'કભી કભી', અમર અકબર એન્થની', 'નસીબ', 'કુલી', 'અજૂબા' તથા '૧૦૨ નોટ આઉટ'માં કામ કર્યું હતું. રિશી કપૂરના નિધન બાદ અમિતાભે કહ્યું હતું કે તે ક્યારેય રિશીને મળવા હોસ્પિટલ ગયા નહોતાં. તેઓ સંકટ સમયે તેમનો ચહેરો જોઈ શકે તેવી સ્થિતિમાં નહોતાં.

કોરોનાને શાહિદ આફ્રિદીથી બચાવો ભગવાન, અકમલ એક ટ્વીટથી થયો ટ્રોલ

નવી દિલ્હી

પાકિસ્તાન ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદી કોરોના પોઝિટીવ આવ્યો છે. આફ્રિદીએ ટ્વિટર પર આ વાત શેર કરી છે. આફ્રિદીએ કહ્યું કે હું ગુરૂવારે અચાનક અસ્વસ્થ હોઉ તેવુ અનુભવી રહ્યો હતો. મારૂ આખુ શરીર તૂટતુ હતુ. મે રીપોર્ટ કરાવ્યો તો દુર્ભાગ્યવશ હું કોવિડ ૧૯ પોઝિટીવ આવ્યો. મને જલ્દી સાજુ થવુ છે મારા માટે દૂઆ કરજો. આપને જણાવી દઈએ કે કોરોના સંક્રમણ શરૂ થયા બાદ આફ્રિદી પાકિસ્તાનમાં સતત ગરીબો અને જરૂરિયાતમંદોની મદદ કરી રહ્યો છે.

તે પોતાની ટીમ સાથે પાકિસ્તાનના અલગ-અલગ વિસ્તારમાં રાહત સામગ્રી પહોંચાડી રહ્યો છે. તો બીજી બાજુ પ્રશંસકોના નીશાના પર ઉમર અકમલ આવી ગયો છે. ફેન્સ તેના નામે મીમ્સ બનાવી શાહિદ આફ્રીદી સાથે જોડી રહ્યા છે. મોટા ભાગના પ્રશંસકોએ લખ્યુ કે કોરોનાને શાહિદથી બચવાની જરૂર છે. વાત એમ છે કે ઉમરનું એક ટ્વીટ ખુબજ વાયરલ થયુ હતુ જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેણે ભૂલ કરી છે. 'Brother From Another Mother'ની જગ્યાએ 'Mother From Another Brother' લખ્યુ જેના પર તેને ભારે ટ્રોલ કરવામાં આવી રહ્યો છે. લોકો મીમ્સ બનાવી તેની મજાક ઉડાવી રહ્યા છે.

તેલંગાણામાં અંતિમ સંસ્કારમાં હાજર રહેનાર ૧૯ લોકો કોરોના પોઝિટિવ

હૈદરાબાદ

તેલંગાણાના સાંગારેડ્ડીમાં એક કોરોના પોઝિટિવ મહિલાના અંતિમ સંસ્કારમાં સામેલ થયા બાદ ૨૫માથી ૧૯ લોકો કોરોના પોઝિટિવ નીકળ્યા છે. આ લોકો ૧૦ જૂને સાંગારેડ્ડીના જહીરાબાદમાં એક મહિલાના અંતિમ સંસ્કારમાં સામેલ થયા હતા.

કોરોનાના લક્ષણ દેખાયા બાદ આ લોકોનો ટેસ્ટ શનિવારે કરવામાં આવ્યો તો આમાંથી ૧૯ લોકો કોરોના પોઝિટિવ નીકળ્યા. આ તમામને હૈદરાબાદના ગાંધી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. આ મહિલા જહીરાબાદના શાંતિ નગર કૉલોનીમાં રહેતા હતા. મહિલાનુ સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ. આ દરમિયાન જ્યારે મહિલાનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા તો કોરોના પોઝિટિવ નીકળ્યા.

૫૫ વર્ષીય આ મહિલાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. ૯ જૂને તેમનો કોરોના સેમ્પલ લેવામાં આવ્યો જે બાદ તરત જ મહિલાનું મોત નીપજ્યુ. જોકે હોસ્પિટલ વહીવટીતંત્રએ બેદરકારી દાખવતા કોરોના પરિણામની રાહ જોવા વિના મહિલાનો મૃતદેહ તેમના પરિવારને સોંપાયો. મહિલાના સગા-વ્હાલાઓએ પારંપારિક રીતિ રિવાજનું પાલન કરતા તેમના મૃતદેહના અંતિમ સંસ્કાર કર્યા.

ફિલ્મ 'મુન્નાભાઈ' ફેમ એક્ટર સુરેન્દ્ર રાજનની મદદ કરશે સોનુ સૂદ

મુંબઈ

એક્ટર સોનુ સૂદ શ્રમિકોને તેમના વતન પહોંચાડવામાં સતત મદદ કરી રહ્યો છે. હવે,સોનુ સૂદે 'મુન્નાભાઈ' તથા 'આર રાજકુમાર' ફેમ એક્ટર સુરેન્દ્ર રાજનની મદક કરવાનું નક્કી કર્યું છે. સુરેન્દ્ર રાજન માર્ચમાં વેબ સીરિઝના શૂટિંગ માટે મુંબઈ આવ્યા હતાં અને ત્યારબાદ લૉકડાઉન જાહેર કરતાં તેઓ અહીંયા ફસાઈ ગયા હતાં. જ્યારે સોનુ સૂદને ખબર પડી કે રાજન અહીંયા ફસાઈ ગયા છે તો તેમણે એક્ટરને સાંત્વના આપી હતી કે તેઓ ૧૮ જૂન પહેલાં તેમના હોમ ટાઉન સતનામાં હશે.

સંજય દત્તની ફિલ્મ 'મુન્નાભાઈ એમબીબીએસ' માં સુરેન્દ્ર રાજને હોસ્પિટલના સ્વીપરનો રોલ પ્લે કર્યો હતો. તેમણે કહ્યું હતું કે સોનુ સૂદના કામથી તેમને અચરજ થયું છે. એક વ્યક્તિ આ પ્રકારનું કામ કરી રહ્યો છે. તે સતત લોકોની મદદ કરે છે. આવું કામ કરવું ત્યાં સુધી શક્ય નથી જ્યાં સુધી તમારી અંદરની ઈચ્છાશક્તિ મજબૂત ના હોય. નોંધનીય છે કે સોનુ સૂદ મુંબઈમાં ફસાયેલા શ્રમિકોને તેમના વતન પહોંચાડી રહ્યો છે. તે બસ, ટ્રેન તથા ફ્લાઈટમાં શ્રમિકોને તેમના વતન મોકલી રહ્યો છે. સુરેન્દ્ર રાજને આગળ કહ્યું હતું કે તેઓ આજે પણ સંજય દત્ત સાથે સંપર્કમાં છે અને તેને દીકરાની જેમ માને છે. જોકે, તેઓ સંજય દત્ત પાસે મદદ માગી શકતા હતાં પરંતુ તે કોઈના પર આધાર રાખવા માગતા નથી.

તેમના સાથીઓએ ત્રણ મહિનાનું ૪૫ હજાર ભાડું ભર્યું હતું. તેમને ઈજીજી (રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ) પાસેથી પણ મદદ મળી હતી. તેમણે રાશન પૂરું પાડ્યું હતું. સુરેન્દ્ર રાજને વાતચીતમાં કહ્યું હતું કે જુનિયર આર્ટિસ્ટ હોવાને કારણે અનેક પ્રોજેક્ટ્સના પૈસા તેમને હજી સુધી મળ્યાં નથી. તેમને લાંબા સમયથી કામ પણ મળ્યું નથી. આવક એટલી નથી અને તેને કારણે તેઓ આર્થિક સંકટનો સામનો કરી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે સુરેન્દ્ર રાજન પેઈન્ટર તથા ફોટોગ્રાફર છે. નોંધનીય છે કે સુરેન્દ્ર રાજને 'ધ લિજેન્ડ ઓફ ભગતસિંહ'માં મહાત્મા ગાંધીનો રોલ પ્લે કર્યો હતો.

કોરોના સંક્રમિત મોહેના કુમારી પરિવાર સહિત હોસ્પિટલથી ઘરે પરત ફરી

મુંબઈ

યે રિશ્તા ક્યા કહેલાતા હે ફેમ ટીવી એક્ટ્રેસ અને ઉત્તરાખંડના પર્યટન મંત્રી સતપાલ મહારાજની વહુ મોહેના કુમારી સિંહ હોસ્પિટલથી ઘર પહોંચી ગઈ છે. જ્યારે તેનો કોરોના ટેસ્ટ હજુ નેગેટિવ નથી આવ્યો. મોહેનાએ આ વાતની જાણકારી સોશિયલ મીડિયા પર આપી હતી. તેણે જણાવ્યું કે ૧૦ દિવસ સુધી હોસ્પિટલમાં રહી પણ કોરોનવાઈરસ સામેની જંગ હજુ ચાલુ છે. મોહેનાએ તેની ઈન્સ્ટા સ્ટોરીમાં લખ્યું કે, હું ઘરે પરત આવી ગઈ છું. પણ અમે હજુ કોવિડ -૧૯ પોઝિટિવ છીએ. અમે સંપૂર્ણ રીતે આઈસોલેશનમાં છીએ. અમને નથી ખબર કે ટેસ્ટ નેગેટિવ આવવામાં કેટલો સમય લાગશે. અમે ૧૦ દિવસ સુધી હોસ્પિટલમાં રહ્યા અને સંભવતઃ તેના પાંચ દિવસ પહેલાં વાઈરસ મારી બોડીમાં આવ્યા હતા. મોહેનાએ આગળ લખ્યું કે, આશા છે કે અમને વાઈરસને હરાવવામાં થોડા દિવસનો સમય લાગશે પણ ત્યાં સુધી અમારે કડક નિયમોનું પાલન કરવાનું રહેશે. હાલ તો અમે બધા સ્વસ્થ ફીલ કરી રહ્યા છીએ.

બધાના સપોર્ટ માટે ફરી એકવાર આભાર. મોહેના, તેના પતિ સુયશ, જેઠ-જેઠાણી અને ભત્રીજાને ૧૦ જૂને નેગેટિવ ટેસ્ટ આવ્યા ન હતા તેમ છતાં ઋષિકેશની એમ્સ હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ. તેમને હોમ ક્વોરન્ટીનમાં મોકલી દેવામાં આવ્યા. તેના સસરા સતપાલ મહારાજ અને સાસુ અમૃતાનો ટેસ્ટ નેગેટિવ નહીં આવે ત્યાં સુધી તેમને હોસ્પિટલમાં જ રાખવામાં આવશે. હોસ્પિટલ ઓથોરિટીના જણાવ્યા મુજબ, બાકી સભ્યોને સરકારની નવી ગાઈડલાઈન મુજબ ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આ દરેક સભ્ય ૧૦ દિવસથી વધુ હોસ્પિટલમાં રહ્યા અને શરૂઆતથી ટેસ્ટ પોઝિટિવ આવ્યા છતાં પણ તેમનામાં કોવિડના લક્ષણ દેખાયા ન હતા.

મે ક્યારેય દારુ કે તમાકુની જાહેરાત નથી કરીઃ સચિન તેંદુલકર

નવી દિલ્હી

ક્રિકટના માસ્ટર બ્લાસ્ટર ગણાતા સચિન તેંદુલકરે પોતાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેરિયરની શરૂઆત ૧૯૮૯માં કરી. સચિને ૨૪ વર્ષ સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી, પણ તેને ક્યારેય કોઈ દારુ કે તમાકુની જાહેરાત માટે કામ નથી કર્યું. સચિને એક હિન્દી ન્યૂઝ ચેનલના એક કાર્યક્રમમાં આ વાતનો ખુલાસો કર્યો અને એડ ના કરવા પાછળનુ કારણ પણ જણાવ્યુ હતુ. સચિને કહ્યું કે, મે મારા પિતાજીને વચન આપ્યુ હતુ કે હું ક્યારેય દારુ કે કોઈપણ પ્રકારના તમાકુને પ્રમોટ નહીં કરુ. આ કારણે મે ક્યારેય દારુ કે તમાકુની જાહેરાત નથી કરી.

તેને કહ્યું- મારા પિતાએ મને કહ્યું હતુ કે હુ બીજાઓ માટે રોલ મૉડલ છું. કેટલાય લોકો મને ફોલો કરે છે. આ જ કારણ છે કે મેં ક્યારેય દારુ કે કોઈ તમાકુ ઉત્પાદોનુ પ્રમોશન નથી કર્યુ. સચિને કહ્યું કે, ૧૯૯૦માં મારા બેટ પર કોઈપણ સ્ટીકર ન હતુ, મારી પાસે કોઈ કૉન્ટ્રાક્ટ ન હતો, મને તમાકુ ઉત્પાદોનું પ્રમોશન કરવાની કેટલીયવાર ઓફર મળી, પણ મેં મારા પિતાને કરેલા વાયદાને ના તોડ્યો. મે આવી કોઈ બ્રાન્ડ્સનુ પ્રમોશન ના કર્યુ.

તેને આગળ કહ્યું- મે આવી બ્રાન્ડના સ્ટીકર મારા બેટ પર લગાવવાની પણ ઓફર મળી, પણ હું દારુ અને સિગારેટ બન્નેથી દુર રહ્યો, મે ક્યારેય મારા પિતાને કરેલા વાયદાને નથી તોડ્યો. આમ સચિને પોતાની કેરિયરમાં દારુ-તમાકુની એડ ના કરવાનુ સ્પષ્ટ કારણ બતાવ્યુ હતુ.

આણંદમાં પોલસન ડેરી રોડ પર ૮૦ વર્ષના વૃદ્ધ કોરોના સંક્રમિત થતા લોકોમાં વધી ચિંતા

આણંદ

શહેરમાં અનલોક-૧ છુટછાટ વધ્યાબાદ જુદા જુદા વિસ્તારમાંથી કોરોના પાઝિટીવ કેસ મળી રહ્યાં છે. સવારે આણંદ શહેરના પોલસન ડેરી રોડ પર મૌલાના મેશન રહેતા ૮૦ વર્ષના વૃધ્ધનો રીપોર્ટ પોઝિટીવ આવ્યો છે. આણંદ શહેરના પોલસન ડેરી રોડ મૌલાના મેન્શન ખાતે રહેતા અબ્દુલ હકક વ્હોરા ઉ.વ.૮૦ છેલ્લા કેટલાંક સમયથી ડાયાબીટીશ,કીડની અને હ્યદયની બિમારીથી પીડાતા હતા અને તેઓને બાયપાસ પણ કરવામાં આવ્યું છે.

તેમની તબિયત લથડતાં અમદાવાદાના પાલડી વિસ્તારમાં આવેલી એમ્સ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા.ત્યાંથી ૬ જૂનના રોજ રજા આપવામાં આવી હતી.ત્યારબાદ તેમને વડોદરા શહેરની સવિતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દરમિયાન અમદાવાદની સુપ્રા ટેક લેબમાં તેમનો કોરોના ટેસ્ટ કરાવવામાં આવતાં પોઝિટીવ આવવા પામ્યોછે. હાલમાં દર્દી વડોદરાની હોસ્પિટલમાં જ સારવાર હેઠળ છે.આણંદ આરોગ્ય વિભાગને આ બાબતની જણ કરતાં જ આરોગ્ય વિભાગને કરવામાં આવી હતી. જેથી શનિવાર સવારે આરોગ્ય વિભાગની મેડિકલ ટીમો,નગરપાલિકા અને પોલીસની ટીમ પોલસન ડેરી રોડ પહોંચી ગઇ હતી.મૌલાના મેશનમાં રહેતા તેમના પરિવારના ૩ સભ્યોને હોમ કવોરોન્ટીન કરી દેવામાં આવ્યા છે. અને મેડિકલ ટીમ દ્વારા તેઓની પણ ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

ભારત ક્રિકેટ ટીમે પોતાને પુરવાર કરવાનું છે ત્યાં સુધી વર્લ્ડ ચેમ્પિયન કહી શકે નહીંઃ ગંભીર

નવી દિલ્હી

ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર અને હવે રાજકારણી બની ગયેલા ગૌતમ ગંભીર માટે એમ કહેવાય છે કે તે જ્યારે બોલે છે ત્યારે બેફામ બોલે છે અને કોઈ શરમ રાખતો નથી. ગંભીરે જણાવ્યું હતું કે દબાણ હોય ત્યારે કપરી પરિસ્થિતિમાં માનસિક મજબૂતીથી રમવું પડે છે જેની ભારતીય ટીમમાં ખામી છે. જ્યાં સુધી આ ખામી દૂર થાય નહીં અને વર્લ્ડ કપ જેવી મેજર ઈવેન્ટ જીતે નહીં ત્યાં સુધી ભારત પોતાને વર્લ્ડ ચેમ્પિયન કહી શકે નહીં. ભારતે ૧૯૮૩ અને ૨૦૧૧માં વર્લ્ડ કપ જીત્યો હતો પરંતુ તે સિવાય ચાર વખત તે સેમિફાઈનલમાંથી આઉટ થઈ ગયું હતું. ટી૨૦માં ભારતે ૨૦૦૭મા પહેલા જ વર્લ્ડ કપમાં ટ્રોફી જીતી હતી જ્યારે ૨૦૧૪માં ટીમ ફાઈનલમાં પહોંચી હતી.

ગંભીરે જણાવ્યું હતું કે ટીમમાં એક સારા ખેલાડી અને એક અત્યંત સારા ખેલાડી વચ્ચેમાં જે ફરક છે તે એ છે કે મહત્વપૂર્ણ મેચમાં તમે કેવી રીતે રમો છો. મને લાગે છે કે ભારતીય ટીમ દબાણમાં સારી રીતે રમી શકતી નથી. જ્યારે અન્ય ટીમો દબાણનો સામનો કરી શકે છે. તમે લીગ તબક્કામાં સારું રમો છો તો સેમિફાઈનલ કે નોક આઉટમાં સારો દેખાવ કરી શકતા નથી. આ જ તો માનસિક મજબૂતી છે.

૨૦૧૧માં ભારતે ૨૮ વર્ષ બાદ વર્લ્ડ કપ જીત્યો હતો. એ ટીમમાં રમી ચૂકેલા અને ફાઈનલમાં શાનદાર બેટિંગ કરનારા ગંભીરે જણાવ્યું હતું કે ભારતે પોતાને પુરવાર કરવાનું છે અને આમ નહીં થાય ત્યાં સુધી તેઓ પોતાને વર્લ્ડ ચેમ્પિયન કહી શકે નહીં. આપણે કહીએ છીએ કે અમે વર્લ્ડ ચેમ્પિયન બનવા માટે સક્ષમ છીએ પરંતુ મેદાન પર જઈને પુરવાર કરો નહીં ત્યાં સુધી વર્લ્ડ ચેમ્પિયન કહી શકાય નહીં.

કોરોના મહામારી માં વધુ એક બોલિવૂડ અભિનેતા રવિ ચોપરાનું નિધન

મુંબઈ

બોલિવૂડ અભિનેતા રવિ ચોપરાનું રાતે નિધન થઇ ગયું છે. રિપોર્ટ્સ મુજબ તેમને કેન્સર હતું પરિવાર તેમનો ખર્ચો ઉઠાવી શકતા ન હતા. તે મુશ્કેલ હાલાતમાં જીવી રહ્યા હતા. રવિએ ૧૯૭૨માં આવેલી ફિલ્મ મોમ કી ગુડિયામાં તેમના રોલ માટે તેમણને યાદ કરવામાં આવે છે. જ્યારે તે રતન નામથી પણ ઓળખાતા હતા. બોલિવૂડમાં એક પછી એક ખરાબ ખબર આવી રહી છે. ઈરફાન ખાન, ઋષિ કપૂર અને વાજિદ ખાન જેવા સ્ટાર્સના મોત બાદ અભિનેતા રવિ ચોપરાના નિધનની ખબર આવી રહી છે. તેમની આર્થિક સ્થિતિ વધારે ખરાબ હતી. ભોજન માટે તેમણે ગુરુદ્વારા કે મંદિરના પ્રસાદના ભરોસે રહેવું પડતું હતું. તે લાંબા સમયથી પંચકુલામાં ભાડાના મકાનમાં રહી રહ્યા હતા. તેમની પાસે કોઈ સારવારનાં પૈસા નહોતા.

દારૂડિયા-જુગારી પતિના ત્રાસથી મહિલાએ કર્યો આપઘાત, બે બાળકો બન્યા નોંધારા

ગાંધીનગર

દારૂ અને જુગારના રવાડે ચડેલા પતિના ત્રાસથી ગોકુળપુરામાં રહેતી મહિલાએ આપઘાત કર્યો હતો. માતાના નિધન બાદ પિતા આરોપી બની જતાં પાંચ વર્ષનો દીકરો અને દોઢ વર્ષની દીકરી નોંધારા બન્યા છે. અમદાવાદ ખાતે રહેતાં મહિલાના પિતા ઈશ્વરભાઈ હીરાભાઈ પરમારે સે-૭ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી મુજબ તેમની દીકરી કૈલાસ (૨૯ વર્ષ)ના લગ્ન ૧૧ વર્ષ પહેલાં ગોકુળપુરા ખાતે રહેતાં અનિલભાઈ રમેશભાઈ પરમાર સાથે થયા હતા. લગ્ન જીવનમાં તેમને ૫ વર્ષનો દીકરો અને દોઢ વર્ષની દીકરી છે. પતિ અનિલભાઈ દારૂ પીવાની અને જુગાર રમવાની ટેવવાળો હોવાથી કૈલાસબેનને શારીરિક માનસિક ત્રાસ આપતો હતો. પતિના ત્રાસથી કંટાળીને કૈલાસબેનને પિયર આવી જતા હતા, પરંતુ પરિવારજનો તેમને સમજાવીને પાછા મોકલતા હતા. ૧૧ જુનના રોજ સવારે આઠ વાગ્યે અનિલે સાસરીમાં ફોન કરીને જાણ કરી હતી કે પત્ની કૈલાસબેને ઉધઈ મારવાની દવા પી લીધી છે. જેને પગલે ફરિયાદી ગાંધીનગર સિવિલ આવ્યા હતા, સાંજે સાડા છના અરસામાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. સામાજિક રાહે બંને પરિવાર વચ્ચે સમાધાનના પ્રયાસ ચાલી રહ્યા હતા, પરંતુ મૃતકના પિતા આ અંગે ફરિયાદ નોંધાવવા મક્કમ રહ્યા હતા.

બિજલબેન પટેલના નેતૃત્વમાં "અમ્પુકોનો પ્રિ મોન્સુન પ્લાન સફળ:ચારે બાજુ ખાડા અને "પાણી જ પાણી"

ગાંધીનગર

જો ભાઈ દર વખતની જેમ એ. સી. ચેમ્બરમા નાસ્તા પાણીની જયાફત ઉડાવતા કરોડોનો પ્રિ મોન્સુન પ્લાન" બનાવ્યા હતો. અમદાવાદના નાગરિકો પર મને પુરો વિશ્વાસ છે કે તેઓ વરસાદી આફતને અવસરમાં બદલી નાખશે. અને જુઓ અમદાવાદ શહેરમાં પાણી ભરાવા ,ખાડા પડવા નવી વાત નથી. આ કોરોના મહામારીમા એસ. વી. પી. ની ચેરમેન હોવા છતાં પ્રજા વચ્ચે એક પણ દિવસ ગઈ નથી છતાં પરિસ્થિતિ નિયંત્રણમાં છે. અને જુઓ ધનવંતરી આરોગ્ય રથને ઝંડી બતાવવા બાવન દિવસ પછી આાવીને અને મેન્ગો ફેસ્ટિવલનું રીબીન કાપીને ઊદઘાટનમા કર્યુ કે નહીં નવરંગપુરામાં માઈક્રો કોરોન્ટાઈન વિસ્તારમાં કોરોનાની દરકાર કર્યા વગર અને તમામ નિયમો બાજુમા રાખીને તુલસીના કુંડાનું વિતરણ કર્યુંને ભલે ત્યાં હાજર અમારા કોર્પોરેટરને કોરોના થયો છતાં અમે કાંઈ કીધું.

વિજય નેહરા ને કોર્પોરેશન છોડાવ્યું તેમ કોરોનાને અમદાવાદ છોડાવીને જ જંપીશું. હવે શહેરમાં પાણી ભરાય, રોડ તુટે, ખાડા પડે, ભુવા પડે એમા મારો વાંક. જરા જુઓ કોંગ્રેસના વખતમાં આટલા ભુવા કયારેય પડયા હતાં, પાણી આટલા બધા ભરાતા હતાં. અને એક મહિલા થઈને હું કેટકેટલી જગ્યાએ દોડું નાગરિકોએ સ્ત્રી દાક્ષિણ્ય દાખવવું જોઈએ કે નહીં. અને મેં અગાઉ પણ કહ્યું હતું કે "હા અમદાવાદ મારું છે" ગમે તેટલા ખાડા પડે કે પાણી ભરાય આ બધી બાબત અમદાવાદનો વિકાસ સુચવે છે તેને સમજવા મારા જેવી દિર્ઘ દ્રષ્ટિ જોઈએ.

લોકો કહે છે મેયર અભિમાની થઈ ગયા છે. તો હા મને મારા અમદાવાદના નાગરિકો પર ગર્વ છે અભિમાન તો થાય જ ને અમ્પુકોના અત્યાર સુધીના મેયરો કરતા કાંઈક અલગ ઓળખ આજે બનાવી દીધી છે. શહેરના નાગરિક સમજુ છે. દર વખત કરતાં આ વખતે ખૂબ હાડમારી સહન કરી છે પછી તે વરસાદ, રોડ રસ્તા, ભુવા હોય કે શહેરનો ભ્રષ્ટાચાર હોય. છતાં કોર્પોરેશનમા ભાજપને જ લાવશે. પ્રજા ભોટ સોરી ભોળી છે ભ્રષ્ટાચાર સહીત તમામ હાડમારી નજર અંદાજ કરશે. હવે તો પ્રજાને ટેવ પડી ગઈ છે. જુઓ નેહરાને કોર્પોરેશન છોડાવ્યું મારી સામે કોઈ હોબાળો થયો, હું મારી જવાબદારી ચુકી છતાં મને કોઈ ખસેડી શકયું. બસ આને જ શાસકપક્ષની એકતા અને સ્ત્રી સશક્તિકરણ કહેવાય.

દાહોદમાં એક જ પરિવારની ૪ દીકરીઓના તળાવમાં ડૂબી જવાથી મોત

દાહોદ

દાહોદના ગરબાડાના ગૂંગરડી ગામમાં એક જ પરિવારની ચાર દીકરીઓ તળાવમાં ડૂબી જતા ગામમાં ગમગીની છવાઈ ગઈ છે. એક જ કુટુંબની ૮ વર્ષ, ૯ વર્ષ, ૧૧ વર્ષ અને ૧૨ વર્ષની ચાર બાળકીઓ તળાવમાં ડૂબી જવાથી પરિવાર દુખમાં સરી ગયો છે. ચારેય બાળકીઓ મજૂર પરિવારની કાકા-કાકાની બહેનો હતી. તેઓ ગઇકાલે ઢોર ચરાવવા નીકળી હતી. આ ઘટનામાં મળેલી માહિતી પ્રમાણે, ગરબાડા તાલુકાના ગૂંગરડી ગામના માળ ફળીયાની આ ઘટના બની હતી.

એક જ પરિવારની કાકા-કાકાની ચાર દીકરીઓ ઢોર ચરાવવા ગઈ હતી. મોડી સાંજ સુધી બાળકીઓ ઘરે ન આવતા પરિવારજનોએ તેમની તપાસ કરી હતી. ત્યારે તળાવ પાસેથી બાળકીઓના કપડા મળી આવ્યા હતા. જે બાદ આ ચાવેવની સ્થાનિક તરવૈયાઓ દ્વારા તળાવમાં શોધખોળ કરાઈ હતી. જે બાદ ૬ કલાકની ભારે જહેમત બાદ મધરાતે ચારેય બાળકીઓના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. એક જ પરિવારની ચાર દીકરીનાં મૃતદેહ જોઈને પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું હતુ. મૃતક દીકરીઓમાં ૧૨ વર્ષની પાયલ ભાભોર, ૧૧ વર્ષની મિતલ ભાભોર, ૧૦ વર્ષની જોશનાબેન ભાભોર, ૮ વર્ષની નીલમ ભાભોર છે. આ ઘટના બાદ ગૂંગરડી ગામમાં ગમગીનીનો માહોલ છવાયો હતો.

પોતાના ઘરમાં જ મહિલાને કુહાડી મારી હત્યા કરનાર મહિલાનું રહસ્ય અકબંધ

હાલોલ

હાલોલ તાલુકાના સાઢીયા ગામે થયેલી મહિલાની હત્યા પ્રકરણમાં અજાણી મહિલા કોણ તેનું રહસ્ય હજુ પણ અકબંધ. પોલીસે હત્યાના આરોપીની ગણત્રીના કલાકોમાં ઝડપી પાડી તેની અટકાયત કરી કોવિડ ૧૯ના ટેસ્ટ માટે મોકલી આપ્યો હોવાનું જાણવા મળ્યું છે. હાલોલ તાલુકાના પાવાગઢની તળેટીમાં આવેલ સાઢીયા ગામે રહેતો મુકેશ રઈજી બારીયાએ આજથી ત્રણ દિવસ પહેલા પોતાના જ ઘરમાં કોઈ અજાણી મહિલાને કુહાડીના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધી હતી. હત્યા કર્યા બાદ આરોપી મુકેશ બારીયા ઘરે થી ભાગી છૂટ્યો હતો.

આરોપી મુકેશ છેલ્લા ઘણા સમય થી એકલો રહેતો હતો. બનાવ અંગેની જાણ નજીક માં રહેતા આરોપી મુકેશના કાકાને થતાં તેમને ગામના સરપંચ તેમજ પાવાગઢ પોલીસને જાણ કરતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પોલીસે તપાસ બાદ હત્યાનો ગુનો નોંધી હત્યા નો ભોગ બનનાર મહિલાની લાશને હાલોલ રેફલ ખાતે પોસ્ટમોર્ટમ કરાવી વડોદરા કોલ્ડ રૂમ ખાતે મોકલી આપી હતી. પોલીસે હત્યારા મુકેશ બારીયા ને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી તેને કોવિડ ૧૯ ના ટેસ્ટ માટે મોકલી આપવામાં આવ્યો હતો. હત્યા પ્રકારમાં ભોગ બનેલી મહિલા કોણ છે?

ક્યાંથી આવી હતી ?મહિલાનો આરોપી સાથે શું સંબંધ હતો? અને હત્યારા મુકેશએ આ મહિલાની હત્યા કેમ કરી તે હજી સુધી રહસ્ય અકબંધ રહ્યું છે. પોલીસ મૃતક મહિલા ની ઓળખ છતી કરવા ના અથાગ પ્રયત્નો કરી રહી છે. પરંતુ હજુ સુધી આ મહિલા કોણ છે તેની હજુ ખબર પડી નથી.

અમદાવાદમાં પુત્રવધૂએ સસરાને માથામાં બાસ્કેટ મારતા ૧૦ ટાંકા આવ્યા, ફરિયાદ

અમદાવાદ

શહેરના સાબરમતી વિસ્તારમાં ધર્મનગરમાં નિવૃત પોલીસ કર્મચારીને તેમની પુત્રવધૂએ માર માર્યો હોવાની ઘટના બની હતી. માથામાં શાકભાજી ભરવાનું બાસ્કેટ મારતા દસ ટાંકા પણ આવ્યા હતા. સાબરમતી પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

સાબરમતીમાં આવેલી ધર્મનગર સોસાયટીમાં કાંતિલાલ પુરોહિત તેમના પુત્ર સાથે રહે છે. કાંતિલાલ વર્ષ ૧૯૮૮માં એ.એસ.આઈ તરીકે નિવૃત્ત થયા હતાં. તેમને સંતાનમાં બે પુત્રો છે જેમાં એક પુત્ર લંડન ખાતે રહે છે. ૧૧મીએ તેઓ ઘરે હાજર હતા ત્યારે તેમના પુત્ર સંજયની પત્ની શ્રદ્ધાબહેને તેમના સસરાને પૂછ્યું કે તેઓ રૂમની સામે કેમ જોવે છે. જોકે કાંતિલાલએ કહ્યું કે તેઓ તેમના રૂમમાં જોતા નથી.

આ બાબતને લઈ બોલાચાલી થઈ હતી. બાદમાં શ્રદ્ધાબેને ઝઘડો કરી શાકભાજી ભરવાનું બાસ્કેટ માથામાં મારી દીધું હતું. બાદમાં ઈજાઓ પહોંચતા કાંતિલાલને સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં તેમને ઈજાના ભાગે દસ ટાંકા આવ્યા હતા.

છોટાઉદેપુર લોકસભાના સાંસદ ગીતાબેન રાઠવા સોશિયલ મીડિયામાં જવાબ આપતા થયા ટ્રોલ

વડોદરા

ભાજપના આદિવાસી મહિલા સાંસદ ગીતાબેન રાઠવા ફેસબુક ઉપર પોતાની એક કોમેન્ટના કારણે ચર્ચામાં આવ્યા છે. વડોદરા જિલ્લાના છોટાઉદેપુરના તેમના મત વિસ્તાર ડભોઈ ગામે કોરોના વાઈરસની મહામારીને લઈ ઉકાળા વિતરણ તેમજ અન્ય કાર્યક્રમનો વીડિયો ફેસબુક ઉપર શેર કર્યા છે. જેમાં એક શખ્સે આરક્ષણ મુદ્દે સવાલ કરી દીધો હતો. જેના પ્રત્યુત્તરમાં ગીતાબેને કહ્યું કે, તું તારા ગામમાં કોઈ સેવા કાર્ય કર પછી બીજા લોકો ને આંગળી કર. ગીતાબેનની આ કોમેન્ટ બાદ કેટલાક લોકોએ નિમ્ન ભાષા ઉપયોગ બદલ ગીતાબેનને ટ્રોલ કર્યા છે. સાથે કોમેન્ટને સ્ક્રીનશોટ સાથે સોશિયલ મીડિયામાં લોકોએ શેર કર્યા છે.

કોરોનાનો વધુ એક કેસ નોંધાતા લાલપુરા ગામમાં લોકડાઉન ફરી લાદવા નિર્ણય

જામનગર

સમગ્ર ગુજરાતમાં કોરોનાને ફેલાતો રોકવા માટે લોકાડાઉન જાહેર કરવામાં આવ્યું હતું જોકે બાદમાં લોકડાઉનમાં છૂટછાટ આપવામાં આવી હતી. હાલ ગુજરાત સહિત સમગ્ર દેશમાં અનલોક-૧ ચાલી રહ્યું છે ત્યારે સૌરાષ્ટ્રના જામનગર જિલ્લાના લાલપુર ગામમાં ફરી લોકડાઉન લાદવાનો નિર્ણય પંચાયત દ્વારા લેવામાં આવ્યો છે. જામનગર જિલ્લાના લાલપુરા ગામમાં કોરોનાનો બીજો પોઝિટિવ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો. લાલપુરમાં કોરોનાનું સંક્રમણ ફેલાય નહીં તે માટે લાલપુર ગ્રામ પંચાયત દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. લાલપુર ગ્રામ પંચાયત અને સ્થાનિક આગેવાનોની હાજરીમાં એક બેઠક યોજવામાં આવી હતી જેમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

કોરોના સંક્રમણ ફેલાય નહીં તે માટે પંચાયત દ્વારા લાલપુર ગામમાં ફરી લોકડાઉન લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. લોકડાઉનમાં થોડી છૂટછાટ પણ આપવામાં આવી છે. જેમાં મેડિકલ અને દૂધ સિવાયની તમામ દુકાનો સવારે ૭ વાગ્યાથી બપોરના બે વાગ્યા સુધી ખુલ્લી રહેશે. વિવિધ એસોશિયેશન અને ગામના આગેવાનો સાથે બેઠક યોજીને આ નિર્ણય લાદવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગામમાં માસ્ક ફરજિયાત પહેરવું તેવો નિયમ બનાવવામાં આવ્યો છે.

ધમાકેદાર બેટીંગ
પહેલા પાનાથી ચાલુ

વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. રવિવારે સવારે પડેલા વરસાદ સાથે સત્તાવાર રીતે ચોમાસું બેસી ગયું હોય તેમ પ્રાથમિક રીતે જણાતું હતું. અમદાવાદ શહેરમાં સવારે ૪થી ૫ વાગ્યા સુધીમાં એક કલાકમાં જ બે ઈંચ વરસાદ વરસ્યો હતો જેના કારણે વાસણા બેરેજના બે દરવાજા ખોલવામાં આવ્યા હતા. પાલિકાના પ્રિ-મોનસૂન પ્લાનને માત્ર ૨.૫ ઈંચ પડેલા વરસાદે ભૂવા ભેગો કરી નાખ્યો હતો. શહેરમાં ઠેરઠેર પાણી ભરાયા અને રીતસરના પાણીના તળાવો બની ગયા છે.

ગાંધીનગર જિલ્લામાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ગાંધીનગર જિલ્લામાં વહેલી સવારે વીજળીના કડાકા અને ભારે પવન સાથે વરસાદ તુટી પડ્યો હતો. ગાંધીનગરમાં ભારે વરસાદના કારણે પાણી ભરાયા હતાં. કલોલ, ભાટ ગામ અને દહેગામમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો.

સૌરાષ્ટ્રમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો હોવાના અહેવાલ મળી રહ્યાં હતા. રાજકોટના જસદણ પંથકમાં સવારથી ધોધમાર વરસાદ વરસ્યો હતો. જસદણનાં કમળાપુર, લીલાપુર, કાળાસર, જસદણ, આટકોટ સહિતનાં ગામડામાં ધોધમાર વરસાદ વરસતા ઠેર ઠેર પાણી ભરાયા છે. તેમજ ખેતરોમાં પાણી ફરી વળ્યાં છે. વાવણી કર્યા પછી સારા વરસાદથી ખેડૂતો ખુશખુશાલ બન્યા છે. જસદણ પંથકમાં એક કલાકમાં એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. તેમજ ગોંડલ પંથકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. રાજકોટમાં પણ વહેલી સવારે ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા. ગઢડામાં બે કલાકમાં સવા ઈંચ વરસાદ નોંધાયો છે. બાબરા પંથકમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે.

અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો. ખાંભાના રાયડી, સરાકડીયા, પાટી સહિતના ગામોમાં વરસાદ વરસ્યો હતો. તેમજ લાઠી, લીલીયા, કુકાવાવ, રાજુલા કોસ્ટસ સહિતના તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. ધારી પંથકમાં ધીમી ધારે વરસાદ વરસ્યો હતો. સારા વરસાદથી અમરેલીની ખારો નદી બે કાંઠે વહેતી થઈ છે. ઉપરવાસમાં વરસાદને કારણે નદીમાં પૂર આવ્યું છે. રંગપુર, વડેરા રોડ કોઝવે પર પાણી ફરી વળ્યાં હતા. આથી વાહન વ્યવહાર ખોરવાયો હતો.

બાબરા તાલુકાના રાણપર નડાળા ગામે બે ઈંચ જેટલો વરસાદ વરસતા દેવાંગી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. તેમજ નાના-મોટા ચેકડેમો છલકાયા હતા. ઉના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં પવન સાથે ધીમી ધારે વરસાદ વરસ્યો હતો. જ્યારે દીવમાં ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા. વહેલી સવારથી કાળાં ડિબાંગ વાદળો વચ્ચે ગાજવીજ અને પવન સાથે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

ગોંડલ શહેર અને પંથકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. સવારથી જ વાદળછાંયા વાતાવરણ સાથે ભારે પવન ફુંકાયો હતો. ગોંડલ, મોવિયા, શ્રીનાથગઢ, દેરડીકુંભાજી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારે ધોધમાર વરસાદ વરસ્યો હતો. તેમજ શાપર-વેરાવળમાં પણ ભારે વરસાદ વરસ્યો હતો. વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદથી જગતનો તાત ખુશખુશાલ બન્યો છે.

બે દિવસના વિરામ બાદ ફરી સમગ્ર બોટાદ જિલ્લામાં વહેલી સવારથી સાર્વત્રિક મેઘ મહેર જોવા મળી છે. બોટાદ, ગઢડા, રાણપુર, બરવાળામાં વરસાદ ધોધમાર વરસાદ વરસ્યો હતો. ગઢડામાં બે કલાકમાં સવા ઈંચ વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા.

ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લામાં મોડી રાતે સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબકતાં ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતાં. તલોદમાં અઢી ઈંચ, હિંમતનગર, વડાલી, ઈડર, પ્રાંતિજમાં એક-એક ઈંચ વરસાદ નોંધાયો હતો.

મહેસાણા જિલ્લામાં પણ સાર્વત્રિક વરસાદ જોવા મળ્યો હતો. કડીમાં એક ઈંચ, મહેસાણા શહેરમાં સવા ઈંચ, જોટાણામાં દોઢ ઈંચ, વડનગરમાં અડધો ઈંચ, વીજાપુરમાં પોણો ઈંચ નોંધાયો હતો. બહુચરાજીમાં ચંડોળા, સોનપુરા, મંડાલીમાં ધોધમાર વરસાદ નોંધાયો હતો. જ્યારે મંડાલી, શંખલપુરમાં વરસાદી પાણી ભરાયા હતા.

મધ્ય ગુજરાતમાં વડોદરા ઉપરાંત છોટાઉદેપુર જિલ્લાના બોડેલી અને પાવીજેતપુર ખાતે શનિવારે રાત્રે ગાજવીજ સાથે જોરદાર વરસાદ શરૂ થયો હતો. જેના પગલે વડોદરામાં અનેક નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. જ્યારે દાહોદ ખાતે ગુરુવારે મધરાત બાદ ધોધમાર વરસાદ ખાબક્યો હતો. રાત્રી દરમિયાન લગભગ એક ઈંચ વરસાદ દરમિયાન અનેક વૃક્ષો ધરાશયી થયા હતા. આ ઉપરાંત દાહોદના મુવાલિયા ખાતે જેટકોના વીજ સબસ્ટેશન પાસે ૬૬ કેવીના બે ટાવરો પણ ભોયભેગા થઈ ગયા હતા. તોતીંગ વૃક્ષ પડતાં કાર ચગદાઈ હોવાના પણ કિસ્સા દાહોદમાં બન્યા હતા

દક્ષિણ ગુજરાતમાં પણ વહેલી સવારે વરસાદ જોવા મળ્યો હતો. જેમાં ડાંગ જિલ્લામાં વહેલી સવારે ઝરમર વરસાદ જોવા મળ્યો હતો. સાપુતારા સહિતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો.

સુશાંતસિંહ રાજપૂત
પહેલા પાનાથી ચાલુ

હતો. જોકે, દરવાજો તૂટ્યો નહીં તો એક્ટરના મેનેજરે ચાવીવાળાને બોલાવ્યો હતો. પછી દરવાજો ખોલવામાં આવ્યો હતો. પોલીસે ચાવીવાળાનું નિવેદન નોંધ્યું છે. સુશાંતે છેલ્લીવાર પોતાના મિત્રને કૉલ કર્યો હતો. તે કોણ હતું અને કૉલનો સમય શું હતો, તેની માહિતી પોલીસે આપી નથી.

સૂત્રોના મતે, સુશાંત છેલ્લાં છ મહિનાથી ડિપ્રેશનમાં હતો અને દવા લેતો હતો. જે સમયે તેણે આત્મહત્યા કરી તે સમયે તેના મિત્ર ઘરમાં તેની સાથે હતાં. પોલીસ તેની પૂછપરછ કરી શકે છે. સુશાંતની બૉડીને કૂપર હોસ્પિટલ લઈ જવામાં આવી છે. ત્રણ ડૉક્ટરની ટીમ પોસ્ટમોર્ટમ કરશે. સુશાંતે જે પગલું ભર્યું તેનાથી તે એકદમ વિરુદ્ધમાં હતો. તેણે પોતાના ૫૦ સપનાઓનું એક વિશલિસ્ટ પણ બનાવ્યું હતું. એક દિવસ ઝૈંઈદ્ર જવું. ધ યુરોપિયન ઓર્ગેનાઈઝેશન ફોર ન્યૂક્લિયર રિસર્ચને ઝૈંઈદ્ર કહેવામાં આવે છે. અહીંયા ગોડ પાર્ટિકલ સંબંધિત લાર્જ હેડ્રોન કોલાઈડરનું પરિક્ષણ ચાલે છે. સુશાંત ભણવામાં અવ્વલ હતો. ૩૪ વર્ષીય સુશાંતે 'કિસ દેશ મેં હૈ મેરા દિલ' સિરિયલથી કરિયરની શરૂઆત કરી હતી. જોકે, સુશાંતને ખરી ઓળખત એકતા કપૂરની ટીવી સિરિયલ 'પવિત્રા રિશ્તા'થી ઓળખ મળી હતી. સુશાંતે ફિલ્મ 'કાઈ પો છે'થી બોલિવૂડ કરિયરની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં તેની એક્ટિંગના વખાણ કરવામાં આવ્યા હતાં. ત્યારબાદ તેણે 'શુદ્ધ દેસી રોમાંસ'માં પરિણીતી ચોપરા તથા વાણી કપૂર સાથે જોવા મળ્યો હતો. જોકે, તેની સૌથી વધુ ચર્ચા ફિલ્મ ધોનીની બાયોપિક પર થઈ હતી. સુશાંતની આ પહેલી ફિલ્મ હતી, જેણે ૧૦૦ કરોડનું કલેક્શન કર્યું હતું. સુશાંતે 'સોનચિરિયા' તથા 'છિછોરે'માં જોવા મળ્યો હતો. આ ઉપરાંત તે સારા અલી ખાન સાથે ફિલ્મ 'કેદારનાથ'માં જોવા મળ્યો હતો.

સુશાંતનો જન્મ પટનામાં ૨૧ જાન્યુઆરી, ૧૯૮૬ થયો હતો. સુશાંતે અત્યાર સુધી ૧૨ ફિલ્મમાં કામ કર્યું છે, જેમાં 'પીકે', 'ડિટેક્ટિવ બ્યોમકેશ બક્ષી', 'રાબ્તા', 'વેલકમ ટૂ ન્યૂ યોર્ક', 'ડ્રાઈવ' તથા 'બેચારા' ફિલ્મ સામેલ છે. સુશાંત પોતાની માતાની ઘણી જ નિકટ હતો. જોકે, વર્ષ ૨૦૦૨માં તેમના નિધન બાદ સુશાંત ઘણો જ હતાશ થઈ ગયો હતો. સુશાંતે દિલ્હી કોલેજ ઓફ એન્જિનિયરિંગની એન્ટ્રેસ એક્ઝામ વર્ષ ૨૦૦૩માં ઓલ ઈન્ડિયામાં સાતમો રેન્ક મેળવ્યો હતો. મિકેનિકલ એન્જિનિયરિંગનો વિદ્યાર્થી હતો અને એક્ટિંગ માટે ત્રીજા વર્ષે કોલેજ છોડી દીધી હતી.

સુશાંત સિંહે ત્રણ જૂનના રોજ માતા સાથેની તસવીર શેર કરી હતી. તેણે પોસ્ટમાં કહ્યું હતું, 'અશ્રુના ટીપામાંથી ધૂંધળા થતા ભૂતકાળનું બાષ્પીભવન... અંતિમ સ્વપ્નોના સ્મિતની કોતરણી અને ક્ષણિક જીવન, જે બંને વચ્ચે વાટાઘાટો કરે છે...' આ પોસ્ટ પરથી સુશાંત સિંહ ડિપ્રેશનમાં હોવાનું જણાઈ આવે છે.

૮ જૂનના રોજ સુશાંત સિંહ રાજપૂતની પૂર્વ મેનેજર દિશા સલિયને મલાડના જનકલ્યાનગરના ૧૨મા માળેથી પડતું મૂકીને આત્મહત્યા કરી હતી. સુશાંતે ઈન્સ્ટા સ્ટોરીમાં પૂર્વ મેનેજરના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

ટીડીપી પ્રમુખ
પહેલા પાનાથી ચાલુ

કોંગ્રેસે તપાસ એજન્સીઓની પ્રશંસા કરી છે અને સરકાર ટીડીપી વિરૂદ્ધ બદલાની કોઈ કાર્યવાહી નથી કરી રહી પરંતુ ભ્રષ્ટાચારના આરોપીઓ વિરૂદ્ધ નિશ્ચિતરૂપથી પગલા લેવાશે તેમ જણાવ્યું હતું.

શ્રીકાંત રેડ્ડીએ શું ચંદ્રાબાબુ ભ્રષ્ટાચારમાં સામેલ લોકો વિરૂદ્ધ કાર્યવાહી થાય તેમ નથી ઈચ્છતા કે પછી પોતાની ભૂમિકા સામે આવવાને લઈ ડરેલા છે તેવો સવાલ કર્યો હતો.

દિલ્હીને
પહેલા પાનાથી ચાલુ

૬ દિવસ બાદ ટેસ્ટિંગને વધારીને ત્રણ ગણા કરાશે.

• આ સાથે જ થોડા દિવસ બાદ કન્ટેઈન્મેન્ટ ઝોનમાં દરેક પોલિંગ સ્ટેશન પર ટેસ્ટિંગની વ્યવસ્થા શરૂ કરવામાં આવશે.

• દિલ્હીની નાની હોસ્પિટલો સુધી કોરોનાની યોગ્ય જાણકારી અને દિશા નિર્દેશ પહોંચાડવા માટે મોદી સરકારે એમ્સમાં ટેલિફોનિક ગાઈડલાઈન્સ દ્વારા વરિષ્ઠ ડોક્ટર્સની એક કમિટી બનાવવાનો નિર્ણય લીધો છે. જેનાથી નીચલા સ્તર સુધી સર્વશ્રેષ્ઠ પ્રણાલીઓનો સંચાર થઈ શકે. આ માટે હેલ્પલાઈન નંબર કાલે જાહેર કરાશે.

• દિલ્હીની ખાનગી હોસ્પિટલોમાં કોરોનાના સંક્રમણની સારવાર માટે ખાનગી હોસ્પિટલોના કોરોના બેડમાંથી ૬૦ ટકા બેડ ઓછા રેટમાં ઉપલબ્ધ કરાવવા, કોરોના ઉપચાર અને કોરોનાની ટેસ્ટિંગના રેટ નક્કી કરવા માટે ડો. પોલની અધ્યક્ષતામાં એક કમિટી બનાવવામાં આવી છે જે આવતી કાલ સુધીમાં પોતાનો રિપોર્ટ રજુ કરશે.

૨૪ કલાકમાં
પહેલા પાનાથી ચાલુ

છે. આ ઉપરાંત દેશમાં અત્યાર સુધી સંક્રમણને કારણે મૃત્યું પામેલા લોકોની સંખ્યા વધીને ૯,૧૯૫ થઈ ગઈ છે.

મહારાષ્ટ્ર માં ૧,૦૪,૫૬૮ કેસની સાથે તમામ રાજ્યોમાં રવિવારે સવારે જાહેર કરાયેલા આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૧,૯૨૯ કેસ સામે આવ્યા છે. અત્યાર સુધી ૫૧,૩૯૨ એક્ટિવ કેસ છે અને ૪૯,૩૪૬ લોકો સાજા થઈ ગયા છે. આ ઉપરાંત મૃત્યુઆંક પણ વધીને ૩,૮૩૦ થઈ ગયો છે. દિલ્હીમાં કોરોનાના કેસની સંખ્યા ૩૮,૯૫૮ થઈ ગઈ છે જ્યારે ૧૨૭૧ લોકોના મોત થઈ ગયા છે. જ્યારે, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રવિવારે જાહેર માહિતીમાં જણાવવામાં આવ્યુ છે કે છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ હજાર ૯૨૯ કેસ સામે આવ્યા છે અને ૩૧૧ લોકોના મોત થયા છે. આ સાથે દેશમાં કોરોના પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૩ લાખ ૨૦ હજાર ૯૨૨ થઈ ગઈ છે. આ પૈકી ૧ લાખ ૪૯ હજાર ૩૪૮ એક્ટિવ કેસ છે, ૧ લાખ ૬૨ હજાર ૩૭૯ લોકોને સારું થઈ ગયું છે. ૯ હજાર ૧૯૫ લોકોના મોત થયા છે.

કોરોનાના દર્દીઓની સંખ્યાની રીતે ભારતે શુક્રવારે બ્રિટનને પાછળ છોડી દીધું છે કોરોનાના કેસોમાં ભારત દુનિયાનો ચોથો સૌથી વધુ પ્રભાવિત દેશ બની ગયો છે. અમેરિકા, બ્રાઝિલ, રશિયા બાદ કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત દેશમાં ભારત ચોથા સ્થાન પર છે. અમેરિકામાં ૨,૧૪૨,૨૨૪, બ્રાઝિલમાં ૮૫૦,૭૯૬, રશિયામાં ૫૨૦,૧૨૯ કોરોનાના કેસ છે. આંકડા અનુસાર, દેશમાં હાલમાં એક લાખ ૪૯ હજાર કોરોનાના સક્રિય કેસ છે. સૌથી વધુ એક્ટિવ કેસ મહારાષ્ટ્રમાં ૫૧ હજારથી વધુ કોરોનાના દર્દીઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. બીજા નંબરે દિલ્હી, ત્રીજા નંબર પર તમિલનાડુ અને ચોથા નંબર પર ગુજરાત આવે છે.

લોકોને રૂપાણીની 'યોગ કરીશું કોરોના ભગાડીશું' અભિયાનમાં જોડવા અપીલ

મહામારી સામે લડવા રૂપાણી સરકારએ આપ્યો મહામંત્ર-'યોગ કરીશું કોરોના ભગાડીશું'

ગાંધીનગર

ગુજરાત સહિત આખો દેશ હાલ કોરોના મહામારી સામે જંગ લડી રહ્યો છે. દેશમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા દૈનિક ધોરણે વધી રહી છે. દેશમાં હાલ કોરોના સંક્રમિત દર્દીઓનો આંકડો ૩ લાખને પાર ૩,૨૦,૯૨૨ એ પહોંચ્યો છે. જ્યારે મૃત્યુઆંક ૯,૧૯૫ સુધી પહોંચ્યો છે. ગુજરાતની વાત કરીએ તો કોરોના સંક્રમિત કેસ ૨૩,૦૭૯ પહોંચ્યા છે. જ્યારે મૃત્યુઆંક ૧,૪૪૯ છે. જો કે, દેશમાં રિકવરી રેટમાં સુધારો જોવા મળ્યો છે અને રેટ ૫૦ ટકાને પાર ૫૦.૫૯ એ પહોંચ્યો છે. કોરોના મહામારીના સંકટમાં યોગ દિવસ પહેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયની જાહેર જનતાને ખાસ આપીલ કરી છે. સરકારના 'યોગ કરીશું કોરોના ભગાડીશું' અભિયાન હેઠળ સીએમ રૂપાણીએ સહપરિવાર યોગમાં જોડાવા લોકોને અપીલ કરી છે. સીએમ રૂપાણીએ કહ્યું કે કોરોના સામેની લડાઈમાં યોગ શક્તિશાળી શસ્ત્ર છે. યોગ શરીરને નિરોગી રાખી સકારાત્મક દિશા આપે છે. તેમણે કહ્યું કે યોગથી માનસિક શાંતિ મળી છે. સંસ્કૃતિમાં યોગ કેન્દ્ર સ્થાને છે. ઉપરાંત, સીએમ વિજય રૂપાણીએ કહ્યું કે યોગ વર્ષોથી ચાલતી આવતી પરંપરા છે. તેથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની આપણે ઉત્સાહપૂર્વક ઉજવણી કરીશું. યોગની મદદથી રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરી કોરોના સામે રક્ષણ કરી શકીએ. આપણે જણાવી દઈએ કે ૨૧ જૂન, રવિવારે યોગ દિવસ છે. તેથી કોરોના સામે લડવા માટે સીએમ રૂપાણીએ રાજ્યની જનતાને યોગ કરવા અને 'યોગ કરીશું કોરોના ભગાડીશું' અભિયાનમાં સામેલ થવા અપીલ કરી છે.

વરસાદના લીધે ડભોઈમાં રોડ પર પડેલા ઝાડ સાથે બાઈક ભટકાતાં યુવકનું મોત

ડભોઈ

ડભોઈ તાલુકાનાં મંડાળા ગામનો યુવક વડોદરા રણજીતનગર કંપનીમાંથી નોકરી કરી મોડી રાતે ઘરે પરત ફી રહ્યો હતો તે અરસામાં રાત્રીના પડી રહેલા ભારે પવન સાથે વરસાદમાં નારીયા ગામ નજીક રસ્તા પર એક ઝાડ પડી ગયું હતું. જેમાં બાઈક અથડાતા યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું. ડભોઈ તાલુકાનાં મંડાળા ગામે રહેતા પિયુષભાઈ મહેશ ચંદ્ર ઉર્ફે મનોજભાઈ બારોટ વડોદરા ખાતે આવેલી ગુજરાત ફલોરો કેમિકલ લિમિટેડ કંપનીમાથી નોકરી કરી પોતાની મોટર સાઈકલ નંબર જી.જે.૦૬. કે.બી.૨૭૫૬ લઈ મંડાળા તેના ઘરે પરત આવી રહ્યો હતો તે અરસામાં રાત્રીના ભારે પવન સાથે પડેલા વરસાદને કારણે રસ્તા પર એક વૃક્ષ તુટી પડયું હતું, જે પિયુષભાઈને નજરમા ન આવતા મોટર સાઈકલ રોડ પર પડેલા ઝાડમાં અથડાઈ હતી. જેને પગલે તેનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું. ડભોઈ પોલીસ ને આ વાતની જાણ થતાં મૃતકને ડભોઈ રેફ્રલ હોસ્પિટલ લાવી પોસ્મોટમ માટેની કાર્યવાહી હાથ ધરી મૃતકના પરીવારજનોને જાણ કરી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

અઢી કરોડના ખર્ચે કરાઈ રહ્યું છે ગોબેજ પ્રોસીસીંગ યુનિટનું નિર્માણ

સોમનાથ મંદિરમાં હવે બિલ્વ પત્રમાંથી તૈયાર કરાશે ખાતર

વેરાવળ

વિશ્વ પ્રસિદ્ધ સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ અને ભારત સરકારની પ્રસાદ યોજના અંતર્ગત રૂપીયા અઢી કરોડ ખર્ચ ગોબેજ પ્રોસીસીંગ યુનિટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જેમાં બિલ્વ પત્રમાંથી ખાતર તૈયાર કરવામાં આવશે. સોમનાથ ટ્રસ્ટનાં ટ્રસ્ટી સચિવ પ્રવિણભાઈ લહેરીના માર્ગદર્શન હેઠળ સોમનાથ ટ્રસ્ટ જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા એ આ અંગે માહિતી આપતા જણાવ્યું કે સોમનાથ ટ્રસ્ટ હસ્તક સોમનાથ મંદિર સહિત ૪૦ મંદિરો આવેલ છે તેમજ ટ્રસ્ટ હસ્તક ના અતિથિગૃહો ભોજનાલયો ચોપાટી પરિસરો આ સ્થળો એ થતો એકઠો કચરો વેસ્ટ મેનેજમેન્ટ વાહનો દ્વારા એકત્રિત કરી સોમનાથ બાયપાસ થી ત્રિવેણી જતા માર્ગ ઉપર સોમનાથ ટ્રસ્ટની જગ્યામાં રૂપિયા અઢી કરોડ ના ખર્ચ ગોબેજ પ્રોસેસીંગ યુનિટ બની રહ્યુ છે ત્યાં આ કચરો ઠલવાશે જે કાર્યરત થયા બાદ તે કચરાના યોગ્ય નિકાલ માટે બે ટીમ રહેશે જે કચરામાંથી શોર્ટીંગ કરી પ્લાસ્ટિક કાચ વનસ્પતિ કાગળ ફુટ લોખંડ વગેરે પ્રોસેસીંગ કરી તેમાંથી ખાતર બનાવવામાં આવશે.

આ વિશાળ હોલ કચરા એકત્રીકરણ માટે બનાવાયો છે જેમાં પ્રોસેસીંગ યુનિટના મશીનો ગોઠવાશે. આ વિશાળ હોલ ૨૭-૪૭ મીટર હશે જેનુ ક્ષેત્રફળ ૧૨૬૯ ચો. મીટર અને ફુટની દ્રષ્ટિએ ૧૩૬૦૦ ચો ફુટ હશે તે હોલની પાસે જુદા જુદા દસ રૂમો પણ હશે આ પ્રોસેસીંગ હોલને ગોલવૂએનીય રૂફથ ઢાંકવામાં આવ્યુ જેથી આબોહવાની ખારાશ સામે મજબુત રક્ષણ આપી શકે અને સામાન્ય પવનમા ઉડે પણ નહીં આમ વેસ્ટ માંથી બેસ્ટ બનનાર આ ખાતર નો સોમનાથ મંદિર હસ્તકના બગીચાઓ બિલ્વન તેમજ જરૂરીયાત સ્થળેઓ ઉપયોગ કરવામાં આવશે.

કોરોના સંકટ જોતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ૨૫મીથી શરૂ થનારી પરીક્ષા કરી રદ

રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આગામી તારીખ ૨૫ જૂનથી અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ ને જે પરીક્ષા શરૂ કરવામાં આવનાર હતી તે કોરોનાની બીમારી ને ધ્યાનમાં લઈને મોકૂફ રાખવામાં આવી છે તેમ જ પરીક્ષાની નવી તારીખો હવે પછી જાહેર કરવામાં આવશે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સ્નાતક કક્ષાએ પરીક્ષાઓ લેવામાં આવી ગઈ છે જ્યારે અનુસ્નાતક કક્ષાએ પરીક્ષાઓમાં એમ.એ એમ.કોમ ને સહિતની પરીક્ષાના વિદ્યાર્થીઓ માટેનું ટાઈમ ટેબલ તારીખ ૨૫ જૂનથી શરૂ થનાર હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

જેમાં જુદા જુદા જિલ્લાઓમાં ૧૭ હજાર વિદ્યાર્થીઓને પરીક્ષા લેવાનું આયોજન જાહેર કરવામાં આવ્યા બાદ આજરોજ એ નએ સ યુ આ ઈ ના વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષા મોકૂફ રાખવાની માંગણી સાથેનું આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રમાં કોરોનાની બીમારી ના કેસ વધતા જાય છે તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાના બદલે તમામને માસ પ્રમોશન આપવું જોઈએ. આ રજૂઆત બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આજે મોડી સાંજે ૨૫ જૂનથી શરૂ થતી તમામ પરીક્ષાઓ મોકૂફ રાખવાનું જાહેર કરવામાં આવ્યું છે એમ.એ એમ.કોમ એમએસસી સહિતની જુદી-જુદી પરીક્ષાઓની નવી તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે કુલ ૧૭ હજાર વિદ્યાર્થીઓને પરીક્ષાનો કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

જીઈબીના સલુનવાળો કોરોના સંક્રમિત થતાં દાઢી-વાળ કપાવનાર ઉપર વધ્યું જોખમ



ગાંધીનગર

અનલોક-૧માં મનપા વિસ્તારમાં અત્યાર સુધી બાકાત રહેલા વિસ્તારોમાં કોરોનાના કેસ નોંધાયા છે. જેમાં જીઈબી કોલોનીમાં કોરોનાએ પ્રવેશ કરીને સલુનની દુકાન ધરાવતા ૩૧ વર્ષીય યુવાનને સંક્રમિત કર્યો છે. યુવાનને છેલ્લા ત્રણેક દિવસથી તાવ આવતો હોવાથી દુકાન બંધ હતી. તે પહેલાં યુવાને વીસેક લોકોના દાઢી અને બાલ કાપ્યા હોવાથી તેઓએ સાવચેતી રાખવાની જરૂર છે. લોકડાઉનની સરખામણીમાં મનપામાં અનલોક-૧માં કોરોના કેસમાં ઉછાળો આવ્યો છે. જેને પરિણામે મનપાના વિસ્તારના નવા નવા વિસ્તારોમાંથી કોરોનાના કેસ મળી આવે છે. જેમાં અત્યાર સુધી બાકાત રહેલું જીઈબી કોલોનીમાં પ્રથમ કેસ સુલનની દુકાન ધરાવતો ૩૧ વર્ષીય યુવાનનો નોંધાયો છે. સલુનવાળો સંક્રમિત થતાં મનપાના આરોગ્ય તંત્રએ યુવાનની દુકાને કેટલા ગ્રાહકોએ દાઢી અને વાળ કપાવ્યા હતા સહિતની માહિતી મેળવી હતી. જેમાં યુવાન વીસેક જેટલા ગ્રાહકોના દાઢી અને વાળ કાપ્યા હોવાથી તમામના સરનામાં મેળવીને ક્વોરન્ટાઈન કરવાની કામગીરી આરોગ્ય તંત્રએ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે સંક્રમિત થયેલા યુવાનના હાથે દાઢી અને વાળ કપાવનાર અંદાજે ૨૦ જેટલા લોકોએ ડરવાની નહી પરંતુ સાવચેતી રાખવાની જરૂર છે.

રાજ્યમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ અમદાવાદમાં ૨ ઇંચ વરસાદ ખાબકતા વાસણા બેરેજના બે દરવાજા ૨ ફૂટ ખોલાયા

અમદાવાદ

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ ગયો છે. રાજ્યમાં મોડી રાતથી જ ઠેરઠેર વરસાદ વરસી રહ્યો છે જેમાં અમદાવાદ શહેરમાં પરોઢીયે ચાર વાગ્યાથી વરસાદે ધમાકેદાર એન્ટ્રી લીધી છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારે ૪ વાગ્યાથી અત્યાર સુધીમાં આશરે ૪ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો છે. અમદાવાદ શહેરમાં સવારે ૪થી ૫ વાગ્યા સુધીમાં એક કલાકમાં જ બે ઈંચ વરસાદ વરસ્યો હતો જેના કારણે વાસણા બેરેજના બે દરવાજા ખોલવામાં આવ્યા હતા.

અમદાવાદમાં ચકુડિયામાં ૪૮ એમએમ, ઓઢવમાં ૪૩, વિરાટનગરમાં ૨૧, પાલડીમાં ૪૯, ઉસ્માનપુરામાં ૫૯, ચાંદખેડામાં ૨૧, રાણીપમાં ૪૭, બોડકદેવમાં ૪૦, ગોતામાં ૨૯, સરખેજમાં ૪૨, દાણાપીઠમાં ૪૩, દૂધેશ્વરમાં ૬૬, મેમ્કોમાં ૬૬, નરોડામાં ૬૩, કોતરપુરમાં ૫૬, મણિગરમાં ૩૮, વટવામાં ૪૪, એમ.એમ. વરસાદ નોંધાયા છે.

અમદાવાદ શહેરના પૂર્વઝોનમાં ૩૮ એમ.એમ, પશ્ચિમ ઝોનમાં ૪૫ એમ.એમ. ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૪૨ એમ.એમ. , મધ્યઝોનમાં ૫૫ એમ.એમ, ઉત્તર ઝોનમાં ૬૨ એમ.એમ, દક્ષિણ ઝોનમાં ૪૧ એમ.એમ. વરસાદ પડ્યો હતો. અમદાવાદ શહેરમાં વરસેલા વરસાદના પગલે સાબરમતી નદીમાં આવેલા વાસણા બેરેજના ૨ દરવાજા બે ફૂટ ખોલવામાં આવ્યા હતા. અમદાવાદની સાબરમતી નદીમાં ૩ હજાર ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું. વાસણા બેરેજનું લેવલ ૧૩૨.૫૦ ફૂટ કરવામાં આવ્યું હતું.

નીટ પરીક્ષા રદ કરવાને લઈ સોશિયલ મીડિયા પર વાયરલ પત્રને શિક્ષણ બોર્ડે ગણાવી અફવા

ગાંધીનગર

કોરોના મહામારી અને 'અનલોક ૧' વચ્ચે સોશિયલ મીડિયા પર માહિતીઓ સાથે ઘણી અફવાઓ અને ખોટી જાણકારીઓ પણ ફેલાઈ રહી છે. ત્યારે તાજેતરમાં નીટ પરીક્ષા અંગે પણ એક ખબર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. જેના કારણે હવે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સ્પષ્ટતા કરવાની ફરજ પડી છે.

માહિતી મુજબ શિક્ષણ બોર્ડ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે નીટ પરીક્ષા રદ કરવા અંગે હાલ કોઈ પત્ર બહાર પાડ્યો નથી. આ સાથે સોશિયલ મીડિયામાં ફરતો પત્ર ખોટો હોવાનો ખુલાસો બોર્ડ દ્વારા કરવામાં આવ્યો છે. બોર્ડે સ્પષ્ટતા કરી કે હાલ નીટ પરીક્ષાને રદ કરવા અંગે કોઈ પણ પત્ર બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવ્યો નથી. સોશિયલ મીડિયા પર ફરતો પત્ર ખોટો છે.

આ સાથે જણાવ્યું કે આ સમગ્ર મામલે બોર્ડ હવે પોલીસ ફરિયાદ નોંધાવશે અને ખોટો પત્ર વાયરલ કરનાર સામે કડક કાર્યવાહી કરશે. ઉલ્લેખનીય છે કે કોરોના મહામારીના કારણે સાવચેતીના ભાગરૂપે છેલ્લા ઘણા સમયથી સ્કૂલ અને કોલેજમાં શૈક્ષણિક કાર્ય અને શિક્ષણ બંધ છે અને કેટલીક પરીક્ષાઓ પણ રદ થઈ હતી. આ પરિસ્થિતિઓમાં સોશિયલ મીડિયા પર આ સંબંધી અફવાઓનો માહોલ પણ ગરમાયો હતો.

વાપી તાલુકાના વિવિધ વિસ્તારોમાં પોઝીટીવ કેસો નોંધાતા એ.પી.સેન્ટર અને કન્ટેઈનમેન્ટ ઝોન નક્કી કરાયા

વલસાડ

વલસાડ જિલ્લાના વાપી તાલુકાના મોરાઈ અને કુંતા ગ્રામ પંચાયત તેમજ વાપી નગરપાલિકાના ડુંગરા વિસ્તારમાં કોરોના પોઝીટીવ કેસો જણાતાં વાઈરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે જિલ્લા મેજિસ્ટ્રેટ અર્પિત સાગરે એપેડેમીક ડીસીઝ એકટ અન્વયે મળેલી સત્તાની રૂએ તાત્કાલિક અસરથી એ.પી.સેન્ટર અને કન્ટેઈનમેન્ટ ઝોન નક્કી કરી તા.૧૦/૦૭/૨૦૨૦ સુધી કેટલાક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

જે અનુસાર વલસાડ જિલ્લાના વાપી નગરપાલિકા વિસ્તારમાં ડુંગરા-વાપી-સેલવાસ રોડ ઉપર આવેલા લેવીસ ગાર્ડનના ડી-વીંગને એ.પી.સેન્ટર તેમજ ડી-વીંગના તમામ હદ વિસ્તારને કન્ટેઈનમેન્ટ એરીયા જાહેર કરી ચારે બાજુથી સીલ કરી તેમાં બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવી છે. આ વિસ્તારના રહેવાસીઓને આવશ્યક ચીજ વસ્તુઓ ચીફ ઓફિસર, વાપી દ્વારા હોમ ડીલીવરીથી પુરી પાડશે.

વાપી તાલુકાના મોરાઈ, ને.હા.નં.૪૮ પર આવેલા હોનેસ્ટ કોમ્પ્લેક્ષના બીજો માળ, રૂમ નં.૨૦૨ને એ.પી.સેન્ટર તેમજ હોનેસ્ટ કોમ્પ્લેક્ષના તમામ હદ વિસ્તારને કન્ટેઈનમેન્ટ એરીયા જાહેર કરી ચારે બાજુથી સીલ કરી તેમાં બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવી છે. આ વિસ્તારના રહેવાસીઓને આવશ્યક ચીજ વસ્તુઓ ચીફ ઓફિસર, વાપી દ્વારા હોમ ડીલીવરીથી પુરી પાડશે.

વાપી તાલુકાના કુંતા ગામે આવેલા વેલસ્પન ઈન્ડિયા લી.ના વર્કર કોલોનીના બ્લોક નંબર એસ એન્ડ ટી ને એ.પી. સેન્ટર તેમજ એસ એન્ડ ટી બ્લોકના તમામ હદ વિસ્તારને કન્ટેઈનમેન્ટ એરીયા જાહેર કરી ચારે બાજુથી સીલ કરી તેમાં બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવી છે. આ વિસ્તારના રહેવાસીઓને આવશ્યક ચીજ વસ્તુઓ ગ્રામ પંચાયત-મોરાઈ દ્વારા હોમ ડીલીવરીથી પુરી પાડશે.

આ હુકમ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અને અર્ધ સરકારી, ખાનગી દવાખાના સ્ટાફ તથા ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલા વ્યક્તિ કે જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તથા ભારત સરકારના ગૃહ મંત્રાલયના અગાઉ ઈસ્યુ કરેલા હુકમોથી જાહેર કરવામાં આવેલ આવશ્યક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારી દ્વારા પાસ ઈસ્યુ કરવામાં આવ્યા છે તેઓ તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કરના વ્યક્તિ ભારતીય દંડ સંહિતા તેમજ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઈ મુજબ સજાને પાત્ર થશે.

GSFCમાં મહિલા અધિકારી કોરોના સંક્રમિત થતા ૩૦ જેટલા કર્મચારીઓ પર વધ્યું જોખમ

વડોદરા

મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં ફાયર વિભાગના એક કર્મચારીને કોરોનાનો ચેપ લાગ્યો હતો અને તેમનુ આજે સારવાર દરમિયાન ખાનગી હોસ્પિટલમાં મોત થયુ હતુ. એ પછી હવે માર્કેટિંગ વિભાગના એક મહિલા અધિકારીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે તેમને એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની સાથે કામ કરતા કેટલાક ૩૦ જેટલા કર્મચારીઓને કંપનીના મેડિકલ સેન્ટર પર બોલાવીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જોકે જી એ સ એ ફ સી ના સત્તાધીશોની બેવડી નીતિ સામે કર્મચારીઓમાં આક્રોશ છે.કારણકે ઉપરી અધિકારીઓનો કોરોના ટેસ્ટ ખાનગી હોસ્પિટલમાં કરાવવામાં આવે છે જ્યારે કામદારોને ટેસ્ટ માટે સયાજી હોસ્પિટલમાં મોકલવામાં આવે છે.બીજી તરફ રેડ ઝોનમાંથી જેઓ નોકરી પર આવી શક્યા નહોતા તેવા કર્મચારીઓની પણ રજા મંજૂર કરવામાં આવી નથી અને કર્મચારીઓને પોતાની રજા મુકવા માટે કહેવામાં આવ્યુ છે.

કંપનીના કર્મચારીઓનુ એવુ પણ માનવુ છે કે, કામ પર હાજર થવાના સમયે ગેટ પર કર્મચારીઓની ભીડ થાય છે અને તેના કારણે સ્ક્રીનિંગ યોગ્ય રીતે થઈ રહ્યુ નથી. આ મામલામાં ઘોર બેદરકરી દાખવવામાં આવી રહી છે. વડોદરા સ્થિત કેન્દ્ર સરકારની ગુજરાત રિફાઈનરીમાં પણ વધુ એક કર્મચારી કોરોનાની ઝપેટમાં આવ્યા છે.મળતી વિગતો પ્રમાણે એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ફરજ બજાવતા એક કર્મચારીને કોરોના પોઝિટિવ હોવાનુ નિદાન થયુ હતુ.તેમની તબિયત બગડતા હવે તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.રિફાઈનરીમાં કોરોનાનો ત્રીજો કેસ છે.જેના કારણે કર્મચારીઓમાં ઉચાટની લાગણી છે.

જસદણમાં ૧ ઇંચ, ગોંડલ અને રાજકોટમાં ધોધમાર, ગઢડામાં સવા ઇંચ વરસાદ ખાબક્યો

રાજકોટ

સૌરાષ્ટ્રમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. સવારે ૭.૪૫ વાગે ભારે પવન ફૂંકાયો હતો બાદમાં ગાજવીજ સાથે વરસાદ વરસી રહ્યો છે. રાજકોટના જસદણ પંથકમાં સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. જસદણનાં કમળાપુર, લીલાપુર, કાળાસર, જસદણ, આટકોટ સહિતનાં ગામડામાં ધોધમાર વરસાદ વરસતા ઠેર ઠેર પાણી ભરાયા છે. તેમજ ખેતરોમાં પાણી ફરી વળ્યાં છે. વાવણી કર્યા પછી સારા વરસાદથી ખેડૂતો ખુશખુશાલ બન્યા છે. જસદણ પંથકમાં એક કલાકમાં એક ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે. તેમજ ગોંડલ પંથકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. રાજકોટમાં પણ વહેલી સવારે ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા. ગઢડામાં બે કલાકમાં સવા ઇંચ વરસાદ નોંધાયો છે. બાબરા પંથકમાં બે ઇંચ વરસાદ નોંધાયો છે.

અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો. ખાંભાના રાયડી, સરાકડીયા, પાટી સહિતના ગામોમાં વરસાદ વરસ્યો હતો. તેમજ લાઠી, લીલીયા, કુકાવાવ, રાજુલા કોસ્ટસ સહિતના તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. ધારી પંથકમાં ધીમી ધારે વરસાદ વરસ્યો હતો. સારા વરસાદથી અમરેલીની ખારો નદી બે કાંઠે વહેતી થઈ છે. ઉપરવાસમાં વરસાદને કારણે નદીમાં પૂર આવ્યું છે. રંગપુર, વડેરા રોડ કોઝવે પર પાણી ફરી વળ્યાં હતા. આથી વાહન વ્યવહાર ખોરવાયો હતો. બાબરા તાલુકાના રાણપર નડાળા ગામે બે ઇંચ જેટલો વરસાદ વરસતા દેવાંગી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. તેમજ નાના-મોટા ચેકડેમો છલકાયા હતા. તાલુકાના અન્ય ગામોમાં નિલવાડામાં એક કલાકમાં બે ઇંચ, ઉંટવડમાં દોઢ ઇંચ, ઘુઘરાળામાં દોઢ ઇંચ, કોટડાપીઠામાં એક ઇંચ વરસાદ નોંધાયો છે.

ગોંડલ અને પંથકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. સવારથી જ વાદળછાંયા વાતાવરણ સાથે ભારે પવન ફુંકાયો હતો. ગોંડલ, મોવિયા, શ્રીનાથગઢ, દેરડીકુંભાજી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારે ધોધમાર વરસાદ વરસ્યો હતો. તેમજ શાપર-વેરાવળમાં પણ ભારે વરસાદ વરસ્યો હતો. વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદથી જગતનો તાત ખુશખુશાલ બન્યો છે. અમરેલી જિલ્લામાં પણ વહેલી સવારથી ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. લાઠીમાં વહેલી સવારે અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને પવન સાથે વરસાદ વરસ્યો હતો.

ગ્રાહકોને સુરક્ષા માટે સોશિયલ ડિસ્ટન્સના નિયમપાલન સાથે ચાલતુ પારડીનું ભાવના બ્યુટી પાર્લર



કોરોનાના નિયમોનું પાલન કરી તેના સંક્રમણને અટકાવવાની સાથે આત્મનિર્ભર પણ બની શકાય - બ્યુટીપાર્લર સંચાલક ભાવનાબેન

વલસાડ

નોવેલ કોરોના વાઈરસના સંક્રમણને ધ્યાને રાખી દેશભરમાં કોવિડ-૧૯ના નિયમોને આધીન દેશ અનલોક કરવામાં આવ્યો છે. જેમાં સોશિયલ ડિસ્ટન્સ ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. લોકડાઉનમાં નાની રોજગારી કરતા લોકોને આર્થિક તંગીનો સામનો કરવો પડયો છે. પરંતુ હાલ કોરોના વાઈરસની મહામારીની દવા કે રસી શોધાઈ નથી ત્યારે આ વાઈરસથી બચીને જ રોજિંદા કામો કરવા જરૂરી બન્યા છે. આવા સમયે સ્વરોજગાર કરનારાઓએ પોતાને કોરોના વાઈરસના સંક્રમણથી બચાવવા કામકાજના સ્થળે સોશિયલ ડિસ્ટન્સ જાળવી રોજગાર મેળવવા સમજદારીનું ભર્યું પગલું ભરી રહયા છે.

વલસાડ જિલ્લામાં નાના ઉદ્યોગો દેશ અનલોક થતા જ શરૂ થઈ ગયા છે. શરતો અને નિયમોને આધિન અપાયેલી છૂટછાટોને કારણે ઉદ્યોગો, વેપાર અને આર્થિક પ્રવૃત્તિઓનો પ્રારંભ થતાં નાના અને મધ્યમ પરિવારોની આર્થિક પરિસ્થિતિ સુધરવા પામી છે. વલસાડ જિલ્લામાં પારડી તાલુકાના એક મધ્યમ પરિવારના દંપતિ બ્યુટી પાર્લર દ્વારા પરિવારનું ગુજરાન ચલાવે છે. ભાવનાબેનના 'ભાવના બ્યુટી પાર્લર'ના આ વ્યવસાયમાં તેમના પતિ યોગેશભાઇ ટેલર પણ સહયોગ આપી રહયા છે. તેમણે કોરોનાનું સંક્રમણ ન ફેલાય અને ગ્રાહકોની સલામતી જળવાય તે હેતુસર પીપીઈ કીટ પહેરીને કામગીરીનો આરંભ કર્યો છે.

આ ઉપરાંત તેઓ પાર્લરની સાધન સામગ્રીમાં ડિસ્પોઝેબલ વસ્તુઓનો ઉપયોગ કરી રહયા છે. જેથી એક વ્યકિત માટે ઉપયોગમાં આવેલી સામગ્રી અન્ય માટે ઉપયોગ ન કરવી પડે. આ સિવાય બ્યુટી પાર્લરમાં દરેક કામ માટે અલગ-અલગ સેકશન હોવાથી સોશિયલ ડિસ્ટન્સ સરળતાથી જાળવી શકાય છે. અહીં દંપતિ સિવાય તેઓના સ્ટાફમાં ચાર બહેનો છે. જેમાંથી બે-બે સ્ટાફ બહેનોને અવાર-નવાર બોલાવવામાં આવે છે, જેથી સ્ટાફના કારણે પણ ભીડ ન થાય. પોતાના ક્લાઈન્ટ સાથે વર્ષોથી સારા સંબધો જાળવવાના પગલે ફોન ઉપર અપોઈન્ટમેન્ટ બુક કરી ચોક્કસ સમયે જ પાર્લરમાં આવવાની ફરજ પડતા ગ્રાહકોએ પણ આ બાબતને આવકારી છે. આખા દિવસમાં ફકત ચાર થી પાંચ જ ગ્રાહકોને અપોઈન્ટમેન્ટ આપવામાં આવે છે. જયારે કોઈ ગ્રાહક આવે છે ત્યારે સૌ પ્રથમ રીશેપ્શન એરિયામાં સેનેટાઈઝરથી પોતાને સ્વચ્છ રહેવા જણાવવામાં આવે છે. ત્યાર બાદ તેઓના કામ અનુસાર જે-તે સેકશનમાં લઈ હાથ પગ સ્વચ્છ કરવામાં આવે છે. ત્યાર બાદ સ્ટાફ પોતે સેનેટાઈઝ થઈ અને માસ્ક પહેરી કામગીરી શરૂ કરવામાં આવે છે. ગ્રાહકનું કામ પુરુ થયા બાદ જતી વખતે પણ તેઓને સેનેટાઈઝ કરીને જ બહાર મોકલવામાં આવે છે. ગ્રાહક માટે ઉપયોગમાં આવેલી સામગ્રીનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવે છે. આ ઉપરાંત જે સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે તેને પણ સેનેટાઈઝ કરવામાં આવે છે સ્ટાફ પોતે સ્વચ્છ થયા બાદ જ નવા ગ્રાહકને આવવા દેવામાં આવે છે. ગ્રાહકોને પેમેન્ટ માટે પણ ડીજીટલ પ્લેટફોર્મનો જ ઉપયોગ કરવા વિનંતી કરી ડીજીટલ ગુજરાત અભિયાનમાં પણ સહયોગ આપી રહયા છે.

ભાવનાબેન જણાવે છે કે, કોરોનાના નિયમોનું પાલન કરી તેના સંક્રમણને અટકાવવાની સાથે આત્મનિર્ભર પણ બની શકાય છે. 'સોશિયલ ડિસ્ટન્સ જાળવવાથી કલાઈન્ટની સંખ્યા ઘટે છે, પરંતુ કોરોના સામે જીવના જોખમથી બચવા આ જરુરી છે. તેથી કલાઈન્ટ ઓછા આવશે તો તેઓ કોઈ અફસોસ નથી. અમારા ગ્રાહકો અમારો પરિવાર છે તેથી અમે પોતાના માટે જેટલી સાવચેતી રાખીએ એટલી જ સાવચેતી ગ્રાહક માટે પણ લઈએ છીએ.' કોરોના પહેલાંનો અને પછીનો સમય અલગ છે. રાજ્ય સરકારે રોજગાર વ્યવસાય શરૂ કરવાની છૂટ આપી છે, ત્યારે મેં મારા વ્યવસાયના સ્થળે કામ કરતા કર્મચારીઓ અને ગ્રાહકોનું આરોગ્યને કોઈ હાનિ ન પહોંચે તે માટે પૂરતી તકેદારી રાખી રહયા છે.

વલસાડ જિલ્લાઓમાં અનેક નાના મોટા ઉદ્યોગો તથા જાહરે જનતાને અનલોક દરમિયાન વાઈરસના સંક્રમણથી બચવા સાવચેતીના પગલાના નિયમોના ભંગ બદલ દંડ કરવામાં આવ્યા છે. ત્યારે આ દંપતિ પોતાની રોજગારી મેળવવા ઉપરાંત નિયમનો પાલનમાં કેવી સાવચેતી રાખે છે તે દરેક નાના-મોટા ઉદ્યોગકારો માટે ઉદાહરણ રૂપ છે. દેશ ભલે અનલોકની સ્થિતિમાં હોય પરંતુ કોરોના વાઈરસથી મુક્ત થયો નથી, આ બાબત ધ્યાને રાખી કામ કરવું જરૂરી છે.

આછવણી પ્રગટેશ્વરધામના શિવભક્ત ધર્માચાર્ય પૂ. પરભુદાદાના ૮૧મા જન્મદિવસની ઉજવણી

સોશિયલ ડીસ્ટન્સના પાલન સાથે શિવપરિવાર અને બ્રાહ્મણોની ઉપસ્થિતિમાં સાદગીપૂર્ણ ઉજવણી કરાઇ

વલસાડ

નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના આછવણી પ્રગટેશ્વરધામના શિવભક્ત પરમપૂજય ધર્માચાર્ય શ્રી પરભુદાદાના ૮૧મા જન્મદિવસના પાવન અવસરને ધર્મચિંતન મહોત્સવ તરીકે ઉજવણી કરવામાં આવી હતી. શિવપરિવાર દ્વારા કોરોના વાઈરસની પરિસ્થિતિને ધ્યાને રાખી સોશિયલ ડિસ્ટન્સના પાલન સાથે આ ઉજવણી ખૂબ જ સાદગીપૂર્વક કરવામાં આવી હતી. આ અવસરે પરભુદાદા, તેમના પરિવારજનો પ્રગટેશ્વર મહાદેવનો અભિષેક કરવામાં આવ્યો હતો.



વિશ્વપ્રસિદ્ધ કથાકાર પ્રફુલભાઈ શુક્લએ જણાવ્યું હતું કે, બ્રહ્માજીએ જયારે સૃષ્ટિનું નિર્માણ કર્યું ત્યારે ભગવાન શિવના આદેશ હતો કે, પૃથ્વી ઉપર એક એવું વ્યક્તિત્વ બનાવો, કે જેને મારે પણ યાદ કરવું પડે, તેવું વ્યક્તિત્વ આ પરભુદાદા છે. લોકડાઉનના સમયમાં બ્રાહ્મણો અને ગરીબોને ગુપ્ત રીતે અન્ન દાન આપનારા પરભુદાદાએ સાચાઅર્થમાં ધર્માચાર્યનું પદ સાર્થક કરી બતાવ્યું છે. તેમણે તેમના અનુભવનું વર્ણન કરતાં જણાવ્યું હતું કે, યુગાન્ડામાં મારી કથા દરમિયાન ભારતમાં લોકડાઉન થવાનું છે, તેવા સમાચાર મળતાં મને મારા દેશમાં જવાશે કે કેમ તેની ચિંતા હતી, ત્યારે મેં પ્રગટેશ્વરદાદાને યાદ કર્યા અને તે જ દિવસે મને ત્યાંથી ભારત આવવાનો મોકો મળ્યો, અને હું જે પ્લેનમાં આવ્યો હતો એ લોકડાઉન પહેલાંનું છેલ્લું પ્લેન હતું. ભક્તના રૂપમાં ભગવાનસ્વરૂપે આપણને પરભુદાદા મળ્યા છે, જો તેઓ આપણી સાથે હોય તો બીજી કોઈ ચિંતા કરવાની જરૂર નથી. તેમણે કોરોનાથી ગભરાવાની જરૂર નથી, પરંતુ થોડી સાવચેતી રાખવાની જરૂર હોવાનું વધુમાં જણાવ્યું હતું.

ધર્માચાર્ય પ.પૂ. પરભુદાદાએ તેમના જન્મદિને શુભેચ્છા આપનારાઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, બ્રાહમણો પણ ભગવાનનું જ રૂપ છે, તેમના દર્શનથી આપણું જીવન ધન્ય બનશે. હું કંઈ કરતો નથી, પણ ભગવાન શિવની કૃપાથી જ અહીં બધું શક્ય બને છે. સ્વયં થાય તે જ સત્ય છે તેમ સૌના સહકારથી જ અહીં બધાના કાર્યો પાર પડે છે. ભગવાન શિવ સૌનું કલ્યાણ કરી એવી પ્રભુ પ્રાર્થના સાથે તેમણે સૌને સુખી જીવનના આશીર્વાદ પાઠવ્યા હતા.

કથાકાર મેહુલભાઈ જાનીએ જણાવ્યું હતું કે, ભગવાન શિવની દષ્ટિ જેમના ઉપર છે, જેમનું જીવન પૂર્ણાંક છે, તેવા પરભુદાદાએ બ્રાહ્મણો પ્રત્યે લાગણી રાખી મુશ્કેલીના સમયમાં પ્રેમરૂપી દક્ષિણા આપી છે, જે બદલ સમસ્ત બ્રહ્મ સમાજ તેના ઋણી રહેશે. વર્તમાન સમયમાં વિવેકપૂર્ણ વાણી જરૂરી છે, જે પ્રગટેશ્વરધામમાં હંમેશા જોવા મળે છે.

કથાકાર ભાસ્કરભાઈએ ૮૧મા જન્મદિવસની શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, ધર્માચાર્ય પરભુદાદાએ દરેક દિશામાં ઓમ નમઃ શિવાયનો નાદ ગુંજતો કર્યો છે.

પ્રગટ પ્રગટેશ્વરધામના પ્રમુખ બીપીનભાઈ પરમારે સ્વાગત પ્રવચનમાં સૌને આવકારતાં જણાવ્યું હતું કે, બીજાના સુખમાં જ પોતાનું સુખ છે, એવી સદભાવના સાથે એક પિતા સબ પરિવારના સૂત્ર સાથે નિઃસ્વાર્થ સેવા કરનાર ધર્માચાર્ય પરભુદાદા ખરેખર ધર્મની જ્યોત પ્રગટાવી રહયા છે.

મહારાજ ઋષિકેશબાપુએ જણાવ્યું હતું કે, દરેક માનવનો જન્મ ધર્મનું ચિંતન કરવા માટે થયો છે. ધર્મને કોઈના સહારાની જરૂર નથી તેમ જણાવતાં સતત જે વ્યક્તિ ધર્મનો વિચાર કરી રહયા છે, તે આ પૂજ્ય પરભુદાદા હોવાનું જણાવ્યું હતું. ધર્મ સિવાય કોઈ કાર્ય નથી તેવા ધર્મચિંતકો આ દુનિયામાં છે, ત્યાં સુધી કોઈએ ચિંતા કરવાની જરૂર નથી.

પ્રગટ પ્રગટેશ્વર મહાદેવ મંદિરના ગોર મહારાજ અનિલભાઈએ જણાવ્યું હતું કે, ધર્મના પ્રચાર માટે સતત કાર્યરત એવા પરભુદાદાને બ્રાહ્મણો પ્રત્યે વિશેષ લાગણી છે, જેનો અમે પ્રત્યક્ષ અનુભવ કર્યો છે.

ઝીકુભાઈએ જન્મદિવસની શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, ધર્માચાર્ય પૂ.પરભુદાદાનું જીવન ધુપસળી જેવું છે, તેઓ પોતે કષ્ટ વેઠીને બીજાને સુખ અને શાંતિનો અનુભવ કરાવી રહયા છે. મંદિરના પૂર્વ પ્રમુખ મયંકભાઇ બ્રહ્મભટ્ટે પ.પૂ. પરભુદાદાના જન્મદિવસ અવસરે જણાવ્યું હતું કે, તેમણે જીવનમાં શરૂઆતથી જ શિક્ષણની સાથે ર્મની જાગૃતિ માટે અનેક કાર્યો કર્યા છે. સમાજમાંથી દૂષણો દૂર કરવા માટે અનેક પ્રયાસો કર્યા છે. જાહેર હિત માટે પોતાનું જીવન સમર્પિત કરનારા પૂ.પરભુદાદાએ અનેક સ્થળોએ યજ્ઞો કરી ધર્મના પાયાના સિદ્ધાંતનો પરિચય સૌને કરાવ્યો છે.

ધર્માચાર્ય પરભુદાદાના પુત્રી સીતાબેન પટેલે પોતાનું સારું પુણ્ય હોય તે માતા-પિતાના ચરણોમાં વંદન કરીને દાન કરવાની ભાવના સાથે જણાવ્યું હતું કે, જગતના પિતા જેના માટે દોડી આવે છે એવી વિશ્વની પવિત્ર આત્મા અને ત્રણેય લોકમાં પોતાની ઓળખાણ બનાવી છે, જેને સંત મહાત્મા પરબ્રહ્મનો અંશ કહે છે, ભૂદેવોએ બજરંગદાસ કહયા છે, કળિયુગમાં ધર્મની સાચવણી કરી રહયા છે, શિષ્યો ઉપર મમતા વરસાવનારા, બ્રહ્માંડમા માલિક પણ જેને નમન કરે છે અને જેમનામાં મારી બધી ખુશીઓ સમાઈ છે તેઓ મારા પિતા છે, જે મારા માટે ખૂબ જ ગૌરવની બાબત છે.

પ્રગટેશ્વર ધામના મંત્રી ગોપાળભાઇ પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરતાં જણાવ્યું હતું કે, ૨૦૧૫માં સાગરાનંદ સ્વામીજીના હસ્તે તામ્રપત્ર એનાયત કરી ધર્માચાર્યનું બિરુદ આપ્યું છે.

ભરૂચમાં પોલીસ પર હૂમલો કરનાર આરોપી જામીન પર છૂટેતા ગામમાં કરાયું ભવ્ય સ્વાગત

ભરૂચ

કાયદો અને વ્યવસ્થાનો કોઈને ડર કેમ નથી? આવા પ્રશ્નો સામાન્ય રીતે ઉઠે. કારણ કે, તાજેતરમાં જ ભરૂચનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં પોલીસ પર હૂમલો કરનારનું છુટ્યા બાદ ધામધૂમથી સ્વાગત કરવામાં આવ્યુ છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સાવ ખાડે ગઈ છે. આ અમે નથી કહી રહ્યા પરંતુ તાજેતરમાંજ ભરૂચમાં એક વીડિયો વાયરલ થયો છે જેમાં એક આરોપીનું જામીન પર છુટતા ધામધૂમથી સ્વાગત કરવામાં આવી રહ્યુ છે.

આ આરોપીનું નામ મોહસીન ડિપોટી છે. તેને જેલમાં પોલીસ પર હૂમલાના કેસમાં કેદ કરાયો હતો. પાસા અંતર્ગત તેની ધરપકડ કરવામાં આવી હતી. શેરપુરા ગામનો આ આરોપી હાલ જામીન પર છુટ્યો છે ત્યારે ગામમાં તેનું કાયદેસર કોઈ મોટુ કામ કરીને આવ્યો હોય તેમ સ્વાગત કરવામાં આવ્યું હતુ. પોલીસને માર મારનાર આરોપી ઉપર શેરપુરામાં ફૂલ વરસાવવામાં આવ્યા હતા. ફટાકડા ફોડીને આરોપીનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. એટલું જ નહીં આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યો હતો.

સુરતનો રત્ન કલાકાર શહેરની યુવતીનું FB એકાઉન્ટ હેક કરી બીભત્સ વાતો કરતો, સાઈબર ક્રાઈમે ધરપકડ કરી

અમદાવાદ

શહેરના નવરંગપુરા વિસ્તારમાં રહેતી એક યુવતીનું ફેસબુક આઈડી પાસવર્ડ હેક કરી અન્ય લોકો સાથે બીભત્સ વાતો કરનાર શખ્સની સાઈબર ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. આરોપી સુરતનો રહીશ છે અને હીરા ઘસવાનું કામ કરે છે.

નવરંગપુરામાં રહેતી એક યુવતીએ ફેસબુક એકાઉન્ટ બનાવ્યું હતું. જોકે તેનો ઉપયોગ ઓછો કરતા પાસવર્ડ ભૂલી ગઈ હતી. બાદમાં તેણે નવું એકાઉન્ટ બનાવ્યું હતું. થોડા સમય પહેલા જૂના એકાઉન્ટ પરથી તેના અન્ય મિત્રને મેસેન્જરમાં બીભત્સ વાત કરતો હોવાનું બહાર આવતા સાઈબર ક્રાઈમ બ્રાન્ચમાં યુવતીએ અરજી આપી હતી. જેના આધારે પોલીસે તપાસ કરી આરોપી પ્રણવ સરવૈયા (રહે. સુરત)ની ધરપકડ કરી હતી.

દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કપરાડામાં ૨, ઉમરપાડામાં ૧.૫ ઈંચ વરસાદ, ૧ મોત

સુરત અને તાપી જિલ્લામાં ભારે ઉકળાટ બાદ વરસ્યો વરસાદ

સુરત જિલ્લામાં ભારે ઉકળાટ બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. જયારે તાપી જિલ્લામાં પણ મેઘરાજાની ધડબડાટી બોલાઈ હતી.જેમાં તાપી જિલ્લાના વાલોડ પંથકમાં મેઘરાજાનું આગમન થયું. તાપીના શાહપોર. નનસાડ અને ખંભાલા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ વરસ્યો. વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી.

સુરત જિલ્લામાં ભારે ઉકળાટ બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ત્યારબાદ વરસાદ પડ્યો।..જિલ્લાના કિમ વિસ્તારમાં વરસાદ વરસ્યો.વહેલી સવારથી અસહ્ય ગરમી વચ્ચે ધોધમાર વરસાદ ખાબક્યો. કિમના વિવિધ વિસ્તારોમાં વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી.

સુરત

દક્ષિણ ગુજરાતમાં ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ વરસાદ વલસાડ જિલ્લાના કપરાડામાં નોંધાયો છે. સુરત જિલ્લાના ઉમરપાડામાં પણ ૧.૫ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. જયારે તાપી જિલ્લાના નવું નેવાળા ગામની સીમમાં વીજળી પડતા પશુપાલકે જીવ ગુમાવ્યો છે.

નિસર્ગ વાવાઝોડાની અસર બાદથી દક્ષિણ ગુજરાતમાં વરસાદી વાતાવરણ સર્જાયું છે. જેમાં છેલ્લા કેટલાક દિવસથી દક્ષિણ ગુજરાતમાં હળવો વરસાદ પડી રહ્યો છે. ત્યારે આગામી બે દિવસ દક્ષિણ ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. મોન્સૂનને લઈ હવામાન વિભાગે એડવાઈઝરી જાહેર કરી હતી. જેમાં દેશના મોટાભાગના હિસ્સાઓમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ પડવાની આગાહી વ્યકત કરી હતી. નિસર્ગ વાવાઝોડા પછી સુરતમાં વરસાદી માહોલ જામ્યો હતો. પ્રિ-મોન્સૂન એકટીવિટીમાં જ ૪ ઈંચ જેટલો વરસાદ પડી ગયો છે.

મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાંથી ગુજરાતના તાપી જિલ્લામા ઘેટા બકરાને ચરાવા માટે આવ્યા હતા, જેઓ ઘેટા બકરા અને પરિવાર સાથે નવું નેવાડા ગામની સિમમા ખુલ્લા ખેતરોમાં પડાવ નાખી રહેતા હતા. ગત રોજ સાંજે ૭:૩૦ કલાકે આચાનક વાતાવરણમા પલટો થતા ગાજવીજ સાથે વરસાદ અને પવન ફુકયો હતો, જેમાં નવું નેવાડા ગામથી પડાવ પાસે જતા તે સમયે આકાશ વીજળી પડતા રામાભાઈ કાળુભાઈ થેલારીનું ઘટના સ્થળે મૃત્યુ થયું હતું.



ભરૂચ પોલીસ ઉપર હુમલાના કેસમાં આરોપી પાસામાંથી પરત ફરતા સરઘસ કાઢવાનો મામલો જોવા મળતા ભરૂચ એ ડિવિઝન પોલીસે પાસામાંથી પરત ફરેલ શેરપુરા ગામમાં આરોપી ઈનાયત પટેલ ઉર્ફે ડિપોતી સહિત ૯ ની સામે ગુનો નોંધી ધરપકડ કરી. સરઘસ કાઢી પડકારજનક સ્થિતિનું નિર્માણ કર્યું હતું.

વડોદરાના હાઈવે પર ચાલુ ગાડીમાં જુગાર રમતા ૯ નબીરાઓ ઝડપાયા

વડોદરા

વડોદરા પોલીસે બાતમીના આધારે વડોદરા નજીકના હાઈવે પર ચાલુ ગાડીમાં જુગાર રમતા નબીરાઓને ઝડપી પાડ્યા છે. હાલોલ-વડોદરા રોડ પર ચાલુ સ્કોર્પિયો ગાડીમાં જુગાર રમતા વડોદરાની ૯ વ્યક્તિની પોલીસે ધરપકડ કરી છે.

આ અંગે મળતી વિગતો મુજબ, હાલોલથી વડોદરા તરફ આવતી એક સ્કોર્પિયો ગાડીમાં કેટલીક વ્યક્તિઓ જુગાર રમે છે તેવી બાતમીના આધારે તાલુકા પોલીસે આમલીયારા ગામની સીમમાં વોચ ગોઠવી હતી. સાંજના સુમારે બાતમી મુજબની ગાડી આવતા તેને રોકી પોલીસે ગાડીમાં તપાસ કરતા અંદર બેસેલી ૯ વ્યક્તિઓ જુગાર રમતી જણાઇ હતી. સ્કોર્પિયોની વચ્ચેની સીટ પરથી પત્તા તેમજ રોકડ રકમ વેરણ-છેરણ મળી હતી. પોલીસે ગાડીમાં દાવ પરની રકમ રૂ. ૨૩૪૦ રોકડા તેમજ નવ વ્યક્તિની અંગજડતીમાંથી રૂ.૧૭,૧૫૫ રોકડ મળ્યા હતાં. પોલીસે રોકડ રકમ તેમજ સ્કોર્પીયો મળી કુલ રૂ. ૨.૧૯ લાખનો મુદ્દામાલ કબજે કરી ઝડપાયેલા નવ જુગારીઓની પૂછપરછ કરતા તેઓ જરોદ પાસે બેરિંગ બનાવતી એ.વી. રોલમેન્ટ ઈન્ટરનેશનલ કંપનીમાં ફરજ બજાવતા હોવાનું જણાવ્યું હતું અને કંપનીમાંથી છુટીને વડોદરા પરત ફરતી વખતે જુગાર રમતા હોવાની કેફિયત તેઓએ રજૂ કરી હતી. પોલીસે તમામ સામે જુગારધારા મુજબ ગુનો દાખલ કર્યો હતો.

ઉમલ્લા પો.સ્ટે.ના ઓરસંજાલી ગામેથી

કુખ્યાત બુટલેગર સંજય વસાવાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



ભરુચ

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓ તરફથી જીલ્લા માં દારૂ/જુગાર ની ગે.કા. ની પ્રવૃતિ અટકાવવા જીલ્લાના લીસ્ટેડ બુટલેગરો ઉપર વોચ રાખી દારૂ નું વેચાણ તથા હેર ફેર અટકાવવા આપેલ સુચના આધારે ભરૂચ ભરૂચ એલ.સી.બી ના પો.સ.ઈ પી.એસ.બરંડા તથા પો.સ.ઈ વાય.જી.ગઢવી તથા ટીમના પોલીસ માણસોએ કાર્યવાહી હાથ ધરેલ છે દરમ્યાન આજરોજ ઉમલ્લા પો.સ્ટે. વિસ્તારના ઓરસંજાલી ગામે રહેતા કુખ્યાત બુટલેગર સંજય સોમાભાઈ વસાવા નો સ્થળ ઉપરથી મળી આવેલ ન હોય વોન્ટેડ જાહેર કરી ઉમલ્લા પો.સ્ટે. માં કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.

સોમાભાઈ વસાવા નાએ ગે.કા રીતે દારૂનો જથ્થો મંગાવેલ હોવાની મળેલ બાતમી હકીકત આધારે એલ.સી.બી ની ટીમે ઓરસંજાલી ગામે રેડ કરી બુટલેગર સંજય સોમાભાઈ વસાવા ની નંબર વગરની બોલેરો ગાડીમાં ભરી સંતાડી રાખેલ ભારતીય બનાવટ ના વિદેશી દારૂ તથા બીયર ની કુલ બોટલો નંગ-૨૧૬૦ કી.રૂ.૦૨,૪૪,૮૦૦/- તથા બોલેરો ગાડી સહીત કુલ કી.રૂ.૦૪,૪૪,૮૦૦/- નો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવેલ છે અને બુટલેગર સંજય સોમાભાઈ વસાવા નો સ્થળ ઉપરથી મળી આવેલ ન હોય વોન્ટેડ જાહેર કરી ઉમલ્લા પો.સ્ટે. માં કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.

ભુછાડ ટેકરી ખાતે જુગાર રમતા ચારને પોલીસે ઝડપી પાડ્યા:એક ફરાર



રાજપીપળા

હાલ લોકડાઉન માંથી થોડીક હળવી થયેલી નર્મદા પોલીસ દારૂ જુગાર સહિત ના ગુનાઓ માટે બાઝ નજર રાખતી હોઈ એક બાદ એક જુગાર ના અડ્ડાઓ ની બાતમી મળતા છાપો મારે છે જેમાં ગતરોજ આમલેથા પોલીસે નાંદોદ તાલુકાના ભુછાડ ટેકરી ખાતે રેડ કરતા ખેતરમા જુગાર રમતા પાંચ જુગારીયાઓ માં(૧)ધર્મેશ અરવિંદ ભાઈ વસાવા(૨) પ્રકાશ અમરસિંગ ભાઈ વસાવા (૩) રણજીત રતીલાલભાઈ વસાવા તેમજ (૪)નભુપત અરવિંદ ભાઈ વસાવા,તમામ રહે.ભુછાડ ટેકરી ને ઝડપી દાવ પરના રોકડા રૂપિયા ૨૦૦૦/- અંગ ઝડતી માથી મળેલ રોકડા રૂપિયા ૩૨૦૦/- મળી કૂલ રોકડા રૂપિયા ૫૨૦૦/- તથા મોબાઈલ નંગ-૫ કિંમત રૂપિયા ૭૫૦૦/-તથા મોટર સાયકલ નંગ-૩ કિંમત રૂપિયા ૪૫૦૦૦/-મળી કૂલ કિંમત રૂપિયા ૫૭૭૦૦/-મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે રેડ દરમિયાન વિજય સોમાભાઈ વસાવા,રહે.વાઘેથા,નાંદોદ નાશી જતા તેની શોધખોળ કરી કાયદેસર કાર્યવાહી કરી છે.

Google Prodma Beta માં નાણાકીય છેતરપીડીનો ભોગ બનનારને રૂ.૭,૯૦૦/- પરત મેળવી આપતી ભરૂચ સાયબર ક્રાઈમ સેલ



ભરુચ

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા ના માર્ગદર્શન તથા સુચના અનુસંધાને ભરૂચ જિલ્લામાં બનતા સાયબર ક્રાઈમના કેસોમાં જેમાં નાણાકીય છેતરપીડીના બનાવોમાં ભોગ બનનારને આવા લોકડાઉનના સમયગાળા દરમ્યાન તાત્કાલીક મદદરૂપ થવા જણાવેલ. જેથી અત્રેના જીલ્લાની સાયબર ક્રાઈમ સેલની ટીમ હંમેશા આવા બનાવોમાં ભોગ બનનારને તાત્કાલીક મદદરૂપ થાય છે.

અગેના જીલ્લામાં સાયબર ક્રાઈમને લગતા બનાવ જેમાં OTP આપ્યા વગર Google Prodrma Beta રકમ ઉપડી ગયેલ આ બનાવમાં સાયબર ક્રાઈમની ટીમ દ્વારા આ બનાવમાં ભોગ બનનારને મદદરૂપ થઈ તાત્કાલીક એક્શન લઈ ટેકનીકલ એનાલીસીસ ના આધારે ભોગ બનનારના સાયબર સેલ, ભરૂચની ટીમ દ્વારા કુલ રૂ.૭૯૦૦/- બેંક એકાઉન્ટમાં પરત મેળવી આપેલ છે.

હાવ સાયબર ક્રાઈમને લગતા બનાવોમાં પ્રજાને અવરનેશ માટે તેમજ હાવ બનતા ગુનાઓ થી વાકેફ કરવા તથા સાયબર ક્રાઈમથી બચવા માટે શું શું કરવું તેના માટે ભરૂચ સાયબર ક્રાઈમની ટીમ દ્વારા ફેસબુક પેજ Cyber Crime Cell, Bharuch" ઘણા સમયથી કાર્યરત છે. જે પેજને લાઈક કરી રોજબરોજ અપડેટ મેળવી માહિતી મેળવી શકો છો. સદર પેજ માત્ર અને માત્ર અવનેશ અને પ્રજાને સાયબર ક્રાઈમથી બચવા માટેની અપડેટ મુકવા માટે બનાવેલ છે જેની નોંધ લેવી.

નર્મદા જિલ્લામાં રવિવારે વધુ એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતા કોરોના નો કુલ આંક ૩૧ પર પહોંચ્યો

નર્મદા જીલ્લાના નાંદોદ તાલુકાના ગામકુવા ની મહિલાનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા જીલ્લામાં ૯ દર્દી સારવાર હેઠળ

રાજપીપળા

નર્મદા જિલ્લામા રવિવાર ના રોજ કોવિડ ૧૯ કોરોના પોઝિટિવ નો કુલ એક કેસ પ્રકાશ મા આવતા જિલ્લા મા કુલ ૩૧ કોરોના પોઝિટિવ કેસો ની સંખ્યા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.જેમાં હાલ ૮ દર્દીઓ રાજપીપળા ખાતે ની કોવિડ ૧૯ હોસ્પિટલમાં સારવાર મેળવી રહેલા જ્યારે રવિવારે નવા એક કેસો નો ઉમેરો થતા હાલ કુલ-૯ દર્દીઓ સારવાર હેઠળ છે.

આજે ૪૦ નમૂનાઓમાંથી એક કેસ વધુ પોઝિટિવ આવ્યો જેમાં દર્દી વિજયાબેન શેખર નાનકશી ઉંમર ૪૫ વર્ષ, ગામકુવા તાલુકો,નાંદોદ નો સેમ્પલ તારીખ ૧૩ જૂન ના રોજ લેવામાં આવ્યો હતો તેમનો રીપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે. તેમની ટ્રાવેલ હિસ્ટ્રી માં તે ગામકુવા માં ૧૨ જૂન ના રોજ જલગાંવ મહારાષ્ટ્ર થી કોઈ ખાનગી વાહન દ્વારા આવ્યા હતા.

દેડીયાપાડાના પારસી ટેકરાની પરણીતા એ ફાંસો ખાઈ આપઘાત કરતા અનેક શંકા



રાજપીપળા

નર્મદા જિલ્લા ના દેડીયાપાડા તાલુકા ની પારસી ટેકરી ખાતે રહેતા હિતેશ ભાઈ અંબાલાલ વસાવા ની પત્ની હર્ષાબેન વસાવા(૨૩)એ કોઈક કારણોસર ઘર મા ઓઢણી વડે ઘરમાં જ ફાંસો ખાઈ આપઘાત કરી લેતા આપઘાત બાબતે અનેક શંકા સેવાઈ રહી છે જોકે ક્યાં કારણોસર પરણીતા એ આપઘાત કર્યો એ રહસ્ય હજુ અકબંધ હોય પોલીસ તપાસ કરી રહી છે.

ઉમલ્લા ગામે ધમાકેદાર વરસાદની એન્ટ્રી : વાવાઝોડા સાથે ઠંડો પવન ફૂંકાયો



સમી સાંજે વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું ધમાકે દાર વરસાદ નું આગમન થી ખેડૂતોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.વરસાદના આગમન થી બાળકો ઉત્સાહની સાથે ન્હાવાની ભરપૂર મોજ માણી હતી.વરસાદ સાથેનો પ્રેમ નાનાભૂલકાઓનો એક અનેરો સબંધ હોય છે.નગરમાં મેઘાની પધરામણી થતા નગરવાસીઓમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું.વાવાઝોડા સાથે વરસાદ પડતાં રસ્તા પરની ધૂળની ડામરીઓ ઉડવા લાગી હતી જેમાં રાહદારીઓ, વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.વાવાઝોડા સાથે વરસાદ પડતાં ઉમલ્લા માં વીજળી પણ ડુલ થવા પામી હતી.

સુરતમાં કોરોનાથી પ્રથમ પોલીસ જવાનનું મોત, પોઝિટિવ કેસનો આંક ૨૭૬૩ પર પહોંચ્યો

સ્મીમેરના ડોક્ટર, આયુર્વેદિક મેડિકલ ઓફિસર, નર્સ અને પ્રાઈવેટ ડોક્ટર સંક્રમિત

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, શહેર જિલ્લામાં પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૨૭૬૩ થઈ ગઈ છે. આજે મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા છજીં મગનભાઈ રણછોડભાઈ બારીયાનું મોત થયું છે. સુરતમાં પોલીસ જવાનનું કોરોનાથી મોતની આ પહેલી ઘટના છે. આ સાથે કોરોનાનો કુલ મૃત્યુઆંક શતક પાર કરી ૧૦૪ થઈ ગયો છે. ગત રોજ શહેરમાં ૮૭ અને જિલ્લામાં ૬ કોરોના પોઝિટિવ દર્દીઓ કોરોનાને મ્હાત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. અત્યાર સુધીમાં શહેર જિલ્લામાં કુલ ૧૮૩૯ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે.

નવા નોંધાયેલા કેસમાં ફરી એક વખત ફ્રન્ટલાઈન વોરિયર એવા તબીબ, નર્સ સહિતના હેલ્થ કર્મચારીઓ ઝપટમાં આવ્યા છે. શનિવારે નોંધાયેલા પોઝિટિવ કેસોમાં સ્મીમેર હોસ્પિટલના ડોક્ટર, સ્મીમેર હોસ્પિટલની નર્સ, અર્બન હેલ્થ સેન્ટરના આયુર્વેદિક મેડિકલ ઓફિસર, પ્રાઈવેટ ડોક્ટર અને બેન્ક કર્મચારીઓનો સમાવેશ થયો છે. તેવી જ રીતે શનિવારે વધુ ૮ ડાયમંડ વર્કર, હીરાના કારખાનાના મેનેજર તેમજ હીરા વેપારીનો પણ સમાવેશ થયો છે. વરાછા વિસ્તારમાં રહેતા સ્મીમેર હોસ્પિટલના ડોક્ટરને પણ કોરોનાનો ચેપ લાગ્યો છે. તેવી જ રીતે વેસ્ટ ઝોન વિસ્તારમાં રહેતા અને સ્મીમેરમાં ફરજ બજાવતા નર્સ પણ સંક્રમીત થયા છે. જ્યારે લિંબાયત અર્બન હેલ્થ સેન્ટર ખાતે ફરજ બજાવી રહેલા આયુર્વેદિક મેડિકલ ઓફિસર તેમજ પિપલોદ વિસ્તારમાં ક્લિનિક ચલાવતા ખાનગી તબીબ પણ કોરોનાની ઝપટમાં આવી ગયા છે. શનિવારે આ ચારેયનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

ઉધના વિસ્તારમાં રહેતા અને સચીનની બેંકમાં નોકરી કરતા બેંક કર્મચારી પણ સંક્રમીત થયા છે. તેવી જ રીતે ડુંભાલ વિસ્તારમાં હોટેલ ચલાવતા બે હોટેલ સંચાલકને પણ કોરોનાનો ચેપ લાગ્યો છે. હોટેલ પર આવતા ગ્રાહકો દ્વારા ચેપ લાગ્યો હોવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

હીરાના વ્યવસાય સાથે સંકલાયેલા ૧૦ વ્યક્તિઓ સંક્રમતી થયા છે. શનિવારે ૧ હીરાના વેપારી, ૧ હીરાના કારખાનાના મેનેજર તેમજ ૮ રત્નકલાકારનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હીરાના કારખાનાઓ શરૂ થયા બાદ હીરાના કારખાનામાં કામ કરતા કર્મચારીઓમાં સંક્રમણનું પ્રમાણ વધી રહ્યું છે.

નર્મદા જિલ્લા અખિલ ભારતીય ગ્રાહક પંચાયતના વર્ષ ૨૦૨૦-૨૨ના પધાધિકારીઓની વરણી કરવામાં આવી



તસવીર : ભરત શાહ

રાજપીપળા

ગુજરાત પ્રાંત અંતર્ગત નર્મદા જિલ્લાના રાજપીપળા શહેર અને નાંદોદ તાલુકાના પદાધિકારીઓની વર્ષ ૨૦-૨૨ માટે ની વરણી કરવામાં આવી હતી જેમાં સંયોજક તરીકે પ્રવિણસિંહ ગોહિલ, ગોપાલપુરા તેમજ મહેશભાઈ રુખી, રાજપીપળાને આ જવાબદારી સોંપવામાં આવી છે.જ્યારે પ્રેગ્નેશભાઈ રામી, યોગેશભાઈ પટેલ, દિલીપભાઈ સોની,પ્રેમસિંહ વસાવા, સૂજલભાઈ મિસ્ત્રી ની કાર્યકારી સદસ્ય તરીકે વરણી કરાઈ હતી.

મધુકરભાઈ પાઠક પ્રાંત અધ્યક્ષ ની જવાબદારી ઉપરાંત સમગ્ર રાજપીપળા અને નર્મદા જિલ્લા ના માર્ગદર્શક તરીકે આ કારકારીણી ને સમય સમય પર દિશાદર્શન કરશે તેમ જાણવા મળ્યું છે.

આગામી ચાર દિવસ ભારે વરસાદની હવામાન વિભાગે કરી આગાહી

અમદાવાદ

રાજ્યભરમાં જેની ચાતક નજરે રાહ જોવાઈ રહી હતી.તે ચોમાસાનું રાજ્યમાં સત્તાવાર આગમન થયુ છે. ૨૦ જૂનના બદલે આજ થી રાજ્યમાં ચોમાસુ બેઠુ છે.અને હવામાન વિભાગે આગામી ચાર દિવસ ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. ત્યારે વિરમગામમાં પણ ભારે વરસાદ વરસ્યોછે. વિરમગામ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમં પણ પરોઢિયે ભારે પવન સાથે મેઘસવારી આવી પહોંચી હતી. શહેરના પરકોટા, પટેલવાડી, ગોલવાડી દરવાજા, દલવાડી દરવાજા સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ભારેઉકળાટ અને બફારા પછી પડેલા વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી. ખેડૂતોએ હાલ વાવણી કરવા જવાનું બે દિવસ માટેબંધ કરવામાંઆવ્યું.. વરસાદ સારો વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

અંક્લેશ્વર શહેર માંથી ચોરીમાં ગયેલ મો.સા. સાથે આરોપીને ઝડપી પાડી વાહનચોરીનો ભેદ ઉકેલતી ભરૂચ એલ.સી.બી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓ તરફથી મિલકત સંબંધી તેમજ વાહનચોરી ના ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સુચના આપવામાં આવેલ હોય જે અનુસંધાને ભરૂચ એલ.સી.બી ના પો.સ.ઈ પી.એસ.બરંડા તથા પો.સ.ઈ વાય.જી.ગઢવી તથા ટીમના પોલીસ માણસોએ કાર્યવાહી હાથ ધરેલ દરમ્યાન ગઈકાલ તા- ૧૩/૦૬/૨૦૨૦ ના રોજ એલ.સી.બી ના પોલીસ માણસો અંક્લેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન મળેલ બાતમી આધારે અંક્લેશ્વર રાજપીપળા ચોકડી ખાતે થી એક ઈસમ ને નંબર વગરની હોન્ડા શાઈન મો.સા સાથે ઝડપી પાડી મો.સા. ના રજી.અંગેના કાગળો માંગતા નહી હોવાનું જણાવતા જેથી કાયદેસર કાર્યવાહી કરી મો.સા. કબ્જ કરી મો.સા. સાથે મળી આવેલ ઈસમની યુક્તિ પ્રયુકિત પુર્વક પુછપરછ કરતા તેમજ મો.સા ના એજીન નંબર તથા ચેસીસ નંબર આધારે તપાસ કરતા કબ્જે કરવામા આવેલ મો.સા અંક્લેશ્વર શહેર માંથી ચોરી મા ગયેલ હોય જે બાબતે અંક્લેશ્વર શહેર પો.સ્ટે. માં ગુનો રજીસ્ટર થયેલ હોય જેથી વધુ તપાસ અર્થે પકડાયેલ ઈસમ તથા મો.સા અંક્લેશ્વર શહેર પો.સ્ટે. માં વધુ તપાસ અર્થે સોંપવામાં આવેલ છે.જેમાં પકડાયેલ આરોપી રાકેશભાઈ અર્જુન ભાઈ વસાવા રહે-ગોવાલી લીમડી ફળીયુ તા-ઝઘડીયા.

સુરત નવી સિવિલમાં કોરોનામા ગંભીર હાલતમા ૨૧૬ દર્દીઓ પૈકી ૧૮૦ ઓક્સિજન પર



સુરત

સુરતમાં કોરોના વકરી રહ્યો હોવાથી રોજ દર્દીઓની સંખ્યામાં વધારાની સાથે મૃત્યુઆંક પણ વધારો થઈ રહ્યો છે અત્યાર સુધીમાં સુરત શહેરમાં કોરોના ૧૦૧ વ્યક્તિઓના ભરખી ગયો છે જ્યારે રોજ ગંભીર હાલતના દર્દીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે.

સુરત નવી સિવિલ અને કોવિડ હોસ્પિટલમાં વોર્ડમાં આજે ૪૧૨ કોરોના પોઝિટિવ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. તે પૈકી ૨૧૬- દર્દીઓની હાલત ગંભીર છે જેમાં ૧૩- વેન્ટિલેટર, ૨૩- બાઈપેપ અને ૧૮૦ દર્દીઓ ઓક્સિજન પર હોવાથી ડોક્ટરો અને નર્સીંગ સ્ટાફ સહિતની ટીમ રાતદિવસ ખડે પગે દર્દીઓની સારવાર આપી રહ્યા છે.